# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

સાગટાળા ( પંચમહાલ જિલ્લો )

: અહેવાલ લેખન :

ભીખાભાઈ પટેલ

: સંપાદન :

ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૧૯૮૨

90

# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

સાગટાળા ( પંચમહાલ જિલ્લો )

**સંપાદન**

દા. ભા. નાયક

**અહેવાલ લેખન**

ભીખાભાઈ પટેલ

**ક્ષેત્ર સંશોધન**

રાસબિહારી લાલ
કનુભાઈ નાયક
મુસ્તાઅલી મસવી
ગૌરીશ પંડ્યા
ભીખાભાઈ પટેલ

**કોષ્ટકીકરણ**

ગૌરીશ પંડ્યા
હરગોવિંદભાઈ પટેલ
ભીખાભાઈ પટેલ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪
૧૯૮૨

90

પ્રકાશક
રામલાલ ડાહ્યાભાઇ પરીખ
વ્યવસ્થાપક ટ્રસ્ટી,
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ-૩૮૦૦૧૪.

૧૯૮૨

અનુક્રમણિકા

| | | પાન નં. |
|---|---|---|
| પ્રકરણ - ૧ | પ્રાસ્તાવિક, તપાસ પદ્ધતિ, ઐતિહાસિક માહિતી. | ૧ થી ૭ |
| પ્રકરણ - ૨ | વિસ્તાર પરિચય : ભૌતિક જીવન | ૮ થી ૩૪ |
| પ્રકરણ - ૩ | સાગટાળા - ૧૯૬૯ | ૩૫ થી ૬૪ |
| પ્રકરણ - ૪ | સામાજિક સંરચના | ૬૫ થી ૯૧ |
| પ્રકરણ - ૫ | ધાર્મિક જીવન | ૯૨ થી ૧૦૩ |
| પ્રકરણ - ૬ | સાગટાળા - ૧૯૬૯ - ૧૯૭૯ તુલનાત્મક સ્થિતિ. | ૧૦૪ થી ૧૨૮ |

# કોઠાની અનુક્રમણિકા


| અનુ. નંબર | કોઠા નંબર | શીર્ષક | પાન નં. |
|---|---|---|---|
| પ્રકરણ - ૩ | | | |
| ૦૧. | ૦૧ | મકાનના ખડો દર્શાવતો કોઠો | ૩૬ |
| ૦૨. | ૦૨ | મકાનનું ક્ષેત્રફળ દર્શાવતો કોઠો | ૩૭ |
| ૦૩. | ૦૩ | સભ્ય સંખ્યા દર્શાવતો કોઠો. | ૩૭ |
| ૦૪. | ૦૪ | સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ. | ૩૯ |
| ૦૫. | ૦૫ | કેટલી પેઢીથી વસવાટ કરે છે. તેની માહિતી. | ૪૦ |
| ૦૬. | ૦૬ | કુટુંબોનો પ્રકાર | ૪૧ |
| ૦૭. | ૦૭ | વયજૂથ પ્રમાણે વર્ગીકરણ | ૪૨ |
| ૦૮. | ૦૮ | વૈવાહિક દરજ્જો | ૪૩ |
| ૦૯. | ૦૯ | લગ્ન સમયની ઉંમર દર્શાવતો કોઠો | ૪૪ |
| ૧૦. | ૧૦ | કુટુંબના વડાનું શિક્ષણ | ૪૪ |
| ૧૧. | ૧૧ | ઘરવખરીના સાધનોની સંખ્યા | ૪૬ |
| ૧૨. | ૧૨ | પશુધનની માહિતી | ૪૮ |
| ૧૩. | ૧૩ | ખેતીના સાધનોની વિગત | ૪૯ |
| ૧૪. | ૧૪ | જમીનનું પ્રમાણ દર્શાવતો કોઠો | ૫૦ |
| ૧૫. | ૧૫ | કુલ ઉત્પાદન અને ખર્ચનું પ્રમાણ દર્શાવતો કોઠો | ૫૪ |
| ૧૬. | ૧૬ | કમાનાર અને નહિ કમાનારની માહિતી | ૫૬ |
| ૧૭. | ૧૭ | જુદા જુદા ધંધામાંથી પ્રાપ્ત થતી આવક | ૫૮ |
| ૧૮. | ૧૮ | વપરાશી ખર્ચ | ૬૧ |
| ૧૯. | ૧૯ | દેવું - હેતુવાર દેવું | ૬૨ |
| ૨૦. | ૨૦ | અસ્કયામતનું પ્રમાણ | ૬૩ |

| અનુ. નંબર | કોઠા નંબર | શીર્ષક | પાન નં. |
|---|---|---|---|
| **પ્રકરણ - ૬** | | | |
| ૨૧. | ૦૧ | કુટુંબ સંખ્યા | ૧૦૫ |
| ૨૨. | ૦૨ | કુટુંબનો પ્રકાર | ૧૦૬ |
| ૨૩. | ૦૩ | વયજૂથ પ્રમાણે વર્ગીકરણ | ૧૦૭ |
| ૨૪. | ૦૪ | વૈવાહિક દરજ્જો | ૧૦૮ |
| ૨૫. | ૦૫ | કુટુંબમાં શિક્ષણ | ૧૦૯ |
| ૨૬. | ૦૬ | મકાન અને ઝાડની સંખ્યા દર્શાવતો કોઠો | ૧૦૯ |
| ૨૭. | ૦૭ | મકાનનો પ્રકાર | ૧૧૧ |
| ૨૮. | ૦૮ | ઘરવખરીના સાધનોની સંખ્યા | ૧૧૩ |
| ૨૯. | ૦૯ | પશુધન | ૧૧૪ |
| ૩૦. | ૧૦ | ખેતીના સાધનોની સંખ્યા દર્શાવતો કોઠો | ૧૧૫ |
| ૩૧. | ૧૧ | કમાનાર સભ્યોની સંખ્યા | ૧૧૬ |
| ૩૨. | ૧૨ | જમીનનું પ્રમાણ | ૧૧૮ |
| ૩૩. | ૧૩ | કુલ ઉત્પાદન (કિલોમાં) ઉત્પાદન ખર્ચ | ૧૧૯ |
| ૩૪. | ૧૪ | કુલ આવક | ૧૨૧ |
| ૩૫. | ૧૫ | વપરાશી ખર્ચ | ૧૨૩ |
| ૩૬. | ૧૬ | દેવાની માહિતી | ૧૨૫ |
| ૩૭. | ૧૭ | અસ્કયામત | ૧૨૭ |
| ૩૮. | પરિશિષ્ટ | તુલનાત્મક સ્થિતિ ૧૯૬૯-૧૯૭૯ | ૧૨૮ |


++++++++++
++++++++
++++++
++++
++
+

# પ્રકરણ :: ૧

## પ્રાસ્તાવિક, તપાસ પદ્ધતિ, ઐતિહાસિક માહિતી

### પ્રાસ્તાવિક :

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ૧૯૬૯-૭૦માં ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓ ઉપર જુદા જુદા અભ્યાસગ્રંથો રચવાનું કામ હાથ ધરતામાં આવ્યું હતું. આમ જુદી જુદી જાતિઓની તપાસ માટે ગુજરાતના આદિવાસી વસ્તીવાળા આઠ જિલ્લાઓમાંથી જુદી જુદી આદિવાસી જાતિઓવાળા ગામ પસંદ કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં સૌથી વધુ વસતિ ધરાવતા નાયકા - નાયકડા જાતિના અભ્યાસ માટે પંચમહાલ જિલ્લાના બારિયા તાલુકાનું સાગટાળા ગામ પસંદ કરવામાં આવ્યું હતું અને ક્ષેત્રકાર્યની કામગીરી પૂર્ણ કરી હતી.

નાયક - નાયકડા જાતિના આ ગામના દાયકા પહેલા થયેલા ક્ષેત્રકાર્ય અને સર્વેક્ષણ થયા પછી તેના વિષે કંઇ થયું ન હતું. આથી આ અભ્યાસ-ગ્રંથને એ જ સ્વરૂપે પ્રગટ કરતા ફરીથી જુદી જુદી આદિવાસી કોમોનું પુન: મોજણીનું કામ કેન્દ્રે હાથ ધર્યું. મને બારિયા તાલુકાના "સાગટાળા" ગામની પુન: તપાસના કામની જવાબદારી સોંપવામાં આવી હતી.

## તપાસનો ઉદ્દેશ :

દાયકા પહેલા નાયકા જાતિના કુટુંબો જે પસંદ કરવામા આવ્યા હતા, તેના તે જ કુટુંબોને તપાસવાનો ઉદ્દેશ રાખવામા આવ્યો હતો. પરંતુ આ તપાસનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે દશ વર્ષના સમયગાળામા નમૂનાના કુટુંબોમા આર્થિક, સામાજિક અને ભૌતિક તેમજ અન્ય પાસાઓમા અને પરિસ્થિતિમા શો ફેરફાર થયો હતો તે જોવાનો અને જાણવાનો હતો. બીજુ કે આજથી દશ વર્ષ પહેલાની તેમની આર્થિક સ્થિતિ કેવી હતી આજે કેવી છે. આર્થિક રીતે આગળ વધ્યા છે કે કેમ તે પણ જોવાનો ખ્યાલ રખાયો હતો.

## તપાસ પધ્ધતિ :

પુનઃ તપાસ અને દાયકા પહેલાની તપાસ સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા હાથ ધરવામા આવી હતી. સાથે સાથે માનવશાસ્ત્રીય સંશોધન પધ્ધતિ, મુલાકાત પધ્ધતિ, વ્યકિતક તેમજ નિરીક્ષણ પધ્ધતિ દ્વારા માહિતી એકત્રિત કરવામા આવી હતી. આ તપાસમા માત્ર સંખ્યાધિક પાસાને એકલુ જ નહીં પણ ગુણાત્મક પાસાઓને પણ એક સરખુ જ મહત્વ આપવામા આવ્યુ છે. આ તપાસ વખતે પણ પ્રથમ સર્વેક્ષણની જેમ એક પ્રશ્નાવલી પણ તૈયાર કરવામા આવી હતી. તેમજ સામાજિક જીવનને લગતા સઘળા પાસાઓની માહિતી એકત્રિત કરવા પણ પ્રશ્નાવલી બનાવવામા આવી હતી.



## ઐતિહાસિક માહિતી :

શરીરે સશકત, મજબૂત એવી, રંગે શ્યામ અને સ્વતંત્ર મિજાજી એવી નાયકા કોમ અનાર્યોના વંશજો હોવાનુ મનાય છે. આજે જેને આદિવાસી તરીકે ઓળખીએ છીએ તેઓ આ દેશના જ મૂળ વતનીઓ છે. આર્યો અહીં આવ્યા ત્યારે અહીંના લોકોને તેઓ અનાર્ય તરીકે ઓળખવા લાગ્યા. વેદના જમાનામા આર્યો પંજાબના બ્રહ્માવર્ત પ્રદેશમા રહેતા હતા, અને ત્યાંથી ગંગા, જમનાના પ્રદેશ તરફથી આગળ વધીને છેક કાશી અને મગધ સુધી ફેલાયા. એ વખતે આર્યોએ પોતાના કબજા હેઠળના પ્રદેશને આર્યાવર્ત એવુ નામ આપ્યુ. આ આર્યાવર્તની પશ્ચિમે ગુજરાત આવેલુ છે. આર્યોના ત્રાસથી કંટાળીને અહીંના મૂળવતનીઓ જંગલ તેમજ પહાડી પ્રદેશમા જઈને વસવા લાગ્યા. તેથી તેમની સંસ્કૃતિ ઉત્તરોત્તર વિકાસ ન કરી શકી. બંગાળમા સંથાલ, મધ્યભારતમા ગોંડ, દક્ષિણ ભારતમા ટોડ અને ગુજરાતના વસતી ભીલ જાતિ આ અનાર્યોના વંશમાથી ઉતરી આવી છે એમ મનાય છે. પુરાણોમા દસ્યુ જાતિનો જે શ્યામ રંગ વર્ણવવામા આવ્યો છે તેવો જ શ્યામ રંગ આ કેટલાક આદિવાસીઓનો છે.

અનાર્ય પ્રજાના પગલા ગુજરાતમા પડયા, ત્યારે અહીંનો સઘળો પ્રદેશ અરણ્યમય હતો. નર્મદાની દક્ષિણે ભરૂચથી માંડીને વસાઇ સુધીનો પ્રદેશ દંડકારણ્યના નામથી ઓળખાતો. જેમ જેમ આર્યો ગુજરાતમા પ્રવેશી જંગલો સાફ કરી વસતા ગયા તેમ તેમ આ અનાર્યો ડુંગરાળ, પહાડી અને ગાઢ જંગલોના પ્રદેશમા જઇને વસવા લાગ્યા. ગુજરાતમા છેક બનાસકાંઠાથી માંડીને દક્ષિણ ગુજરાતના ધરમપુર, વાંસદા, ડાંગ અને પૂર્વની સરહદે જંગલ

વિસ્તાર હોવાથી આ પ્રદેશ અનાર્યોનું વતન થઇ પડયો. આ અનાર્યો તે જ આજની કહેવાતી રાનીપરજ ( કાળીપરજ મૂળ શબ્દ હિણપત ભરેલો હોવાથી સરકારે એ નામ બદલીને રાનીપરજ શબ્દ રાખ્યો છે.) કોમમાં ભીલ, નાયકા, દુબળા, ગામીત, ચૌધરી, કુકણા, વસાવાભીલો, કાકુડિયા તેમજ ઢોડિયા વગેરે કોમનો સમાવેશ થાય છે.

આ કોમો જંગલમાં સમૂહમાં રહેતી. તેમની સંભાળ માટે એક નાયક રહેતો જે સમગ્ર વસતિ પર દેખરેખ રાખતો. જેમ જેમ આર્યોની બીક ઓછી થતી ગઇ તેમ તેમ આ અનાર્યો તેમની જોડે સંપર્કમાં આવવા લાગ્યા. ધીરે ધીરે તેઓ પહાડી પ્રદેશ છોડીને સપાટ મેદાનોમાં જઇને વસવા લાગ્યા. બનાસકાંઠાથી માંડીને સાબરકાંઠા, પંચમહાલ, વડોદરા, ભરૂચ અને સુરત તેમજ વલસાડ જિલ્લામાં આ કોમની વસતિ આવેલી છે. આ રીતે સપાટ પ્રદેશમાં ભીલોનો એકાદ નાયક આવીને વસ્યો હશે. અને તેના વંશજો નાયક ઉપરથી "નાયકડા" કે "નાયક" કહેવાયા.

નાયકાની ઉત્પત્તિ વિષે બીજી માન્યતા એવી છે કે રજપૂત રાજા આ ભીલોના એકાદ નાયકની કન્યા જોડે લગ્ન સંબંધોથી જોડાયો હશે અને તેના ઉપરથી તેના વંશજો "નાયકા" કે "નાયકડા" કહેવાયા હશે. આ માન્યતાના પ્રતિપાદન માટેનો પુરાવો એ છે કે આ કોમમાં લગ્ન પ્રસંગોએ રજપૂત કોમની જેમ કમરે તલવાર લટકાવવાનો રિવાજ છે. આથી સંભવ છે કે રજપૂતમાંથી પણ આ કોમ ઉતરી આવી હોય.

માનવવંશ શાસ્ત્રીઓમાં કેટલાકનું એવું માનવું છે કે "નાયક" અને "નાયકડા" આ બંને ભિન્ન કોમો છે, જ્યારે કેટલાક એમ પણ



માને છે કે બંને એક જ કોમ છે. આ વાતનું સમર્થન ત્યારે જ શકય બને કે એને લગતું સાહિત્ય ઉપલબ્ધ થાય. જ્યાં સુધી આ અંગેનું સાહિત્ય ઉપલબ્ધ નથી ત્યાં સુધી આવા મતભેદો તો રહેવાના જ. આમ છતાં પ્રચલિત માન્યતાઓ પ્રમાણે જોઇએ તો બંને માત્ર નામ માત્રનો જ તફાવત છે. આ નાયકા કોમમાં મુખ્યત્વે ત્રણ જાતો છે. (૧) ઉંચા નાયકા, (૨) નીચા નાયકા અને (૩) ચોખીવાળા નાયકા.

સુરત જિલ્લામાં ઉંચા તેમજ નીચા નાયકાની વસતિ વધારે છે. ઉપરોકત ત્રણે વંશોમાં રોટી વ્યવહાર છે, બેટી વ્યવહાર નથી. જીવનધોરણ ત્રણેનું એક સરખું જ જોવા મળે છે. સામાજિક જીવનમાં તફાવત જોવા મળે છે. મહુવા તાલુકામાં ઉંચા નાયકાની જ વસતિ છે.

<u>નાયકા શબ્દનો અર્થ :</u>

નાયકા શબ્દની સાથે અર્થનો સહેજ ખ્યાલ પ્રતિપાદન કરે છે. નાયકા એ એક આદિવાસી જનજાતિનો વર્ગ છે. તેઓ આદિવાસી હિંદુ ધર્મ પાળે છે.

પંચમહાલ તથા વડોદરા જીલ્લામાં નાયકડા તરીકે અને સુરત જીલ્લામાં નાયક તરીકે તેઓ ઓળખાય છે. ઘણા દર્શાવવા અથવા તો તેઓ હલકા છે તેમ જણાવવા નાયકનું નાયકડા કરવામાં આવ્યું હોય તેમ મનાય છે. તેમના નામ ઉપરથી તો નાયકનું એટલે કે ટોળીના આગેવાનનું કામ તેઓ મૂળ કરતા હશે એમ કહી શકાય. તેમના ઘણા રિવાજો ધોડિયા જેવા જ છે. જેથી ધોડિયા જાતિના નાયક તરીકે તેઓ અગાઉ કામ કરતા હશે એમ કહી

શકાય. ચાંપાનેરના હિંદુ રાજાના લશ્કરમાં નાયકો તરીકે તેઓ કામ કરતા હશે અને મુસલમાન રાજાઓએ ચાંપાનેરનો નાશ કર્યો તે પછી તેઓ પંચમહાલ, વડોદરા તથા સુરત વગેરે જિલ્લાઓમાં વસવાટ માટે ચાલી ગયા હશે એમ મનાય છે. અત્યારે પણ તેમની મુખ્ય વસતિ ત્રણ જિલ્લાઓમાં જ છે. અગાઉ લશ્કરમાં તેઓ કામ કરતા હશે તેની સાબિતિ તો તેમના છેલ્લા સો વર્ષના ઈતિહાસમાં મળી રહે છે. જેમાં તેમણે અવાર નવાર હથિયારો હાથમાં પકડી બળવો કર્યો છે.

૧૯૬૧ ની વસ્તી ગણતરી મુજબ - નાયક કોમની વસતિ

| ક્રમ | જિલ્લાનું નામ | ગ્રામ વિસ્તાર | શહેરી વિસ્તાર | કુલ |
|---|---|---|---|---|
| ૦૧. | સુરત | ૫૫૦૨૭ | ૯૨૩૯ | ૬૪૨૬૬ |
| ૦૨. | ડાંગ | ૧૧૭ | - | ૧૧૭ |
| ૦૩. | ભરૂચ | ૭૨૬ | ૩૨ | ૭૫૮ |
| ૦૪. | પંચમહાલ | ૨૪૧૪૧ | ૨૬૨૧ | ૨૬૭૬૨ |
| ૦૫. | વડોદરા | ૧૦૪૬૬ | ૨૪૫ | ૧૦૭૧૧ |
| ૦૬. | મહેસાણા | ૧૫૨ | ૩ | ૧૫૫ |
| ૦૭. | અમદાવાદ | ૧૨૬૭ | ૧૨૬ | ૧૩૯૩ |
| ૦૮. | ખેડા | ૧૨૧૨ | ૧૨૭ | ૧૩૩૯ |
| ૦૯. | બનાસકાંઠા | ૩૭ | ૧ | ૩૮ |
| ૧૦. | સાબરકાંઠા | ૨૫૧૫ | - | ૨૫૧૫ |
| | કુલ વસ્તી ... | ૯૫૬૬૦ | ૧૨૩૯૪ | ૧૦૮૦૫૪ |

ગુજરાતના આદિવાસીઓ - વિમળશાહ.



વસ્તી ૧૯૭૧ મુજબ

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ |
|---|---|---|
| ૧. | ડાંગ | ૪૨૪ |
| ૨. | વલસાડ | ૬૫૦૨૯ |
| ૩. | સુરત | ૧૭૬૧૬ |
| ૪. | ભરૂચ | ૧૫૪૫ |
| ૫. | પંચમહાલ | ૮૫૨૪૧ |
| ૬. | વડોદરા | ૫૮૫૪૬ |
| ૭. | સાબરકાંઠા | ૨૭૮૬ |
| ૮. | બનાસકાંઠા | ૨૧૧ |
| | કુલ ... | ૨૩૧૩૯૮ |

# પ્રકરણ :: ૨

## વિસ્તાર પરિચય

### નાયકા જાતિનો પરિચય :

ગુજરાત રાજ્યમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાની ( ગુજરાત - રાજસ્થાનની ) સરહદ પર પથરાયેલ ડુંગરોની હારમાળાથી શરૂ થઈ, સાબરકાંઠા જિલ્લાના પોશીના, ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકાઓથી નીચેની બાજુએ પંચમહાલની ઉત્તર અને પૂર્વ સીમાને આવરી લેતાં, દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકા સુધી પહોંચતી પટ્ટીનો ડુંગરાળ અને જંગલવાળો પ્રદેશ એ ગુજરાતના આદિવાસીઓનું રહેઠાણ છે. તેમાં નાયક જાતિની સૌથી વધુ વસતિ પંચમહાલ, સુરત અને વડોદરા જિલ્લામાં આવેલી છે.

### વિસ્તાર પરિચય :

### જિલ્લાનો પરિચય :

પંચમહાલ જિલ્લો ગુજરાત રાજ્યના વડોદરા વિભાગમાં આવેલો છે. તેની પૂર્વે મધ્યપ્રદેશ, ઉત્તરે રાજસ્થાન રાજ્યોની હદ, પશ્ચિમે ખેડા જિલ્લો અને દક્ષિણે વડોદરા જિલ્લો આવેલો છે. જિલ્લાનો કુલ વિસ્તાર ૮૮૬૬ ચોરસ મીટર છે. તેમાં કુલ ૯ શહેરો અને ૧૯૪૪ ગામડાઓ આવેલા હતા. ૧૯૭૧ ની વસતી ગણતરી પ્રમાણે જિલ્લાની કુલ વસતી ૧૮.૫ લાખની હતી. આ

જિલ્લો (૧) દેવગઢબારિયા, (૨) લીમખેડા, (૩) દાહોદ, (૪) ઝાલોદ, (૫) સંતરામપુર, (૬) લુણાવાડા, (૭) શહેરા, (૮) ગોધરા, (૯) હાલોલ, (૧૦) કાલોલ, (૧૧) જાંબુઘોડા એમ અગિયાર તાલુકાઓનો બનેલો છે. જિલ્લાની કુલ શહેરી વસતિ ૧૧.૨ ટકા જેટલી હતી.

જિલ્લાનો પૂર્વ અને દક્ષિણ ભાગ ડુંગરાઓ અને જંગલોનો બનેલો છે. પૂર્વ ભાગમાં અનેક નાની-મોટી ટેકરીઓ અને વેરાન ડુંગરો આવેલા છે. જ્યારે દક્ષિણ-પૂર્વ ભાગમાં જંગલ વિસ્તાર છે. જેથી સપાટ જમીન પણ ઓછી છે. જિલ્લાના ઉત્તર-પશ્ચિમ ભાગમાં સપાટ અને ફળદ્રુપ જમીન આવેલી છે. જિલ્લાના પાંચ આદિવાસીની વધુ વસ્તી ધરાવતા તાલુકાઓની જમીન ડુંગરાળ, ખાડાટેકરા, ઢોળાવવાળી અને પથરાળ તેમજ રેતાળ છે. પંચમહાલ જિલ્લો દરિયા - કિનારાથી દૂર હોવાથી ઉનાળામાં ખૂબજ ગરમી, શિયાળામાં ખૂબ ઠંડી અને ચોમાસાની ઋતુમાં અનિયમિત વરસાદ પડે છે. જેથી પાક પણ સારી રીતે લઇ શકાતા નથી. મુખ્યત્વે મકાઇ, ડાંગર અને બાજરી તેમજ નાગલી (બાવટો) થાય છે. ખોરાક પણ મકાઇ અને ચોખાનો છે. ૧૯૭૧ માં કુલ વાવેતર નીચેના વિસ્તારમાંથી ૮૦ ટકા ખાદ્ય પાકો હેઠળ અને ૨૦ ટકા વિસ્તાર રોકડિયા પાક હેઠળ વાવેતર કરાયું હતું.

જિલ્લામાં મુખ્યત્વે આદિવાસી અને બિન-આદિવાસીઓની વસ્તી છે. બિન આદિવાસીઓમાં હિંદુ, મુસલમાન, જૈન વગેરે છે. જ્યારે આદિવાસીઓમાં નાયક - નાયકડા, ભીલ, પટેલિયાઓની વસ્તી છે. જિલ્લાની કુલ વસ્તીમાં ૩૮.૫ ટકા વસ્તી આદિવાસીઓની, ૩.૭ ટકા વસ્તી અનુસુચિત જાતિની અને ૫૭.૮ ટકા વસ્તી બિન આદિવાસીઓની હતી.



શિક્ષણની દ્રષ્ટિએ જોઇએ તો રાજ્યમાં આદિવાસીની વસ્તી ધરાવતા અન્ય રાજ્યોની સરખામણીએ આગળ છે. ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ રાજ્યની કુલ વસ્તીમાં ૩૫.૮ ટકા લોકો શિક્ષણ પામેલા હતા. અક્ષરજ્ઞાનની દ્રષ્ટિએ ગુજરાતનો ચોથો નંબર આવે છે. રાજ્યમાં આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ કુલ વસતિના ૧૪.૧ ટકા જેટલું હતું. પંચમહાલ જિલ્લામાં શિક્ષણનું પ્રમાણ ૨૨.૮ ટકા જેટલું હતું. જિલ્લાની આદિવાસી વસ્તીમાં શિક્ષણનું પ્રમાણ માત્ર ૯ ટકા જેટલું જ હતું.

૧૯૭૧ ની વસ્તી ગણતરી પ્રમાણે જિલ્લામાં કામ કરતી વસ્તીનું પ્રમાણ ૩૬.૭ ટકા જેટલું હતું. જ્યારે રાજ્યમાં આ પ્રમાણ ૩૨.૪ ટકા જેટલું હતું. આમ રાજ્ય કરતાં જિલ્લામાં કામ કરતી વસ્તીનું પ્રમાણ વિશેષ હતું. આનું મુખ્ય કારણ જિલ્લામાં કામ કરતી વસ્તીમાં સ્ત્રીઓનું પ્રમાણ વિશેષ હતું.

આ જિલ્લામાં લોકોનો મુખ્ય ધંધો ખેતીનો છે. ખેતી ઉપરાંત ખેત-મજૂરી, પશુપાલન તેમજ જંગલકામ અને રોડકામમાંથી રોજી માટે પૂરક આવક મેળવે છે. જિલ્લામાં સિંચાઇનું સાધન નહેરો (મુખ્ય) કૂવાઓ અને તળાવો છે. જિલ્લામાં મુખ્યત્વે મકાઇ, ડાંગર, મગફળી, કપાસ, જુવાર, બાજરી અને શાકભાજી થાય છે. સિંચાઇ યોજનાઓ અને પાણીની સગવડવાળા વિસ્તારોમાં વર્ષના ત્રણ પાક લેવાય છે. જિલ્લામાં સિંચાઇ યોજનાઓનો વ્યાપ વધતો જાય છે.

તાલુકાનો પરિચય : ( ૧૯૭૧ મુજબ )

બારિયા તાલુકાનો કુલ વિસ્તાર ૧૧૪૪૫૫ હેકટર છે. તાલુકામાં કુલ ૧૮૭ ગામો છે. જેમાં ૧ શહેરનો સમાવેશ થાય છે. આ તાલુકાની પૂર્વે દાહોદ, ઉત્તરે સંતરામપુર, પશ્ચિમે ગોધરા અને દક્ષિણે વડોદરા જિલ્લાના છોટા-ઉદેપુર તાલુકાની હદો આવેલી છે.

તાલુકામાં કુલ વસ્તી ૨૧૯૩૭૩ ની હતી. જેમાં અનુસુચિત જાતિની વસ્તી ૬૧૧૧ ની અને આદિવાસી જાતિની વસ્તી ૬૦૪૦૮ ની હતી.

તાલુકાનો કુલ વિસ્તારમાંથી ચોખ્ખો વાવેતર હેઠળનો

| | | |
|---|---|---|
| વિસ્તાર | ૬૦૦૮૧ | (હેકટરમાં) |
| જંગલ વિસ્તાર | ૧૧૩૧૯ | " |
| ખેડી ન શકાય તેવો ઉજ્જડ | ૨૬૬૭૬ | " |
| બિન આકારી સરકારી પડતર | ૨૯૮૪ | " |
| સાર્વજનિક જગ્યા | ૫૮૦૨ | " |
| સરકારી પડતર ખેડવા લાયક | ૨૭૦૧ | " |
| કબજા હેઠળની પડતર | ૫૧૭૨ | " |
| કુલ... | ૧૧૪૪૫૫ | હેકટર જમીન હતી. |

૧૯૭૧ ની તુલાવારી (જુદા જુદા પાક હેઠળનો કુલ વિસ્તાર ૬૭૨૮૬ હેકટર હતો. જેમાંથી ૬૨૦૫ હેકટર જમીનમાં એકથી વધુ વખત વાવેતર કરવામાં આવ્યુ હતુ. જેથી આ વિસ્તાર બાદ કરતાં કુલ ૬૦૦૮૧ હેકટર જમીન વાવેતર નીચે



હતી. જેમાં ૨૫૧૫ હેકટર જમીનમાં સિંચાઇની વ્યવસ્થા પણ હતી.

૧. જુદા જુદા પાક હેઠળનો વિસ્તાર:(૧૯૭૧ મુજબ હેકટરમાં)

| | | |
|---|---|---|
| ૦૧. | જુવાર (રવિ, ખરીફ પાક) | ૨૬૪૯ |
| ૦૨. | બાજરી (રવિ, ખરીફ પાક) | ૧૩૨૫ |
| ૦૩. | મકાઇ ( " " ) | ૧૮૩૨૦ |
| ૦૪. | ડાંગર | ૯૭૦૦ |
| ૦૫. | કોદરા | ૭૬૨૬ |
| ૦૬. | બાવટો | ૧૨૨૩ |
| ૦૭. | બટી | ૬૩૭ |
| ૦૮. | સામલી | ૨૩૭૮ |
| ૦૯. | ઘઉં | ૧૨૮૬ |
| ૧૦. | જવ | ૧૪ |
| ૧૧. | તુવેર | ૨૧૦૧ |
| ૧૨. | ચણા | ૧૫૯૫ |
| ૧૩. | મગ | ૮૮ |
| ૧૪. | અળદ | ૩૫૧૮ |
| ૧૫. | ચોળા | ૧૪ |
| ૧૬. | મઠ | ૫૮૮ |
| ૧૭. | શાકભાજી | ૭૪ |
| ૧૮. | તમાકુ | ૪ |
| ૧૯. | મરચી-આદુ | ૬૬ |
| ૨૦. | શેરડી | ૯ |

ચાલુ...

| | | |
|---|---|---|
| ૨૧. | તલ | ૫૪ |
| ૨૨. | દિવેલા | ૧૬ |
| ૨૩. | મગફળી | ૫૫૮૨ |
| ૨૪. | કપાસ | ૬૦૦૦ |
| ૨૫. | શણ | ૧૦૨ |
| ૨૬. | ઘાસ | ૧૦૦૭ |
| | કુલ ... | ૬૭૨૮૬ |
| | બાદ : એકથી વધુવાર વાવેતર કરેલ વિસ્તાર | ૬૨૦૫ |
| | ચોખ્ખો વાવેતર હેઠળનો વિસ્તાર | ૬૦૦૮૧ |
| | પિયત વિસ્તાર | (૨૫૧૫) |

૦૨. પિયતના સાધનો :

| | | | |
|---|---|---|---|
| ૧. કૂવાની સંખ્યા | ૩૮૯૨ | ૩. ઇલે. મોટર | ૧૧૪ |
| ૨. ઓઇલ એન્જિન | ૫૬૦ | ૪. તળાવો(કેનાલ વાળા) | ૧૩ |
| ૫. ચેકડેમ | ૬ | | |

૦૩. જમીનના ખાતેદારોની સંખ્યા : ૨૪૦૩૪

૦૪. પ્રા.આ.કેન્દ્ર સંખ્યા-૩ પીપલોદ, ડભવા, ધોધેલા.

૦૫. સરકારી દવાખાનું -૧ આયુર્વેદિક દવાખાના - ૪

૦૬. પ્રા. શાળા સંખ્યા - ૨૮૮

શિક્ષકોની સંખ્યા - ૭૦૨

૦૭. ખેતી વિષયક ધિરાણ મંડળીઓ - ૨૨

૦૮. લીફટ ઇરીગેશન - ૩

૦૯. દૂધ સહકારી મંડળીઓ - ૫૫

૧૦. મરઘાં ઉછેર મંડળીઓ - ૧૦

૧૧. અન્ય સહ. મંડળીઓ - ૩૮



૧૪. પોષક આહાર કેન્દ્રો - ૨૦

૧૫. ૦ થી ૬ ના કેન્દ્રો (ખાસ યુકતા આહાર) ૧૦૦

૧૬. બાલવાડી - ૧૮

૧૭. ગ્રામ સેવક સંખ્યા - ૨૪ (બેનોર યોજના)

૬ ( વિકાસ )

૧૮. ગ્રામ સેવિકાઓની સંખ્યા - ૨

૧૯. તલાટી કમ મંત્રીની સંખ્યા - ૪૮

તલાટી કમ મંત્રીની સંખ્યા - ૬૪

૨૦. રસ્તાઓ પાકા - ૧૪૦ કિ.મી. કાચા ૨૨૬ કિ.મી.

૨૧. ગ્રામપંચાયતની સંખ્યા - ૧૩૧

નગર પંચાયત - ૧

----

૧૩૨

આમ ઉપર મુજબ તાલુકાની સગવડતાઓની દ્રષ્ટિએ જોઇએ તે વિધ વિધ સગવડતાઓમાં તાલુકાના પછાત વિસ્તારની સરખામણીએ સારી સગવડતાઓ પ્રાપ્ય છે. તાલુકામાં શિક્ષણ, પિયતના સાધનો, પંચાયતો, સહકારી મંડળીઓની સારી સગવડતા છે.

ગામનો પરિચય :

પંચમહાલ જિલ્લામાં દેવગઢબારિયા તાલુકામાં સાગટાળા ગામ આવેલુ છે. દેવગઢબારિયા તાલુકો ડુંગરો અને જંગલોથી છવાયેલો છે. બારિયા તાલુકાની સરહદો ઉપર પંચમહાલ જિલ્લાના લીમખેડા, ગોધરા, કાલોલ અને હાલોલ તાલુકો તેમજ જાંબુગોડા તાલુકો અને વડોદરા જિલ્લાની સરહદ આવેલી છે. આ તાલુકામાં મુંબઇથી દિલ્હી જતી રેલ્વે-લાઇન પસાર

થાય છે. પીપલોદ એ તાલુકાનુ રેલ્વેનુ મુખ્ય જંકશન છે. પીપલોદથી દેવગઢબારિયા સુધી નેરોગેજ રેલ્વે લાઇન છે. આ સિવાય તાલુકામાં બીજા કોઇ રેલ્વે માર્ગ નથી.

પાકા રસ્તાઓની સગવડ જોઇએ તો પીપલોદથી બારિયા સુધી પાકો રસ્તો છે. બારિયા - છોટાઉદેપુરનો માર્ગ સાગટાળા સુધી પાકો છે. બારિયા હાલોલનો માર્ગ પણ પાકો છે. અમદાવાદ, વડોદરા, ગોધરા અને દાહોદથી તાલુકાનુ મથક બસ - વ્યવહારથી જોડાયેલુ છે. તાલુકાના મથકમાં કોઇ મોટો ઉદ્યોગ નથી.

સાગટાળા દેવગઢબારિયાથી અગિયાર કિલોમીટર દૂર બારિયા - છોટાઉદેપુર માર્ગ પર આવેલુ છે: આ માર્ગ ઉપર દિવસના પાંચ વાર એસ.ટી. વ્યવહાર ૧૯૬૯ ની સાલમાં હતો. આજે આ માર્ગ ઉપર દસથી બાર વાર એસ.ટી. વ્યવહાર ચાલે છે: દાહોદ, બારિયા, ગોધરા અને છોટાઉદેપુર સાથે એસ.ટી. વ્યવહારથી સાગટાળા જોડાયેલુ છે. ૧૯૪૭ પહેલાં સાગટાળા એ મહાલ હતો. આ વિસ્તારના વિકાસ માટે ૧૯૫૪-૫૫ માં ખાદીના ઉત્પાદન અને ગ્રામોદ્યોગના વિકાસ માટે આ ગામને સઘનક્ષેત્રે યોજના નીચે મૂકયુ. આ સિવાય દાહોદ ભીલ સેવા મંડળ તરફથી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે અને સઘન ક્ષેત્ર યોજના તરફથી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની યોજના છે. આ સિવાય જંગલ-મંડળી, ખરીદ-વેચાણ સંઘ, બિયારણ કેન્દ્ર, ગોડાઉન સર્વોદય યોજના, ગ્રામ આરોગ્ય કેન્દ્ર વગેરે પણ છે:

સાગટાળાની મુખ્ય વસતિ આદિવાસી નાયકાઓની છે. આ સિવાય હરિજન અને કોળી પટેલની પણ વસતિ આવેલી છે:



૧૯૬૧ ની વસતિ ગણતરી પ્રમાણે ગામની કુલ વસતિ ૪૯૪ ની હતી. જેમાં ૩૧૭ નાયકડા અને ૧૮ હરિજન, તેમજ ૧૫૯ અન્ય વસતિ હતી. જેમાંથી શિક્ષણ પામેલાઓની સંખ્યા ૩૭ ની હતી. જેમાં ૩૫ પુરૂષો અને ૨ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. ૧૯૬૮ માં ગામની કુલ વસતિ ૫૬૦ ની હતી. ગામની સરહદોના બારિયા તાલુકાના ડભવા, માંડવ, દિવ્યા અને જૂની બેડી ગામો આવેલા છે. પાનમ નદી ગામ આગળ થઇને પસાર થાય છે.

૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે ગામની કુલ વસતિ ૬૧૧ ની હતી. જેમાં ૨૯૯ પુરૂષો અને ૩૧૨ સ્ત્રીઓ હતી. પુરૂષ કરતાં સ્ત્રીઓની સંખ્યા વિશેષ હતી. ગામનો કુલ વિસ્તાર ૫૪૬૩ એકર અને ૨૧ ગુંઠાનો છે. જેમાંથી ખેડવા લાયક જમીન ૪૯૬.૧૬ ગુંઠા છે: એટલે કે કુલ વિસ્તારના ૯ ટકા જમીન ખેડવા લાયક છે. પોત-ખરાબા અને નદી-નાળા નીચેનો વિસ્તાર ૮૯ એકર ૨૧ ગુંઠા છે. જ્યારે જંગલ અને તળાવ નીચેનો વિસ્તાર ૪૮૮૩.૨૬ ગુંઠાનો છે. મોટાભાગનો વિસ્તાર જંગલ નીચે છે.

ખેતીલાયક જમીનની અંદર મોટા ભાગે વૃક્ષો આવેલા છે. જમીનની જાત ખૂબજ હલકી કક્ષાની છે. દોઢથી બે ફૂટ નીચેના ભાગમાં પથ્થરો જ આવે છે. જેથી ઊંડુ ખેડાણ શકય બનતુ નથી. આમ ઓછી જમીન અને જે જમીન છે તે પણ હલકી કક્ષાની હોવાથી ખેત ઉત્પાદન લઇ શકાતુ નથી.

## પીવાના પાણીની વ્યવસ્થા :

પીવાના પાણી માટે ઘણા કુટુંબોને મુશ્કેલીઓ વેઠવી પડે છે: ગામ કૂવાઓ હોવા છતાં ગામની સરહદ ખૂબ લાંબી હોવાને

કારણે કેટલાક કુટુંબોને આ કૂવાઓ અડધો માઇલ તથા તેનાથી વધારે દૂર પડતા હોય છે. ચોમાસામા ઝરણા તથા નદીના પાણીનો પીવા માટે ઉપયોગ કરે છે. પશુઓને પણ પીવાના પાણી માટેની ખૂબજ મુશ્કેલી છે. ગામમા માત્ર તળાવ આવેલુ છે જે છેક ડભવા ગામની સીમમા છે. બધા જ કુટુંબોને પોતાના ઢોરને પાણી પાવા માટે આ તળાવે આવવુ પડે છે. ઘણા કુટુંબોને આ તળાવનુ અંતર દોઢ માઇલ કરતા પણ વધુ દૂર લાગે છે: ઉપરાત આ તળાવમા બારેમાસ પાણી રહેતુ નથી. જેથી વરસાદ ઓછો હોય ત્યારે ઉનાળામા પાણીની ખેંચ રહે છે.

જીવનની મુખ્ય ત્રણ જરૂરિયાતો ખોરાક, પાણી અને રહેઠાણની બાબતમા આ લોકોની સ્થિતિ દયાજનક છે: આ સિવાયના અન્ય નાયકડાની વસતિવાળા ગામો જેવા કે બેડી, માડવ, છાસિયા, વગેરેની આર્થિક સ્થિતિ આનાથી કપરી છે: તેની સરખામણીમા સાગટાળાની પાસે આવેલા ડભવા ગામની સ્થિતિ ઠીક ગણાવી શકાય: કોળી પટેલ અને નાયકડાની આર્થિક સ્થિતિ વચ્ચે ખૂબ જ તફાવત રહેલો જોવા મળે છે.

## આરોગ્ય :

આરોગ્યની બાબતમા જોઇએ તો ખાસ કરીને દવાનો ઉપયોગ કરતા નથી. જો કે ગામમા ગ્રામ આરોગ્ય કેન્દ્ર પણ ચાલે છે. આ કેન્દ્રમા મેડીકલ ઓફિસરથી માડીને ફીલ્ડ વર્કર સુધીનો પૂરતો સ્ટાફ છે. છતા રૂઢિચુસ્ત માન્યતાઓને કારણે ગમે તેવી માદગીમા તેવો ભાગ્યેજ દવાખાનાનો ઉપયોગ કરે છે. સામાન્ય પ્રકારની માદગીમા જંગલી વનસ્પતિઓનો ઉપયોગ કરતા હોય છે. જેમકે મરડો થયો હોય તો મરડા સીંગ પાણીમા



ઉકાળીને પી જવાથી મરડાનો રોગ મટી જાય છે. આવી જ રીતે જુદા જુદા રોગો માટે જુદી જુદી વનસ્પતિનો ઉપયોગ કરતા હોય છે. કોઇપણ રોગમા તેઓ ભુવાને તો બોલાવે છે. ડાકણ વળગે અથવા ભૂત - વળગાડમા ખૂબ માને છે.

ગામમા ચામડીના દર્દો વધુ જોવા મળે છે: દાદર, ખસ તેમજ અન્ય ચામડીના દર્દોથી પીડાય છે. આ રોગોમા પણ કોઇજ દવા કરતા નથી. પ્રસૂતિ પણ ગામની જાણકાર સ્ત્રી પાસે જ કરાવતા હોય છે. કુટુંબ નિયોજનમા થોડુ માને છે. ગામમા કેટલીક સ્ત્રીઓએ આંકડી મૂકાવેલ છે અને બે-ત્રણ પુરૂષોના પણ ઓપરેશન થયેલા છે.

## રસ્તા વાહન વ્યવહાર :

રસ્તાની બાબતમા આ ગામને ઠીક ઠીક સગવડો પ્રાપ્ત થયેલી છે. એસ. ટી. નુ બસ સ્ટેન્ડ ગામ ઉપર જ છે. પરતુ ગામનો વિસ્તાર વધુ હોવાથી કેટલાક કુટુંબોને એકથી બે માઇલ જેટલુ બસ સ્ટેન્ડ દૂર પડે છે. જો કે બસની જરૂર તેઓને દરરોજ પડતી નથી: પરતુ વર્ષમા બારિયા, છોટાઉદેપુર અથવા દાહોદ કઇક ખરીદી કરવા જવાનુ હોય, અથવા બહાર મજૂરીએ જવાનુ હોય તો જ બસનો ઉપયોગ કરે છે. બારિયાથી સાગટાળા પાકો રસ્તો છે: છોટાઉદેપુર સુધી મેટલ રોડ છે. આ સિવાય ગામમા જવા માટે પણ પાકા રસ્તાથી ગામ સુધી કાચો રસ્તો બનાવેલ છે. આ રસ્તો સાગટાળા થઇ બેડી અને છાસિયા ગામ ઉપર જાય છે: આ રસ્તાનો લાભ ગામના અર્ધા કરતા વધારે કુટુંબોને મળે છે:

અન્ય સગવડો :

આ ઉપરાંત ગામમાં એક સરકારી સસ્તા અનાજની દુકાન પણ આવેલી છે. આ દુકાનેથી સસ્તુ અનાજ ઘઉં, ચોખા, મકાઇ, જુવાર, ખાંડ અને તેલ મળે છે. નાયક કુટુંબો જ્યારે પોતાની પાસે પૈસા હોય ત્યારે આ દુકાનેથી જરૂરી વસ્તુઓ ખરીદતા હોય છે. વળી જ્યારે જંગલ મજૂરી ચાલતી હોય ત્યારે ત્યાંથી ચીઠ્ઠી લખી આપવામાં આવે છે અને આ ચીઠ્ઠી ઉપર આ દુકાનેથી જરૂરી અનાજ મળતુ હોય છે. આ દુકાનેથી માત્ર રોકડેથી જ જરૂરી વસ્તુઓ મળતી હોવાથી જ્યારે રોકડ રકમ પાસે ન હોય, અનાજ પણ ન હોય, અને ઉધાર લાવવાનુ હોય તો ગામમાં આવેલી વેપારીની દુકાનેથી જરૂરી વસ્તુઓ લાવતા હોય છે. ગામમાં વહોરાઓની બે-ત્રણ દુકાનો આવેલી છે. બાજુના ગામમાં બેડીમાં પણ વ્હોરાની દુકાનો આવેલી છે. કેટલાંક કુટુંબો બેડીની દુકાન નજીક પડતી હોવાથી ત્યાંથી પણં વસ્તુઓની ખરીદી કરે છે. સાગટાળામાં કાપડ માટેની પણ બે-ત્રણ દુકાનો આવેલી છે. જેમાંથી એક સહકારી મંડળી વ્દારા અને બીજી આશ્રમમાં ચાલે છે. આશ્રમમાં ચાલતી દુકાનેથી માત્ર ખાદીનુ જ કાપડ મળે છે. જ્યારે બીજી દુકાનેથી દરેક પ્રકારનુ કાપડ મળે છે. આ બન્ને દુકાનેથી રોકડેથી જ કાપડ મળતુ હોવાથી નાયક કુટુંબો કાપડની ખરીદી ખૂબજ ઓછા પ્રમાણમાં કરે છે. ખાસ કરીને અહીં આવેલી જુદી જુદી દુકાનોનો મુખ્ય લાભ તો સાગટાળામાં આવેલી જુદી જુદી સંસ્થાઓમાં કામ કરતા સેવકો જ લેતા હોય છે.

સાગટાળામાં પોષ્ટ ઓફિસની પણ સગવડ છે. દરરોજ બપોરના અગિયાર વાગે બારિયાથી ટપાલ આવે છે. અને બે



વાગે સગટાળાથી બારિયા જાય છે. અમદાવાદ તથા વડોદરા-માંથી પ્રકાશિત થતા વર્તમાન પત્રો પણ સાગટાળામાં આવે છે.

ટૂંકમાં ગામમાં પાકો રસ્તો, શિક્ષણની બાલમંદિરથી હાઇસ્કૂલ સુધીની સગવડ, આશ્રમશાળા, સઘન સર્વોદય યોજના, જંગલ મંડળી, ધિરાણ મંડળી, ખરીદ-વેચાણ સંઘ, સસ્તા અનાજની દુકાન, દળવાની ઘંટી, ડોળ પીલવાની મીલ, ગ્રામ આરોગ્ય કેન્દ્ર, ગોડાઉન, પોષ્ટ વગેરેની સગવડો હોવા છતાં નાયક કુટુંબોના દૈનિક જીવનમાં આર્થિક તથા સામાજિક જીવનમાં તેમજ શિક્ષણમાં ખાસ ફેરફારો થયા હોય તેવું જોવા મળતુ નથી. કદાચ નજીકમાં ઉભી થયેલ સુધરેલ વસાહતને કારણે તેમના પોશાકમાં થોડો ફેરફાર થયો હશે. પરંતુ તે અમુક જ કુટુંબોમાં જોવા મળે છે. નાયક કુટુંબોને પ્રાપ્ત થતી આવકનો મોટોભાગ ખોરાક પાછળ ખર્ચાય છે. ખોરાક પણ હલકી કક્ષાનો હોય છે. નીરો, તાડી, તમાકુ અને દારૂ અમુક સંજોગોમાં તેના વિના ચલાવી શકતા નથી. સરકારી સંસ્થાઓ તરફથી મળતા લાભોથી તેઓ પરિચિત નથી, તેને કારણે તેનો લાભ મેળવી શકતા નથી. ગ્રામ સેવક, તલાટી તથા અન્ય ગ્રામ કક્ષાના સરકારી સેવકો વ્દારા તેમને કંઇ લાભ પ્રાપ્ત થતો નથી. હંમેશાં આ વર્ગ તેમનુ શોષણ કરવા જ ટેવાયેલો છે. નાયકાઓની અજ્ઞાનતાનો વધુમાં વધુ લાભ આ વર્ગ તેમની પાસેથી લેતો હોય છે. કૂવો કરવા તગાવી જોઇતી હોય તો ગ્રામ સેવક અને તલાટીને જ્યાં સુધી કંઇ ન મળે ત્યાં સુધી નાયક કુટુંબ તગાવી મેળવી શકતુ નથી. સરકારી પડતરની જમીન ખેડવા માટે જરૂર હોય તો તલાટીને ખુશ કર્યા સિવાય આવી જમીન પ્રાપ્ત થતી નથી અને જો ખેડવા માટે એક વર્ષે મળી હોય તો બીજે વર્ષે લઇને કોળી ખેડૂતોને આપી દેવામાં આવતી હોય છે.

<u>ભાષા :</u>

નાયકા જાતિ ગુજરાતી ભાષા સારી રીતે સમજી શકે છે. કેટલાક વ્યવહારમાં પણ સારી રીતે વાપરી - બોલી શકે છે. પરંતુ આ જાતિ પોતાની મૂળ આદિવાસી બોલીનો અંદરોઅંદરના વ્યવહારોમાં ઉપયોગ કરે છે. આ જાતિ કેટલાક ઉખાણાંનો પણ ઉપયોગ કરે છે. તેની થોડીક માહિતી અહીં આપવામાં આવી છે:

<u>દેખાવ :</u>

નાયકડા દેખાવે નીચા, સૂકલકડા શરીરવાળા પણ ચપળ હોય છે. બહાદૂર પણ ઘણા હોય છે. આ વિભાગના નાયકોમાં ગરીબાઇને કારણે ચહેરા પર તેજ જણાતુ નથી. સાગટાળા ગામની સભાને સંબોધતા તેમના કાર્યકર શ્રી ગોપાળદાસ દલાલે કહેલુ કે તમારામાં કામ કરવાની ખૂબજ શકિત છે પણ આળસને કારણે કમાણી ઓછી કરો છો. જેથી ચહેરા પર જે તેજ દેખાવુ જોઇએ તે દેખાતુ નથી.

<u>ખોરાક - પીણાં :</u>

તેમનો ખોરાક ખૂબજ સાદો હોય છે. મકાઇ એ તેમનો મુખ્ય ખોરાક છે. મકાઇની સાથે કોઇકોઇવાર અળદની દાળ વાપરે છે. ખેડૂત કુટુંબમાં કેટલાક ચોખા પકવે છે જેનો પણ ઉપયોગ તેઓ કરે છે. આ ઉપરાંત મકાઇની થૂલી બનાવે છે. મકાઇના લોટમાં મીઠું અને પાણી નાખીને બાફે છે જેને તેઓ થૂલીના નામે ઓળખે છે. ખોરાકમાં ઘઉં તથા ઊંચી જાતના અનાજનો ભાગ્યે જ



ઉપયોગ કરે છે. કોઇ કોઇવાર ખોરાકમાં મરઘાં અને માછલાંનો પણ ઉપયોગ કરે છે. જયારે અનાજની ખૂબજ ખેંચ હોય ત્યારે, પાસે પૈસા ન હોય તો મહુડાં બાફીને પણ ખાય છે. તેમજ જંગલમાંની "ઝીંઝવા" નામની વનસ્પતિના કંદમૂળ પણ ખાય છે. ઝીંઝવાના કંદમૂળ બટાટા જેવા સફેદ હોય છે. જેની છાલ ઉતારી નાખીએ તો સકરિયા જેવા સફેદ દેખાય છે. ખાવામાં તે ખૂબજ મીઠાં હોય છે. તે કંદમૂળમાં પાણીનો ભાગ વધારે હોય છે. આ સિવાય જંગલી ફળો જેવા કે સીતાફળ, આમળાં, બોર, ટીમરૂ વગેરે પણ ખાય છે.

ખાવામાં સીંગતેલ કરતાં ડોળિયાનો ઉપયોગ વિશેષ કરે છે. ચોમાસાની વપરાશ માટે ડોળિયું સંઘરી રાખે છે. કેટલાક પૈસાની જરૂરિયાતને કારણે વેચી દેતા પણ હોય છે. ડોળિયું ન હોય ત્યારે કોઇકવાર તેલ મંગાવીને ચલાવે છે. ગોળ, મીઠું, મસાલા પણ જરૂર પડે તેમ ચાર આનાની મંગાવીને ચલાવે છે. સસ્તા અનાજની દુકાનેથી મળતુ તેલ અને ખાંડ તેઓ કાયમ માટે ખરીદી શકતા નથી. કારણ કે એકી સાથે ઘણી વસ્તુ ખરીદવા જેટલા પૈસા તેમની પાસે હોતા નથી. જેના કારણે તેલ-ખાંડ છૂટક મોંઘા ભાવના ખરીદવા પડે છે. જંગલમજૂરી ચાલતી હોય અને પૈસાની છત હોય ત્યારે પૂરતા પ્રમાણમાં તેલ, ખાંડ અને અન્ય વપરાશી વસ્તુ ખરીદે છે. ઘીનો ઉપયોગ ભાગ્યેજ કરતા હોય છે. દૂધનો ઉપયોગ નહિવત કરે છે. કેટલાક કુટુંબો ઢોર રાખે છે. દૂધાળાં ઢોરનું દૂધ એકઠું કરી ઘી બનાવી વેચે છે. દૂધનો ખોરાકમાં ઓછો વપરાશ કરે છે. ચા પણ દૂધ વિનાની જ પીએ છે. હાલમાં બધા જ નાયકડા ચા પીતા થયા છે. નીરાની સીઝન વખતે પીણામાં તાડીનો ઉપયોગ પણ કરે છે. વાર-તહેવારે અને સામાજિક

ઉત્સવોમા દારૂ પણ પીણા તરીકે લે છે. તબાકુનો વપરાશ બધા જ કરે છે. કેટલાક કુટુબોમા સ્ત્રીઓ પણ તબાકુનો ઉપયોગ ખાવામા અને પીવામા કરે છે.

પોશાક :
-----

તેમનો પોશાક ખૂબજ ઓછો હોય છે. પુરૂષો ટૂકી પોતળી વીંટાળે છે. ટૂકી બોયનુ ખમીશ બહાર જતી વેળાએ પહેરે છે. માથે લૂગડાનો કકડો વીંટાડે છે. કેટલાક કુટુબોમા ધોતીયુ તથા ખમીશ પણ પહેરે છે. સ્ત્રીઓ ઓઢણા તરીકે રગીન કપડુ, ચણીયો તથા ચોળી પહેરે છે. મોટી ઉમરની સ્ત્રીઓ ચોળી પહેરતી નથી. પણ ઓઢણુ અડધુ કાછેટો વાળી પહેરે છે. નાના છોકરા-છોકરીઓ મોટેભાગે લગોટી જ પહેરે છે. શિયાળા-ઉનાળે લગોટી સિવાય અન્ય કપડુ શરીર પર જોવા મળતુ નથી. શાળામા જતા બાળકો ટૂકી ચડ્ડી અને ટૂકુ ખમીશ પહેરે છે. કપડા ફાટેલા, તૂટેલા અને ખૂબજ ગદા હોય છે.

ઘરેણા :
----

સોના - ચાદીના ઘરેણા ખૂબજ ઓછા પ્રમાણમા જોવા મળે છે. મોટેભાગે કાચની બગડીઓ તથા ચાદીનો ઢોળ ચઢાવેલ નીકલના ઘરેણાનો ઉપયોગ કરે છે.

પ્રકૃતિ જેમ ઋતુઓ પ્રમાણે નવા નવા રગો ધારણ કરે છે તેમ મનુષ્ય પણ પોતાના આત્માની અભિવ્યકિત માટે નવા નવા શ્રૃગારો સર્જે છે. આ કોમમા સ્ત્રીઓ રૂપાના અને ચાદીના ઘરેણા પહેરે છે. પગે ચાદીના કલ્લા કે સાકળા તથા હાથમા ચાદીની પહોંચી જોવા મળે છે. પુરૂષો કેડે ચાદીની સાકળી અને હાથમા



પહોંચી પહેરે છે. ખેડૂત વર્ગની કેટલીક સ્ત્રીઓ પાસે સોનાના ઘરેણામા ગળામા "કોલર" તથા કાનમા એરીંગ પહેરે છે. મજૂર વર્ગની સ્ત્રીઓ સોનાને બદલે નકલી પિત્તળના આ ઘરેણા પહેરતી જોવા મળે છે.

શિક્ષણ :
----

સાગટાળા ગામમા પ્રાથમિક શિક્ષણ માટે ૧૯૬૯ વખતે ૧ થી ૩ ધોરણ સુધીની શાળા હતી. ૧૯૮૧ ના વર્ષમા આ ગામમા પ્રાથમિક શાળામા એકથી ચાર ધોરણ સુધીનુ શિક્ષણ અપાય છે.

આ સિવાય સઘન કાર્યક્રમ હેઠળ સર્વોદય યોજના દ્વારા મેટ્રિક સુધીનુ શિક્ષણની સગવડ છે. ભીલ સેવા મંડળ તરફથી ૧ થી ૭ ધોરણની આશ્રમશાળા પણ ચાલે છે. સાગટાળાથી ૧૧ માઇલ દૂર બારિયામા કોલેજ તથા ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ છે. શિક્ષણની સંપૂર્ણ સુવિધા હોવા છતા નાયક કુટુબોમા શિક્ષણનુ પ્રમાણ ખૂબજ નીચુ રહેવા પામ્યુ છે. ૧૯૬૯ ની તપાસ વખતે ગામની ૧ થી ૩ ધોરણની શાળામા અભ્યાસ કરતા કુલ ૪૪ બાળકો હતા. જેમાથી ૨૦ છોકરાઓ અને ૬ છોકરીઓ નાયક કોમની હતી અને આ સંખ્યા પણ અનિયમિત રહેતી. શાળામા આવતા બાળકોમા સુઘડતા પણ જોવા મળતી નથી. ગદા કપડા, ગદુ દફતર અને અસ્તવ્યસ્ત વાળ વગેરે શાળામા જતા નજરે પડે છે. શાળાનુ મકાન પાકા ઓરડાવાળુ છે. શાળામા આવતા બાળકો પાસે પૂરતા પુસ્તકો હોતા નથી. અને સ્લેટ લાવવા માટે પણ જરૂરી પૈસા તેઓ મેળવી શકતા નથી. સાગટાળામા ચાલતી આશ્રમશાળામા

૧ થી ૭ ધોરણમાં માત્ર ૪ બાળકો અભ્યાસ કરતા હતાં અને બે છોકરાઓ ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા હતાં. જ્યારે ઉચ્ચ શિક્ષણ લેતા બાળકોનું પ્રમાણ શૂન્ય હતું.

શિક્ષણની આટલી સુવિધાઓ હોવા છતાં સાગટાળાના નાયક બાળકો તેનો લાભ લઇ શકતા નથી. તેનું મુખ્ય કારણ તેમની આર્થિક પરિસ્થિતિ ગણી શકાય. બીજું શિક્ષણ અંગેનો ઉત્સાહ પણ તેમનામાં જણાતો નથી. છોકરાઓને તેઓ શિક્ષણ લેવા મોકલે તો તેમને અમુક કામો જેવા કે ઢોર ચારવા માટે, જંગલમાંથી લાકડાં લાવવા, મહુડા, ડોળી, તથા અન્ય જંગલી પેદાશો એકઠી કરવા જવું વગેરે કામો અટકી જાય છે. પ્રાથમિક શાળામાં ૪ ધોરણ સુધી મફત શિક્ષણ આપવામાં આવે છે પરંતુ તેનો લાભ આ લોકોને મળતો નથી.

<u>કહેવતો :</u>

નાયકાઓમાં પ્રચલિત કહેવતો, જીવન - વ્યવહાર સંબંધી, મનુષ્ય સ્વભાવ અને શરીર સંબંધી, તેમજ આર્થિક સ્થાન સંબંધી અને પ્રકૃતિ તેમજ ધર્મ - નીતિ સંબંધી કહેવતો સાંભળવા મળે છે.

-૦-

(૧) પારકી આશા સદા નિરાશ (૨) કૂવામાં હોય તો હવાડામાં આવે. (૩) છાશ લેવા જવું અને દોણી સંતાડવી. (૪) સાસુને કહીને વહુને સંભળાવવું. (૫) આંધળે બહેરું કુટાય. (૬) ગોળ ખાય ગુબલો અને માર ખાય દુલભો. (૭) પોતાની માને ડાકણ ન કહેવાય. (૮) કાગનું બેસવું ને તાડનું પડવું.



(૯) ઠોકર ખાતાં હોશિયાર થવાય. (૧૦) જાત વિના જાત્રા નકામી: (૧૧) રાજાને ગમી રાણી છાણાં વીણતી આણી.

-૦- સ્વભાવ અને શરીરસંબંધી :

(૧) આંખમાં કમળો તેને જગત આખું પીળું દેખાય.
(૨) દેખવું નહી ને દાઝવું નહી. (૩) કજિયાનું મૂળ હાંસી અને રોગનું મૂળ ખાંસી (૪) બાપ તેવા બેટા ને વડ તેવા ટેટાં.
(૫) વરને કોણ વખાણે વરની મા (૬) ગામ હોય ત્યાં ઢેડવાળો હોય. (૭) માછલાનો જળ સાથે પ્રીત જળને કાંઇ નહીં.
(૮) ગાડા નીચે કૂતરું ચાલે તે જાણે હું ભાર તાણું છું.
(૯) કાકા મટી ભત્રીજા થવું. (૧૦) પગે કથીરનું કલ્લું અને નાકનું નસકોર નવ ગજ લાંબું (૧૧) દોરડી બળે વળ ન મૂકે. (૧૨) કાન છે પણ શાન નથી. (૧૩) આંગળી આપતાં પોંચું પકડે.

-૦-

માણસને રોજીરોટી અને રહેઠાણની મૂળભૂત જરૂરિયાત છે: એમાં પણ રહેઠાણ વિના કદાચ ચાલી શકે છે. પરંતુ રોટીની જરૂરિયાત એવી છે કે જો લાંબો સમય એ સંતોષાય ન શકે તો માણસને આખરે મૃત્યુને ભેટવું પડે. શરીરરૂપી યંત્રમાં ખોરાકરૂપી બળતણ ન હોય તો બીજી જરૂરિયાત તો મેળવવા માટે પણ તે અસહાય બને છે. આમ તમામ જરૂરિયાતોને ઊભી કરનાર જરૂરિયાત ભુખ છે. પરંતુ આનો મહત્વનો સંબંધ આર્થિક સ્થિતિ સાથે સંકળાયેલ છે.

નાયકાઓ તેમની નબળી આર્થિક સ્થિતિને કારણે આ કહેવતોને ડગલે ને પગલે અનુભવ કરતા જ હોય છે. રાત - દિવસ ટાઢ - તડકો જોયા વિના તેઓ કાળી મજૂરી બે ટંક પેટ ભરવા માટે કરતા હોય છે. નાયકાઓમે પોતાની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે કેટલી મહેનત કરવી પડતી હશે તેનો ખ્યાલ નીચેની કહેવતથી આવી શકે. "નાયકારે નાયકા, રાત બધી હાયકા, તોયે ન થાયકા". "કમર ભાંગી જવી" ગરીબી એ અન્યાયનુ અને સામાજિક સ્થાન નક્કી કરવાનુ મોટુ કારણ છે, તે નીચેની કહેવત .પરથી સમજાય છે. "ગરીબ બોલે તો ટપલાં પડે અને પૈસાદાર બોલે તો તાલી પડે." આંખ અને કાન વચ્ચે ચાર આંગળાનો ફેર" એ કહેવત ઉપરથી આર્થિક સ્થિતિ સારી હોય તેનુ મહત્વ વિશેષ હોય છે. એ હકીકત સમજાય છે. આથી સમાજના અન્ય ગરીબોનુ મહત્વ ઓછુ એજ કહેવત દશાવે છે. પૈસો પૈસાને ખેંચી લાવે ત્યાં સુધી વાંધો નથી. પરંતુ માણસને માન, નીતિ, વહેવાર બધુ શીખવી પોતાની તરફ ખેંચે છે. આ પ્રકારની કહેવતોમાં (૧) લીલા વનના સૂડા દાણા. (૨) દ્રવ્ય ત્યાં સર્વ. (૩) સૌ લીલાનાં હરણ. (૪) મધ ત્યાં માખ. (૫) કાકા - મામા ગાવાના, પાસે હોય તો ખાવાના. (૬) હાથ પોલો તો જગ ગોલો.

એજ પ્રમાણે લક્ષ્મી ચાલી જતાં માણસ પણ માણસ સામેથી મોઢું ફેરવી જતો હોય છે. તે નીચેની કહેવતો પરથી સમજાય છે.

(૧) ખરચી ખૂટી અને દોસ્તી તૂટી. (૨) લક્ષ્મી વિનાનો લપોડ. (૩) નાણા વગરનો નાથ્થો, નાણે નાથાલાલ. ધનનુ મહત્વ છે. તેથી ઘણીવાર ધન ન હોય તો પણ માણસ એ જાહેરમાં કબૂલ કરતાં શરમાય છે. આવા માટે મશ્કરીમાં કેટલીક કહેવતો



યોજાતી હોય છે. "ભપકા ભારી ને ખીસા ખાલી." "નામ રાખ્યુ ધનાશા અને ઘરમાં હાલ્લાં કુસ્તી કરે." "ખાલી વાસણ ખખડે ઘણું" "તમાચો મારીને મોં લાલ રાખવુ."

## ધાર્મિક નીતિ સંબંધી કહેવતો :

દરેક મનુષ્ય જીવનમાં કોઇ ને કોઇ ધર્મ અને નીતિમાં માનતો હોય છે. ધર્મના સ્વરૂપો કે પ્રક્રિયામાં ભેદ હોય શકે છે. નીતિ વિષયક માન્યતામાં પણ ઘણો ભેદ હોઇ શકે છે. પરંતુ તેનો અભાવ ભાગ્યેજ જીવનમાં જોવા મળશે.

નાયકાઓ અતિ સાદુ - સરળ જીવન જીવતી પ્રજા છે. તેની ધાર્મિક માન્યતાઓ કે નીતિ ભાવના પણ એવી સરળ જોવા મળે છે. બહુ ઉંચુ તત્વજ્ઞાન કે ચિંતન તેમના જીવનમાં હજુ પ્રવેશી શક્યુ નથી. કારણ કે બૌધ્ધિક જીવન કરતાં હજુ પ્રકૃતિ પ્રધાન કુદરતી જીવનની જ તેઓ વધારે નજીક છે. જેથી તેમની આ વિષય અંગેની કહેવતોમાં પણ તેમના જીવન, સ્વભાવ, રિવાજ અને માન્યતાની સરળતાને સાદાઇ નજરે પડે છે. દા.ત. તેમના સરળ અંતઃકરણમાંથી દરેક પ્રસંગે આપત્તિમાં કે મૂઝવણમાં ઇશ્વર પ્રત્યેની અડગ શ્રધ્ધા પ્રગટતી જોવા મળે છે કે "ગરીબોનો બેલી પરમેશ્વર" "નહીં બેલીનો રામ બેલી" એમ કહી શકાય કે આ પ્રકારની શ્રધ્ધા જ તેમને કપરા સંજોગો સામે ટકાવી રાખે છે. આ પ્રજાને ટંકેટંકના રોટલાની ફિકર કરવી પડતી હોય છે. છતાં તેઓ ભગવાન પર શ્રધ્ધા રાખીને કહેતા હોય છે કે "પરમેશ્વરે દાંત આપ્યા છે તો ચાવવાનુ પણ આપશે."

નાયકાઓ ઇશ્વરથી ડરીને ચાલનારી પ્રજા છે. ધર્મ કે ધાર્મિક ક્રિયાઓને તે અતિ પવિત્ર માને છે અને તેવી ક્રિયાઓમાં ખામી અથવા દુષ્કાર્યને પાપ માને છે. તેથી "ધરમના નામે ધતિંગ" થી આ પ્રજા હજુ અજાણ રહી શકી છે. જે છે તે સચ્ચાઇ તેમના ધાર્મિક મામલામાં ડોકાતી જોવા મળે છે. પછી ભલે આધુનિક બુધ્ધિજીવી માનસ તેને "વહેમ" કે "અંધશ્રધ્ધા" કહેવા પ્રેરાય. તેઓને મન તો તે જ સચ્ચાઇ છે.

ઉખાણાનો અર્થ :

ઉખાણું એટલે સમસ્યા, કોયડો, શ્રોતાની તર્કશકિતની પરીક્ષા, બીજાને સંદેહમાં - સંશયમાં નાખે તેવી વર્ણનીય વસ્તુનું નામ ગુપ્ત રાખવું, લોકોમાં ચાલતી પણ નાની વાત, વસ્તુ ઓળખી કાઢવા તેને મળતું આવતું એવું સમસ્યારૂપ કથન. "ઉખાણાં એ કેટલાક માણસોને મન બુધ્ધિ, ચાતુરી અને કૌશલની ચોસઠ કળામાંની એક કળા છે." આ ઉપરથી સમાજમાં તર્કશકિત ધરાવતા માણસોની સ્થિતિનું મહત્વ એક આગવું સ્થાન મેળવી રહે છે.

૦ ઉદાહરણ (પરીક્ષા) :

(૧) કાકા કહે મેં કૌતુક દીઠું, ભર્યા તળાવમાં તરતું દીઠું.
પાણી છે પણ પીતું નથી, ઘાસ છે પણ ખાતું નથી.
( દીવાની દીવેટ )

(૨) તારણા ઓથે ડુંગર રહે. (મનનો અહંકાર)

(૩) ઘઉંનું શું નિત્ય ધરે કરે ભોજન નર-નારી. (ઘી)

(૪) આવું ત્યારે લીલી, જાઉં ત્યારે પીળી,
આવું મારા દેહમાં, ને જાઉં મારા વહેમાં. (કેરી)



(૫) દોરડું ચરે વાછરડું બેસી રહે. (કોળું)

(૬) વાડે વાડે ગોખલા, નાણુભાઇ એકલા. (સસલું)

સંદેહમાં નાખે તેવા :

૦ માનસેનને ત્યાં આવ્યા ધાનસેન, મળવાના હોય તો ચાલો નહિ તો સીતાનપુર ચાલ્યા. (ચોખાનું ઓસામણ)

૦ એક થાળીમાં રાયના અબજો દાણા. (તારા)

૦ વાંકી ચૂકી નદી, સીધું પાણી જાય. (તીર-કામઠું)

બહુશ્રુતપણું - શબ્દજ્ઞાન - આપે તેવા :

(અ) ભલી નદીમાં ભગત ધુણે. (ગૂદરડો)

(બ) ત્રણ પગવાળી ટીટોડી ઉભે બજારે જાય, લોકો કહે આ કયું જાનવર જાય. (ત્રાજવું)

(ક) એક જ ડબ્બામાં બે જાતના ઘી. (ઇંડું)

(ડ) કાળો દોરો રસ્તામાં પડી રહે. (કીડીની હાર)

આનંદ - વિનોદના ઉખાણાં :

(૧) મારા કાકા કાળા તો કાળા, પણ માથે ચામડીનો ભારો.
(તાડ)

(૨) મા વાઘરણ જેવી અને બાળક ફૂલથી પણ કોમળ.
(ખજૂરીનાં ખજૂર)

(૩) કાળી છું રે કાળી, કાળી વનમાં રહેતી, પણ લાલ પાણી પીતી : (માથાની જૂ)

(૪) બત્રીસ પીપળાને એકજ પાન. (જીભ)

(૫) નગરમાં નગ્ન ફરે અને વનમાં પહેરે ચીર. (સોપારી)
(૬) લીલી સોટી પકડાય નહીં - વાછરડો પકડાય નહીં.
(સાપ - વાઘ)
(૭) મા વાંસે - બાપ દોડયો જાય. (સોય - દોરો)

<u>ગુચવાડા ભરેલા અર્થપૂર્ણ :</u>

(૧) પડી પડી પણ ભાગી નહીં, કકડા થયા બે ચાર,
વગર પાંખે ઉડી ગઇ, રાજ કરે વિચાર. (વીજળી)
(૨) સુકા રણમાં ડોસો દાંત કાઢીને હસે. (દાંત)
(૩) હુ જતો હતો, તે ઉભો હતો, તે બેઠો હુ બેઠો.
(બાવળનો કાંટો)
(૪) કાળો એટલે કાગ નથી, લાંબો એટલે નાગ નથી,
ફૂલ ચઢે મહાદેવ નહીં, તેલ ચઢે હનુમાન નથી. (ચોટલો)
(૫) એક જાનવર એવું કે પૂછડે પાણી પીવે. (દીવો)
(૬) તીખી તીખી તલસડી વાંસના સરખા પાન. (આદુ)

આ ઉપરાંત કેટલાંક ઉખાણાં વનસ્પતિ, ખેતીવાડી, કુદરત, પશુ-પખી, શારીરિક, ગણિત-ગમ્મત, શબ્દ રમત, વપરાશી વસ્તુ અને વ્યવહારિક સંબંધી ઉખાણાં આપણને જોવા મળે છે. નાયકાઓ જીવનમાં મર્યાદિત રીતે સંસર્ગમાં આવે છે. સાથે તેમની વ્યવહારિક જાણકારી અને સંબંધકર્તા પણ મર્યાદિત રહેવાનું, આથી તેઓ જે કંઇ વ્યવહાર કરે તેમાં તેઓ જોયેલ, અને અનુભવેલ જ વસ્તુનો માધ્યમ તરીકે ઉપયોગ કરતા હોય છે જેમકે -

-૦- લાંબુ લાંબુ લહપગ, ત્રણ માથાં ને દસ પગ. (હળ અને માણસ)



-૦- ભલા હિમાળામાં ડોસો કેડ બાંધી રહે. (ઘાસનો પૂળો)
-૦- તારી માનું પેટ ફાટયુ, મારી માં સૂપડુ લઇને દોડી.
(કોઠી અનાજની)
-૦- હલ્લો હોડોને ઉપર ગોઠો. (જુવાર)
-૦- ઝાડ જેવું ઝાડ તેને મરી જેવડાં પાન. (બાવળ)
-૦- મોટા તળાવમાં ડોશી દાંત કાઢી હશે. (કપાસ)
-૦- વાડે - વાડે લોહીનાં ટીપાં. (ચણોઠી)
-૦- નાનો ભાઇ ચળ-ચળ પાઘડી વીંટે. (કાંદો)

<u>કુદરત - પશુપખીને આધારે બનાવેલાં ઉખાણાં :</u>

(૧) લીલી ચકલી પીળી ચકલી હીંચકા ખાય. (કેરી)
(૨) ઘરમાં ઘર તેમાં રમે કેસરીયો વર. (નાળિયેર, શ્રીફળ)
(૩) કાકાનો કાળીયો બળદ ગીહણે - હળે જોડે તો ખૂબ દોડે.
(ધૂમાડો)
(૪) વાડે - વાડે બાંડો સાપ, છોકરુ કહે તારો બાપ. (નોળિયો)

<u>શરીર સંબંધી કેટલાંક ઉખાણાં :</u>

(૧) કાળા વનમાં ધોળો રસ્તો. (માથાનો સેંથો - પાંથી)
(૨) ભાઇઓ ભરડે અને એકજ બેન ચાળે. (દાંત-જીભ)
(૩) એક ભાઇ પડી જાય તો બીજા વીસ ભાઇ દોડી જાય.
(હાથ-પગની આંગળીઓ)
(૪) તે ગયું, તે આવ્યું. (નજર)

આ ઉપરાંત કેટલાક ગણિતને લગતાં ઉખાણાં પણ બોલે છે:-

-o- સાળો જમાઇ બે રોટલા બનાવ્યા ત્રણ સરખા વહેંચવાના.

-o- બાવાની વઉ બાવી શેર લોટ લાવી રોટલા બનાવ્યાં બે,
તો દરેકનું વજન કેટલું........ (અર્ધા શેરનું)
(બાવી - ભીખારણ)

-o- લાખ રૂપિયે શેર તો પા શેરનું શું.

વ્યવહારિક ઉખાણાં :
---------------

આપણે ત્યાં ઉખાણાં એ એક વિશિષ્ટ પ્રકારનું શિક્ષણ છે. આનંદ પ્રમોદનું સાધન છે. અહીં નાયકાઓ પોતાના રોજીંદા જીવન-વ્યવહારમાં અવાર-નવાર પ્રસંગને અનુરૂપ કેટલાક ઉખાણાં વાપરતા જોવા મળે છે.

-o- બધે ફરી આવીને નદીએ આવી માંદા પડયા. (જોડા-ચંપલ)
-o- ચાર ભાઇઓ ખાંગે બેઠા, એક બીજાની હોળમાં બેઠા.
(ખાટલો - ચારપાયા)
-o- મા લટકે, દીકરી ભટકે. (તાળુ - ચાવી)
-o- બે ભાઇઓ દિવસે છૂટા પડે રાત્રે મળે. (ઘરના બારણાં)
-o- ગળયુ ખરુ પણ ગોટલુ નહીં. (કેળુ)
-o- જા, જા, પણ મને દેતી જા. (બારણું)
-o- હું ડુંગર તરફ જાઉં છું ત્યારે ઘર તરફ મુખ હોય છે, અને ડુંગર
તરફથી ઘર તરફ જાઉં છું ત્યારે ડુંગર તરફ મુખ હોય છે.
(કુહાડી)
-o- આકાશ ઘેહરો, નીચે ઈંડુ. (મહુડુ)
-o- બડીક બકરી, કુખમાં દાંત. (માટીની વાઢી)
-o- ફુવડ બેરૂ, ઝાંપે ઉકરડો. (કરચલો)



-o- ડોહો ઉઠે તેવો માથે આંતરડાં ગોવે. (ફાળીયુ)
-o- ડોસી ઉઠે તેવી દરમાં હાથ ગાલે. (કબજો)
-o- [illegible]ાભલી કૂતરી બે બાજુ મૂતરે. (ઘર)
-o- કામમાં કામ, ઝટ કામ. ( લાજ કાઢવી)
-o- આખા ખેતરમાં બે પૂળા. (સૂર્ય, ચંદ્ર)
-o- એક કાકડી કાપી, તેની ચાર ચીરી કરી,
દરેક ચીરીનો જુદો જુદો સ્વાદ. (દૂધ, દહીં, માખણ,ઘી)
-o- એક જાનવર એવું કે ચૂપે ચૂપે ચોર નહીં,
ગળે કાંઠલો પોપટ નહીં, ચાર પગ ઢોર નહીં,
લાંબી પૂછડી, વાંદરો નહીં, માથે મુગટ મોર નહીં.
(કાંચડો)
-o- ઘીચણ જેટલી ગાય, નીરે તેટલુ ખાય. (ઘંટી)
-o- મા બરાબર છોરાં ચડી. (તુવેર)
-o- લીલુડી ગોડી, પિત્તળીયા પલણ,
અડવા દે પણ ચઢવા ન દે. (થોળ)
-o- આંતેલા, જાંતેલા, ઘરમાં ઘૂઘરા વાઘતેલા, તુમ જાતેલા.
(છાશ)

## પ્રકરણ :: ૩

## સાગટાળા - ૧૯૬૯

સાગટાળા ગામ બારિયા તાલુકાની દક્ષિણ પૂર્વ દિશામાં આવેલુ છે. ગામથી તાલુકા મથક ૧૭ કિ.મી. ના અંતરે આવેલુ છે. ગામમાં મુખ્યત્વે નાયકા જાતિની વસતિ છે. તપાસ સમયે ગામમાં લગભગ ૧૨૦ કુટુંબો હતા. જેમાંથી ૬૪ કુટુંબો તપાસ માટે પસંદ કરાયા હતા. તપાસેલ કુટુંબોની કુલ વસતિ ૩૧૨ ની હતી. જેમાં ૧૪૩ પુરૂષો અને ૧૬૯ સ્ત્રીઓ હતી. કુટુંબનું કદ સરેરાશ ૫ સભ્યોનુ હતુ. તપાસેલ ૬૪ કુટુંબોની વિગતવાર પરિસ્થિતિ નીચે મુજબ હતી.

તપાસેલ કુટુંબોના ઘરની પરિસ્થિતિ જોઇએ તો ચોસઠે કુટુંબના ઘરો કાચા, સાંઠાની દિવાલવાળા જેમાં એક ઇંટ માટીની દિવાલવાળુ હતુ અને છાજ દેશી નળીયાથી છવાયેલા હતા. તપાસેલ કુટુંબોના ઘરના ખંડો :-

તપાસમાં લીધેલા કુલ કુટુંબમાંથી ૮૨.૮ ટકા ઘરો એક ખંડવાળા હતા. જ્યારે ૧૫.૬ ટકા ઘરો બે ખંડવાળા હતા અને ત્રણ ખંડવાળા મકાન ૧.૬ ટકા હતા. એટલે કે અનુક્રમે ૫૩, ૧૦ અને ૧ એમ કુલ ૬૪ કુટુંબોના ઘરોની પરિસ્થિતિ હતી. જે કોઠા - ૧ માં દર્શાવ્યુ છે. જ્યારે કોઠા - ૨ માં મકાનના ક્ષેત્રફળની માહિતી દર્શાવવામાં આવી છે. જેમાં કુલ ઘરોમાંથી ૨૦ મકાનો ૧૫ X ૧૪ ચો.ફૂટ, ૧૧ મકાનો ૨૦ X ૧૫ ચો.ફૂટ, ૧૨ મકાનો ૨૦ X ૨૦ ચો. ફૂટ, ૪:૪ મકાનો અનુક્રમે ૨૫ X ૨૦ ચો.ફૂટ અને ૨૫ X ૨૫ ચો.ફૂટ. જ્યારે ૧૩ મકાનો ૩૦ X ૨૨

ચોરસ ફૂટનું ક્ષેત્રફળ ધરાવતાં હતાં. જે વિગતે કોઠામાં દર્શાવ્યું છે.

કોઠા - ૩ માં તપાસેલ કુટુંબોની સભ્ય સંખ્યા દર્શાવવામાં આવી છે. જેમાં ૪૫.૮ ટકા પુરૂષો અને ૫૪.૨ ટકા સ્ત્રીઓ હતી. જે કોઠામાં દર્શાવ્યું છે.

કોઠા - ૪ માં સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ દર્શાવ્યું છે. તપાસેલા કુલ ૬૪ કુટુંબોમાંથી ૧૨ કુટુંબો બે ની સભ્ય સંખ્યા ધરાવતાં હતાં, જે સભ્ય સંખ્યા ઓછામાં ઓછી હતી અને સૌથી વધુ એટલે કે ૧૧ સભ્ય સંખ્યાથી વધુ વ્યકિતઓ હોય તેવું માત્ર એક જ કુટુંબ હતું. જેની વિગતે કોઠો - ૪ જોવાથી ખ્યાલ આવશે.

કોઠો - ૧

| મકાનના ખંડો | મકાનની સંખ્યા | ટકા |
|---|---|---|
| ૧ ખંડ | ૫૩ | ૮૨.૮ |
| ૨ ખંડ | ૧૦ | ૧૫.૬ |
| ૩ ખંડ | ૧ | ૧.૬ |
| કુલ.... | ૬૪ | ૧૦૦.૦ |



કોઠો - ૨

| મકાનનું ક્ષેત્રફળ | મકાનની સંખ્યા | ટકા |
|---|---|---|
| ૧૫ X ૧૪ ચો. ફૂટ | ૨૦ | ૩૧.૩ |
| ૨૦ X ૧૫ ચો. ફૂટ | ૧૧ | ૧૭.૨ |
| ૨૦ X ૨૦ ચો. ફૂટ | ૧૨ | ૧૮.૮ |
| ૨૫ X ૨૦ ચો. ફૂટ | ૪ | ૬.૩ |
| ૨૫ X ૨૫ ચો. ફૂટ | ૪ | ૬.૩ |
| ૩૦ X ૨૨ ચો. ફૂટ | ૧૩ | ૨૦.૧ |
| કુલ | ૬૪ | ૧૦૦.૦ |

કોઠો - ૩

સભ્ય સંખ્યા દર્શાવતો કોઠો

| કુટુંબ સંખ્યા | સભ્ય સંખ્યા | | કુલ |
|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | |
| ૬૪ | ૧૪૩ | ૧૬૯ | ૩૧૨ |
| ટકા | ૪૫.૮ | ૫૪.૨ | ૧૦૦.૦ |

## ઘર :

નાયકડા લોકો પોતાના ઘરો છૂટાછવાયા રાખે છે. આનુ કારણ જ્યાં જ્યાં તેમની જમીન હોય ત્યાં જ ઘર બાંધવાથી જમીનની દેખરેખ રાખી શકાય. આ ઉપરાંત તેમની પાસે ગાડાં નહીં હોવાથી ખેત ઉત્પાદનને ઘર સુધી પહોંચાડવામાં પણ મુશ્કેલી ન પડે તે માટે પોતાની જમીન ઉપર જ ઘર બાંધીને રહે છે. તેમના ઘરોમાં વાંસના ખપાટીયા જોવામાં આવે છે. કેટલાક ઘરોમાં દિવાલ ઉપર માટીથી લીંપણ કરી લેવામાં આવે છે. જ્યારે કેટલાક ઘરો ફકત વાંસનાં ખપાટીયાથી ગૂંથેલા હોય છે. ઘરની અંદર વાંસનુ એક માળિયુ પણ બનાવે છે. જેમાં તેમની જરૂરી વસ્તુઓ પડી રહે છે: છાપરાં મોટેભાગે થાપડાં અને નળિયાનાં હોય છે. ઘરમાં પ્રકાશ માટે બારીઓની સગવડ હોતી નથી. સામાન્ય રીતે ઘરના બે દરવાજા હોય છે. કેટલાક ઘરોમાં બે ઓરડાઓ હોય છે: જ્યારે કેટલાક ઘરો એક ઓરડાવાળા પણ હોય છે. કેટલાક ઘરોમાં ઢોર બાંધવા માટે જુદા વાડા પણ રાખવામાં આવે છે:

૧૯૬૯ ની તપાસ વખતે પાંચેક આદિવાસી કુટુંબના મકાનો-ની દિવાલ પાકી અને બે ખંડવાળા મકાન હતાં. જેમાંથી એક આદિવાસીનુ મકાન સિમેન્ટના પ્લાસ્ટરવાળુ પણ હતુ. આ રીતના મકાનો સરકારશ્રી તરફથી સબસીડી અને તગાવી લઇને બનાવેલા હતા. આનો લાભ જંગલ મંડળીમાં કામ કરતા કુટુંબને અને જંગલ મંડળીમાં કામ કરતા અમલદારને મળયો હતો. અન્ય આદિવાસી કુટુંબોને આવો લાભ મળયો નહતો. ગામ આગેવાનોને આ બાબત અંગે પૂછતાં જાણવા મળવુ કે બીજા લોકો આવો લાભ લેવા માટે



તૈયાર નહીં હોવાથી તેનો લાભ લઇ શકયા નથી. તેમના મકાનની આજુબાજુ શાકભાજીના વેલાઓ રાખે છે. કેટલાક ખેડૂત કુટુંબો થોડી તમાકુ પણ કરે છે.

કોઠો - ૪

સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબોનુ વર્ગીકરણ

| સભ્ય સંખ્યા | કુટુંબ સંખ્યા |
|---|---|
| ૨ | ૧૨ |
| ૩ | ૧૧ |
| ૪ | ૯ |
| ૫ | ૯ |
| ૬ | ૬ |
| ૭ | ૮ |
| ૮ | ૪ |
| ૯ | ૪ |
| ૧૦ | - |
| ૧૧ | - |
| ૧૧ થી વધુ | ૧ |
| કુલ... | ૬૪ |

## કોઠો - ૫

### કેટલી પેઢીથી વસવાટ કરે છે તેની માહિતી

| પેઢી | કુટુંબ સંખ્યા |
|---|---|
| ૧ | ૨ (૩.૧) |
| ૨ | ૪ (૬.૩) |
| ૩ | ૫ (૭.૮) |
| ૪ | ૧૩ (૨૦.૩) |
| ૫ | ૧૩ (૨૦.૩) |
| ૬ | ૫ (૭.૮) |
| ખબર નથી | ૨૨ (૩૪.૪) |
| કુલ ... | ૬૪ (૧૦૦.૦) |

નોંધ :- કૌંસમાં દર્શાવેલા આંકડા ટકાવારી દર્શાવે છે.

ઉપરના કોઠામાં ૧૯૬૯ ની તપાસ વખતે તપાસેલા કુટુંબો પાસેથી પેઢીઓ પ્રમાણે વસવાટની સ્થિતિ અંગેની માહિતી મેળવવામાં આવી હતી. જેમાં ૨૨ કુટુંબોને તો કેટલા સમયથી આ ગામમાં વસવાટ કરે છે, તેની ખબર ન હતી. ૫ કુટુંબો ૬ પેઢીથી આ ગામમાં વસતા હતા. જ્યારે ૧૩ કુટુંબો અનુક્રમે ૪ અને ૫ પેઢીથી વસવાટ કરતા હતા. બાકીના ૯ કુટુંબોએ ૧ થી ૩ પેઢીથી વસવાટ કર્યો હતો. જે કોઠો -- ૫ જોવાથી સ્પષ્ટ થાય છે.



## કોઠો - ૬

### કુટુંબનો પ્રકાર

| સંયુકત | વિભકત | કુલ |
|---|---|---|
| ૨૦ | ૪૪ | ૬૪ |
| ૩૧.૩ | ૬૮.૭ | ૧૦૦.૦ |

નમૂનાના કુટુંબનો પ્રકાર જોઇએ તો તપાસેલા કુલ કુટુંબો-માંથી ૩૧.૩ ટકા એટલે કે ૨૦ કુટુંબો સંયુકત હતા, જ્યારે ૬૮.૭ ટકા કુટુંબો એટલે કે ૪૪ કુટુંબો વિભકત હતા. વિભકત કુટુંબ વધુ હોવાનું મુખ્ય કારણ એ લગ્ન પછી તરત જ છોકરાને અલગ રાખવા-માં આવે છે. તેનો અલગ ઘર બાંધી આપવામાં આવે છે. અને તે જુદો રહે છે. જેથી આ જાતિમાં વિભકત કુટુંબ વધુ જોવા મળે છે.

કોઠા - ૬ માં કુટુંબના પ્રકારનું વર્ગીકરણ જોયા પછી કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ તપાસીએ. કુટુંબના સભ્યોનુ વયજૂથ પ્રમાણે વર્ગીકરણ કોઠા -- ૭ માં આપવામાં આવ્યું છે.

## કોઠો - ૭

### વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| વયજૂથ | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ૬ વર્ષથી નીચેના | ૨૨ | ૩૦ | ૫૨ (૧૬.૭) |
| ૭ થી ૧૫ વર્ષ | ૨૪ | ૩૬ | ૬૦ (૧૯.૨) |
| ૧૬ થી ૨૫ વર્ષ | ૨૩ | ૨૯ | ૫૨ (૧૬.૭) |
| ૨૬ થી ૩૫ વર્ષ | ૨૬ | ૨૮ | ૫૪ (૧૭.૩) |
| ૩૬ થી ૫૦ વર્ષ | ૨૯ | ૨૫ | ૫૪ (૧૭.૩) |
| ૫૦ થી ઉપર | ૧૯ | ૨૧ | ૪૦ (૧૨.૮) |
| કુલ ... | ૧૪૩ | ૧૬૯ | ૩૧૨ (૧૦૦.૦) |
| ટકા | ૪૫.૮ | ૫૪.૨ | ૧૦૦.૦ |

ઉપરના કોઠા પરથી જોઇ શકાય છે કે નમૂનાના કુટુંબોની કુલ સભ્ય સંખ્યામાંથી ૧૬.૭ ટકા ૬ વર્ષથી નીચેના બાળકો હતા. જ્યારે ૭ થી ૧૫ વર્ષની વયના ૧૯.૨ ટકા વ્યક્તિઓ હતી. ૧૬ થી ૨૫ વર્ષની વયના સભ્યો ૧૬.૭ ટકા, ૨૬ થી ૩૫ વર્ષની વયના ૧૭.૩ ટકા સભ્યો, ૩૬ થી ૫૦ વર્ષની વયના ૧૭.૩ ટકા સભ્યો અને ૫૦ વર્ષથી ઉપરની વયના સભ્યોની સંખ્યા ૧૨.૮ ટકા હતી. આમ કુલ સભ્ય સંખ્યામાંથી સૌથી વધુ ૭ થી ૧૫ વર્ષની વયના સભ્યો હતા. જ્યારે કામ કરી શકે તેવા ૧૬ થી ૫૦ વર્ષ સુધીના સભ્યોનું પ્રમાણ એક સરખુ હતું.

ઉપરના કોઠા - ૭ માં નમૂનાના કુટુંબોના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ તપાસ્યા પછી સભ્યોનું વૈવાહિક દરજ્જા પ્રમાણે સ્થિતિ તપાસીએ તો કુલ સભ્ય સંખ્યામાંથી ૩૮.૮ ટકા સભ્યો



અપરિણિત હતા, ૫૪.૮ ટકા સભ્યો પરિણિત હતા, ૫.૧ ટકા સભ્યો વિધુર - વિધવા હતા અને ૧.૩ ટકા સભ્યો કે જેમના પતિ/પત્ની જતા રહયા હોય તેવા હતા. વૈવાહિક દરજ્જા પ્રમાણે સભ્ય સંખ્યાનુ વર્ગીકરણ કોઠો - ૮ જોવાથી વધુ ખ્યાલ આવશે.

કોઠો - ૮ જોયા પછી નમૂનાના કુટુંબોમાંથી પરિણિત સભ્યોની લગ્ન સમયની ઉંમર દર્શાવવામાં આવી છે. જેમાં ૯૦ પુરૂષ અને ૧૦૧ સ્ત્રીઓ પરિણિત હતી. જેમણે ૧૫ વર્ષથી માંડીને ૩૦ વર્ષના ગાળામાં લગ્ન સંબંધથી જોડાયેલ હતા. જેનો કોઠો-૯ જોવાથી વધુ ખ્યાલ આવશે.

## કોઠો - ૮

### વૈવાહિક દરજ્જો

| વિગત | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| અપરિણિત | ૫૩ | ૬૮ | ૧૨૧ (૩૮.૮) |
| પરિણિત | ૮૪ | ૮૭ | ૧૭૧ (૫૪.૮) |
| વિધુર - વિધવા | ૪ | ૧૨ | ૧૬ (૫.૧) |
| પતિ-પત્ની જતા રહયા હોય | ૨ | ૨ | ૪ (૧.૩) |
| કુલ ... | ૧૪૩ | ૧૬૯ | ૩૧૨ |
| ટકા | ૪૫.૮ | ૫૪.૨ | ૧૦૦.૦ |

## કોઠો - ૯

### લગ્ન સમયની ઉંમર દર્શાવતો કોઠો

| લગ્નની ઉંમર | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ૧૫ વર્ષ સુધીમાં | ૧૦ | ૨૦ | ૩૦ (૧૫.૭) |
| ૧૬ થી ૧૮ | ૨૨ | ૪૩ | ૬૫ (૩૪.૦) |
| ૧૯ થી ૨૧ | ૩૯ | ૩૧ | ૭૦ (૩૬.૬) |
| ૨૨ થી ૨૪ | ૧૦ | ૬ | ૧૬ (૮.૪) |
| ૨૫ થી ૩૦ | ૮ | ૧ | ૯ (૪.૮) |
| ૩૦ થી ઉપર | ૧ | - | ૧ (૦.૫) |
| કુલ ... | ૯૦ (૪૭.૧) | ૧૦૧ (૫૨.૯) | ૧૯૧ (૧૦૦.૦) |

## કોઠો - ૧૦

### કુટુંબના વડાનું શિક્ષણ

| વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|
| અભણ | ૫૯ | ૯૨.૨ |
| ભણેલ | ૫ | ૭.૮ |
| કુલ ..... | ૬૪ | ૧૦૦.૦ |

૧૯૬૯ ની તપાસ સમયે કુટુંબના વડાની શૈક્ષણિક સ્થિતિ અંગેની માહિતી એકત્ર કરવામાં આવી હતી. જે કોઠા-૧૦ માં દર્શાવી છે. નમૂનાના કુટુંબોમાંથી ૫૯ કુટુંબોના વડા અભણ હતા,



જ્યારે ૫ કુટુંબના વડાઓએ પ્રાથમિક કક્ષાનું ધોરણ ૧ થી ત્રણ સુધીનું શિક્ષણ મેળવ્યું હતું. કુટુંબના બધા જ સભ્યોનું શિક્ષણ તપાસીએ તો કુલ સભ્ય સંખ્યામાંથી ૧૯ પુરૂષ અને ૧૫ સ્ત્રીઓ ભણેલી હતી. જ્યારે ૧૨૪ પુરૂષ અને ૧૫૪ સ્ત્રીઓ અભણ હતી. આમ કુલ સભ્ય સંખ્યામાંથી ૩૪ સભ્યોએ ધોરણ ૧ થી ૭ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. જ્યારે ૨૭૮ સભ્યો બિલકુલ અભણ હતા. આ જાતિમાં શિક્ષણનું પ્રમાણ પણ નહિવત જોવા મળયું હતું. ૧૯૭૯-૮૦ ની તપાસ વખતે પણ શિક્ષણનું પ્રમાણ નહિવત જ હતું.

### ઘરવખરી :

ઘરવખરીની ચીજોમાં એકાદ બે એલ્યુમિનિયમની તપેલી, લોટા, પવાલું, પિત્તળના કપ-રકાબી અને બાકીના મોટાભાગનાં વાસણો હોય છે. અનાજ રાખવા માટે વાંસની બનાવેલી કોઠી (પવાલું) બે-ચાર શીશીઓ, ઘંટી, ગોદડીઓ, ખાટલા અને ટોપલીઓ વગેરે હોય છે. કેટલાક કુટુંબો પેટરી, છત્રી, ફાનસ તથા કપડાં મૂકવા માટેની પેટી રાખે છે. આમ તદ્દન સામાન્ય મકાનો અને ખૂબજ ઓછી ઘરવખરીથી તેઓ નભાવે છે. આ ઘરવખરી તેમને મન પૂરતી છે.

## કોઠો - ૧૧

### ઘરવખરીના સાધનોની સંખ્યા

| વિગત | સંખ્યા |
|---|---|
| તાંબાના વાસણો | ૧૦ |
| એલ્યુમિનિયમ | ૧૨૦ |
| પિત્તળ | ૯૨ |
| સ્ટીલ | ૪ |
| માટી | ૫૪૨ |
| અન્ય | ૬ |
| ખાટલા | ૧૩૦ |
| ટેબલ/ખુરશી/તિપોઇ | - |
| સાયકલ | - |
| ઘડિયાળ | - |
| જાળ | ૬ |
| ફાનસ/ચીમની | ૬૨ |
| ટોપલા/ટોપલીઓ | ૧૮૭ |
| ઘંટી | ૬૦ |
| પેટી | ૧૯ |
| બેટરી | ૧૬ |
| છત્રી | ૨૩ |
| અન્ય | ૪૨ |
| કુલ | ૧૩૧૯ |
| કુટુંબદીઠ સંખ્યા | ૨૦ |



આદિવાસી નાયકા જાતિ પાસે ઘરવપરાશના ખૂબજ ઓછા સાધનો જોવા મળે છે. ઘરવખરીના સાધનોમાં માટી અને એલ્યુમિનિયમના વાસણો વધુ જોવા મળે છે. આ જાતિ એ સૌથી ઓછા સાધનોથી પોતાનુ ઘર ચલાવે છે. ઘરમાં મોટેભાગે કાથીના ખાટલા, ટોપલા-ટોપલીઓ અને ઘંટી તેમજ એકાદ જોડ કુટુંબના સભ્યોના પહેરવાના કપડાં જોવા મળે. આ સિવાય તેમની પાસે કોઇ ખાસ સાધનો જોવા મળતાં નથી. ઘરવખરીના સાધનોની માહિતી કોઠા - ૧૧ માં દર્શાવી છે. જેના ઉપરથી ખ્યાલ આવશે કે આ જાતિ એ તદ્દન પછાત છે અને કોઇજ ફેરફાર આપણને જોવા મળશે નહિ. નમૂનાના કુટુંબોની કુટુંબદીઠ બધા મળીને ૨૦ જેટલા સાધનો થતા હતા. જે કોઠાના વર્ગીકરણ ઉપરથી જોઇ શકાય છે.

### પશુધન :

આ જાતિ પાસેનુ પશુધન જોઇએ તો નમૂનાના કુટુંબો પાસેના પશુધન તપાસવાથી વધુ ખ્યાલ આવશે. તપાસેલ કુલ કુટુંબ પાસે સરેરાશ ૧૦ ની સંખ્યાનુ પશુધન હતુ. જેમાં ગાય, ભેંસ, બકરાં-ઘેટાં, બળદ, વાછરડા, પાડા-પાડી અને મરઘાંનો સમાવેશ થાય છે. વિગતવાર જોવા જઇએ તો એક કુટુંબ પાસે ઉપયોગમાં લેવાતુ એક પશુ બળ પણ ન હતુ. નમૂનાના કુટુંબો પાસે ૪૪ ગાયો, ૨૬ ભેંસો અને ૯૬ બળદ હતા. જેમાં ઘણા કુટુંબો પાસે માત્ર એક જ બળદ હતો. જ્યારે ત્રણથી ચાર કુટુંબો પાસે તો બળદ પણ ન હતો. જેઓ પોતાની ખેતી ભાગે કરાવતા હતા. આમ આ જાતિ પાસે પશુધન પણ પૂરતુ ન હતુ. જેનો ખ્યાલ કોઠો - ૧૨ જોવાથી આવશે.

## કોઠો - ૧૨

### પશુધનની માહિતી

| વિગત | સંખ્યા |
|---|---|
| ગાય | ૪૪ |
| ભેંસ | ૨૬ |
| ઘેટાં/બકરા | ૯૨ |
| બળદ | ૯૬ |
| વાછરડા | ૧૫ |
| વાછરડી | ૮ |
| પાડા | ૮ |
| પાડી | ૨૦ |
| મરઘાં | ૩૬૦ |
| કુલ... | ૬૬૯ |
| કુટુંબદીઠ કુલ સંખ્યા | ૧૦ |



## કોઠો - ૧૩

### ખેતીના સાધનોની સંખ્યા

| વિગત | સંખ્યા |
|---|---|
| હળ | ૫૦ |
| કરબ | ૩૫ |
| સમાર | ૨૮ |
| વાવણીઓ | ૩૪ |
| નાના ઓજારો | ૧૯૨ |
| ગાડુ | ૩ |
| કૂવો | ૩ |
| કુલ સંખ્યા | ૩૪૫ |

૧૯૬૯ ની તપાસમાં લીધેલા નમૂનાના કુટુંબો પાસેના ખેતીના સાધનો અપૂરતા હતા. એટલું જ નહીં પરંતુ તે ઘણા જૂના પણ હતા. ખેતીના સાધનોમાં હળ, કરબ, વાવણીયો અને નાના ઓજારો કે જેમાં દાતરડા, કુહાડી, પાવડાનો સમાવેશ થતો હતો. ખેતી કરવા માટે આ કોમ લાકડાના હળનો વધુ ઉપયોગ કરતી જોવા મળી હતી. કરબ પણ નમૂનાના કુટુંબોમાંથી ૩૫ કુટુંબો પાસે હતા. જ્યારે વાહતુકના સાધનો કે જેમાં ગાડાઓની સંખ્યા માત્ર ત્રણ જ હતી. જેનો વિગતે ખ્યાલ કોઠો -૧૩ જોવાથી આવે છે.

### કોઠો - ૧૪

### જમીનનું પ્રમાણ દર્શાવતો કોઠો

| વિગત | એ. ગુઠા |
|---|---|
| કુલ જમીન | ૧૯૮.૧૦ |
| કુલ કુટુંબ | ૬૪ |
| કુટુંબદીઠ જમીન | ૩.૧ |

આગળ ઉપર કોઠા - ૧૩ માં ખેતીનાં સાધનો જોયા પછી કોઠા - ૧૪ માં નમૂનાના કુટુંબો પાસેની કુલ જમીન દર્શાવવામાં આવી છે. નમૂનાના કુટુંબો પાસે કુલ ૧૯૮ એકર અને ૧૦ ગુઠા જમીન હતી. જે કુટુંબદીઠ ૩.૧ એકર થતી હતી.

#### જમીન :

સાગટાળા ગામમાં કુટુંબદીઠ જમીનનું પ્રમાણ ઘણું ઓછું છે અને જે જમીનો છે તે પણ ઢાળવાળી અને બિનઉત્પાદક જોવા મળી હતી. આ વિસ્તારના મુખ્ય પાક જુવાર ખરીફ, જુવાર રવિ પાક, બાજરી, મકાઇ, ડાંગર, સામલી અને કોદરા છે.

#### ખેતી :

ગામના લોકોનો મુખ્ય ધંધો ખેતી અને મજૂરી છે. ૧૯૬૧ ની વસતિ ગણત્રી પ્રમાણે કુલ ૩૦૪ માણસો કામ કરતા હતા. જેમાંથી ૨૦૭ ખેતીમાં અને ૮૦ મજૂરીના ધંધામાં રોકાયેલા હતા. તપાસના સમયે ખેતી અને મજૂરી એજ આજીવીકાનું મુખ્ય સાધન હતું. વેપાર



રોજગાર બાંધકામ કે ઉદ્યોગોમાં કોઇપણ રોકાયેલ ન હતું. હલકા પ્રકારની નોકરીઓમાં ત્રણેક વ્યકિતઓ કામ કરતી હતી. મજૂરીમાં ખેતમજૂરીનું પ્રમાણ ઘણું જ ઓછું છે. જંગલ મજૂરી તથા અછતના સમયમાં બાંધકામમાં સારા પ્રમાણમાં મજૂરી મળી રહે છે. કુલ ખેડાણ લાયક જમીન ૪૯૬.૦ એકર છે. જયારે કુલ વસતિ ૫૬૦ ની છે. એટલે કે વ્યકિતદીઠ એક એકર કરતાં પણ ઓછી જમીન ખેડાણ નીચે આવે છે. વળી ખેડાણલાયક જમીન ખૂબજ હલકા પ્રકારની ગુણવત્તા ધરાવે છે. જેથી ખેડાણ નીચેની જમીનમાં વૃક્ષોનું પ્રમાણ વધારે હોવાથી ખેતીમાં નુકશાન થતું હોય છે.

#### મુખ્ય પાકો :

આ વિસ્તારમાં મુખ્ય પાક મકાઇ છે. ૧૯૬૯ ની તપાસ વખતે મકાઇનું વાવેતર ૧૫૫ એકર જમીનમાં હતું. ત્યાર પછી કઠોળ તથા ડાંગરનું વાવેતર પણ કરે છે. તે વખતે ડાંગર તથા કઠોળનું વાવેતર અનુક્રમે ૫૮ અને ૫૯ એકરનું હતું. શાકભાજી તથા ફળ-ફળાદિ નું વાવેતર બિલકુલ નથી. હલકા ધાન્યમાં કોદરા, બાવટો વગેરેનું વાવેતર કરવામાં આવે છે. તેલીબિયાં તેમજ થોડાક પ્રમાણમાં મગફળીનું વાવેતર થાય છે. કેટલાક ખેડૂતો કપાસનું વાવેતર કરતા થયા છે. દુબારી વાવેતરનું પ્રમાણ નજીવું છે. કેટલીક જમીનને તેઓ "વાસેલ" (પડતર) રાખે છે. પાકવારી જોઇએ તો મકાઇ એજ તેમનો મુખ્ય પાક છે. સારો વરસાદ હોય તો ડાંગરનો પાક થઇ શકે છે.

ખેતી માટેની ત્રણ મુખ્ય જરૂરિયાતો છે. ગુજરાતમાં કહેવત છે કે "ખેડ, ખાતર અને પાણી કરમને લાવે તાણી." એટલે કે સારી ઉપજ માટે જમીનને ખૂબજ ખેડવી જોઇએ. પૂરતું ખાતર નાખવું

જોઇએ અને જરૂર પડે ત્યારે પાણી આપવું જોઇએ. નાયકડા ખેડૂતો
આમાંથી એકેય બાબત પર ધ્યાન આપી શકતા નથી. બે બાબત
તેમના જ હાથમાં છે. જ્યારે એક કુદરત પર આધારિત છે. તેમના
બળદ ખૂબજ ઉતરતી કોટિના હોવાથી તથા ખેડ માટે વપરાતુ હળ
હલકા પ્રકારનુ હોવાથી સારી ખેડ કરી શકતા નથી. હળમાં
રાખવામાં આવતી લોખંડની કોંસ પહેલા ટીપાવીને ધારદાર
બનાવવી જોઇએ તો જ સારી ખેડ શકય બને. પરંતુ એકની એક કોંસ
વગરટીપાયે લાંબો સમય ચલાવતા હોવાથી ઉંડી ખેડ થઇ શકતી
નથી. વળી જમીન સૂકાઇ ગઇ હોય તો વરસાદ પડયા વગર તે
જમીન ખેડી શકાતી નથી, જેથી જમીન તપવાથી જે ફાયદો થવો
જોઇએ તે ફાયદો જમીનને મળતો નથી. તપાસ દરમ્યાન જોવા
મળ્યુ હતુ કે ગામમાં બધા જ નાયક ખેડૂતોની જમીન પાક કાપી
લીધા પછી વણખેડાયેલી પડી હતી. આ જમીનને તરત જ ( પાક
લીધા પછી ) ખેડી નાખવામાં આવે તો સૂર્યની ગરમીને લીધે
જમીન તપીને સારી બની શકે. પરંતુ આળસને કારણે પાક કાપી
લીધા પછી જમીન તરફ લક્ષય આપતા નથી. આ ઉપરાંત તેઓ
ઓછી જમીન ધરાવતા હોવા છતાં બે કરતાં વધુ બળદો રાખે છે.
તે પણ હલકી કક્ષાના હોવાથી તેમની પાસે વધારે કામ લઇ શકાતુ
નથી. ખેતીના અન્ય સાધનોમાં કેટલાક ખેડૂત કુટુંબો કરબ તથા
સમાર રાખે છે. કરબનો ઉપયોગ બહુ ઓછા ખેડૂતો કરે છે. કેટલાક
ખેડૂત કુટુંબો પાસે ખેતીના સાધનો ન હોવાથી ખેતીના સમયે ગમે
તેની પાસેથી સાધનો માંગી લાવી પોતાની ખેતી કરે છે. આને
કારણે સમયસર ખેતી થઇ શકતી નથી. ખેતીમાં ખળનુ મહત્વ ખૂબ
જ હોય છે: આ મહત્વ નાયક ખેડૂતો સમજતા નથી.



ગાડુ કોઇપણ નાયક ખેડૂત પાસે જોવા મળ્યુ નથી. કદાચ
ગાડાનુ મહત્વ ખેતર ઉપર ઘર બાંધીને રહેતા હોવાથી ન પણ
હોઇ શકે. આ સિવાય ખેતીના અન્ય સાધનો જેવા કે સુધરેલ હળ,
એન્જિન, ટ્રેકટર વગેરે બિલકુલ જોવા મળયા નથી. આવા સાધનો-
નો વપરાશ તેમની આર્થિક સ્થિતિને કારણે, ઓછી જમીનને કારણે
શકય પણ જણાતો નથી.

ખેતીનુ વધુ ઉત્પાદન લેવા માટે જેટલુ ખેડનુ મહત્વ છે તેનાથી
અનેક ગણું મહત્વ સારા બિયારણનુ છે. જમીન ગમે તેટલી સારી
હોય પરંતુ બીજ સડેલુ હોય તો તેમાંથી છોડ પેદા થઇ શકતો
નથી. નાયક ખેડૂતો પોતાની જમીનમાં જે બિયારણ વાપરે છે તે
પોતે સંઘરી રાખીને અથવા કોઇની પાસેથી લાવીને અથવા
વાણિયા - વેપારીને ત્યાંથી લાવતા હોય છે. પોતે જે બી રાખે
છે તે કેળવીને તૈયાર કરેલા હોતા નથી. પરંતુ પેદાશ થયેલ અનાજ-
માંથી અમુક ભાગ બિયારણ તરીકે સાચવી રાખે છે. વળી તેની
પૂરતી દેખરેખ નહિ રાખવાથી તેમાં જીવાણુ અને સડો પેદા થાય છે.
જેથી પાકનો ઉઘાડ નિષ્ફળ જાય છે. જે એજન્સી પાસેથી તેઓ
બિયારણ ખરીદે છે તે એજન્સીઓ પણ ગમે તેવુ અનાજ બી તરીકે
વળગાડે છે. કારણ કે તેમને બી માં રસ હોતો નથી. સરકાર
દ્વારા વેચવામાં આવતું બિયારણ તેઓ ભાગ્યેજ ખરીદતા હોય છે.
કારણ કે તે રોકડેથી લાવવાનુ હોવાથી તે બી સારૂ હોય તો
પણ લાવી શકતા નથી. જ્યારે શાહુકાર - વેપારી પાસેથી મળતુ
બી ઉધાર મળતુ હોવાથી હલકી કક્ષાનુ હોવા છતાં પણ તેને
પસંદગી આપે છે. શંકર મકાઇ અથવા અન્ય સુધારેલ બી નો પ્રચાર
આ વિસ્તારમાં પૂરતો થયેલો જોવા મળતો નથી. જેનુ પ્રમાણ
સાગટાળા ધિરાણ મંડળીમાંથી જોઇ શકાય છે કે વર્ષમાં કેટલુ

સુધારેલ બી નો ઉપયોગ અથવા વેચાણ થાય છે. ૧૯૬૯ ની તપાસ વખતે આ બી નુ ધિરાણ માત્ર ૪૦ કિ.ગ્રા. નુ હતુ.

નમૂનાના કુટુંબો પાસેથી ૧૯૬૯ ની તપાસ સમયે જુદા જુદા પાકવાર ઉત્પાદનની માહિતી મેળવવામાં આવી હતી અને આ ઉત્પાદન પાછળ કેટલુ ખર્ચ થતુ અને શેષમાં તેમની ખેતીમાંથી વપરાશી ખર્ચ બાદ કર્યા સિવાય કેટલી આવક મળતી તે કોઠા નંબર - ૧૫ માં દર્શાવવામાં આવ્યુ છે.

કોઠો - ૧૫

કુલ ઉત્પાદન અને ખર્ચનુ પ્રમાણ દર્શાવતો કોઠો.

| વિગત | કુલ ઉત્પાદન (કિલોમાં) |
|---|---|
| મકાઇ | ૯૯૨૦ |
| ડાંગર | ૧૪૪૦ |
| અળદ | ૮૨૭ |
| સામેલ | ૪૧૭ |
| તુવેર | ૮૦૬ |
| જુવાર | ૭૦૪ |
| કપાસ | ૬૯૫ |
| કોદરા | ૧૨૪૮ |
| મગફળી | ૩૯૦ |
| કુલ ઉત્પાદન | ૧૬૪૪૭ |
| ઉત્પાદિત વસ્તુની કિંમત | ૨૪૬૩૦ |
| ઉત્પાદન ખર્ચ | ૪૩૬૦ |
| ચોખ્ખી આવક | ૨૦૨૭૦ |



કોઠો - ૧૫ જોવાથી સ્પષ્ટ થાય છે કે આ વિસ્તારમાં સૌથી વધુ ઉત્પાદન મકાઇનુ થતુ હતુ. મકાઇનો પાક "ખરીફ" અને "રવિ" પાક એમ બે વાર લેવામાં આવતો હતો. આ ઉપરાંત ડાંગરનુ પણ આ વિસ્તારમાંથી સારુ ઉત્પાદન લઇ શકાતુ હતુ. આ ઉપરાંત અહીં કઠોળનુ પણ ઠીક ઠીક પ્રમાણમાં ઉત્પાદન થતુ હતુ. કોઠા ઉપરથી જોઇ શકાય છે કે મકાઇથી માંડીને મગફળી સાથેનુ કુલ ઉત્પાદન ૧૬૪૪૭ કિલોનુ હતુ. જેની કિંમત ૨૪૬૩૦ રૂા. થતી હતી અને આ ઉત્પાદન પાછળ ૪૩૬૦ રૂા. નો ખર્ચ થયો હતો: આ ખર્ચ ઉપરથી એટલુ સ્પષ્ટ થાય છે કે આ લોકો રાસાયણિક ખાતર, દવાઓ અને સુધારેલ બિયારણનો ઉપયોગ નહિવત જ કરતા હતા. જેથી તેમનુ ઉત્પાદન ખર્ચ ઓછુ આવતુ. અને ઉત્પાદનનુ પ્રમાણ પણ ઘણુ ઓછુ રહેતુ. આમ તેમને કુલ ઉત્પાદન ઉત્પાદન પાછળ થતુ બધા સાધનોનુ ખર્ચ બાદ કરતાં ખેતીની આવક ૨૦૨૭૦ રૂા. ની થતી હતી. જેનો કોઠો જોવાથી વધુ ખ્યાલ આવશે.

આ કોમમાં ખેતીના સાધનોમાં કોઇ નવા સાધનનો ઉપયોગ કરતી ન હતી. સુધારેલા બિયારણ કે જંતુનાશક દવાઓ અને રોકડીયા પાકનુ વાવેતર પણ નિમ્ન કક્ષાનુ હતુ. વળી આ વિસ્તારમાં સિંચાઇનુ પ્રમાણ ખૂબ ઓછુ હતુ. માત્ર ૩૫ હેકટર જેટલી જમીનમાં કૂવાના પાણીથી પિયત થતુ હતુ. આમ ખેતીના નવા સાધનો ઉપલબ્ધ ન હોવાથી, આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી, ખેતી માટે પૂરતા પશુધન ન હોવાથી ખેતીમાંથી ઘણુ ઓછુ ઉત્પાદન થતુ જેથી જીવનનિર્વાહ માટે મજૂરીના અન્ય સાધનો પર આધાર રાખવો પડતો હતો. બીજુ કે કુટુંબની બધી જ વ્યકિતઓ કમાતી ન હતી અને કમાનાર વ્યકિતઓ ઉપર કુટુંબના બધા સભ્યોનો

આધાર રહેતો. જેથી જીવન સ્તર પણ ઘણુ નીચુ જોવા મળયુ હતુ.

કુટુંબમાં કમાનાર અને નહિ કમાનાર વ્યકિતઓની સંખ્યા કોઠા - ૧૬ માં દર્શાવવામાં આવી છે.

કોઠો - ૧૬

કમાનાર અને નહિ કમાનારની માહિતી

| | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| કમાણી કરનાર | ૧૦૧ (૭૦.૬) | ૯૧ (૫૩.૮) | ૧૯૨(૬૧.૫) |
| નહિ કમાનાર | ૪૨ (૨૯.૪) | ૭૮ (૪૬.૨) | ૧૨૦(૩૮.૫) |
| કુલ ... | ૧૪૩ | ૧૬૯ | ૩૧૨ |
| ટકા | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૧૦૦.૦) |

ઉપરના કોઠા ઉપરથી જોઇ શકાય છે કે નમૂનાના કુટુંબોમાં કમાણી કરનાર સભ્ય સંખ્યા વધુ હતી. તેનુ કારણ એક તો એ ગણાવી શકાય કે કુટુંબના દરેક સભ્યમાંથી કોઇ જંગલ મજૂરીએ જતુ હતુ, તો કોઇ વન્ય પેદાશ એકઠી કરતુ હતુ. તો બીજા સભ્યો પશુપાલન અને ખેતમજૂરીમાં રોકાયેલા જોવા મળતા. જેથી કરીને કુટુંબના ભરણ-પોષણ માટેની આવક રોજની રોજ પ્રાપ્ત કરી શકાતી હતી. આમ નમૂનાના કુટુંબોમાં જોઇએ તો કુલ સભ્ય સંખ્યામાંથી ૬૧.૫ ટકા કમાણી કરનાર અને ૩૮.૫ ટકા સભ્યો કમાણી કરનાર પર આધારિત હતા. જેમાં કુલ પુરૂષ સંખ્યામાંથી ૭૦.૬ ટકા સભ્યો જુદી જુદી મજૂરી કરી આવક મેળવતા હતા, અને સ્ત્રી સભ્યોમાંથી ૫૩.૮ ટકા સ્ત્રીઓ પણ કુટુંબને એક યા બીજી રીતે ઉપયોગી થતી હતી. આમ નમૂનાના કુટુંબોમાં



કમાનાર અને નહિ કમાનાર સભ્ય સંખ્યા જોયા પછી કમાણી કરનાર વ્યકિતઓ કયા કયા ધંધામાં રોકાયેલી હતી અને તેમાંથી પ્રાપ્ત થતી આવકનુ પ્રમાણ તપાસીએ તો કોઠા - ૧૭ માં દર્શાવ્યા મુજબની પરિસ્થિતિ જોવા મળી હતી:

આવક :

નમૂનાના કુટુંબના સભ્યો ખેતી, પશુપાલન, ખેતીમજૂરી, જંગલમજૂરી, વન્ય પેદાશ એકઠી કરવી અને ઘાસ કાપવાની મજૂરી કરી જીવનનિર્વાહ માટે આવક પ્રાપ્ત કરતાં હતાં. નમૂનાના કુટુંબોની ઉપરોકત જુદા જુદા ધંધામાંથી મળતી આવક કુલ ૬૪૦૨૯ રૂા. થતી હતી. માથાદીઠ વાર્ષિક આવક ૨૦૫.૨ રૂા. ની હતી, જ્યારે માથાદીઠ માસિક આવક રૂા.૧૭.૧ ની હતી. ખરેખર આ આવક એ એક વ્યકિતને જીવન જીવવા જેટલી આવકની જરૂરિયાત છે. તેના ચોથા ભાગની થતી હતી. અહીં આ જુદા જુદા ધંધામાંથી જે આવક પ્રાપ્ત થતી તેમાંથી કુટુંબનુ નિભાવ ખર્ચ પણ પૂરૂ થતુ ન હતુ. જેથી આ કોમને ચોમાસાના સમયગાળા દરમ્યાન દોઢથી બે માસ એક ટાઇમ ખાઇને અથવા અર્ધા ભૂખ્યા રહીને ગુજારવા પડતા. આ ઉપરાંત વાવણીના સમય અગાઉ પણ કેટલાક કુટુંબોની પરિસ્થિતિ કથળી જતી હતી. જેથી તેમને ચોમાસાના ચાર માસ મહા-મુસીબતોનો સામનો કરી, ખેતમજૂરી વ્દારા ભરણપોષણ કરતા હતા. આ વિસ્તારમાં જંગલમજૂરી, અને વન્ય પેદાશ એકઠી કરવી શકય છે, પરંતુ આ કામ માત્ર દોઢ માસ જ ચાલે છે. જેથી પારાવાર મુશ્કેલીમાંથી પસાર થવુ પડે છે. તદઉપરાંત આ કોમ જે જુદા જુદા ધંધાઓ કરે છે તેમાંથી મળતી આવકનુ પ્રમાણ પણ નહિવત છે. જેનો કોઠો જોવાથી વધુ ખ્યાલ આવે છે.

કોઠો - ૧૭

જુદા જુદા ધંધામાંથી પ્રાપ્ત થતી આવક

| વિગત | આવક | કુટુંબદીઠ આવક ટકામાં |
|---|---|---|
| ખેતી | ૨૬૩૭૭ (૪૧.૨) | ૪૧૨.૧ |
| પશુપાલન | ૪૭૦૪ (૭.૩) | ૭૩.૫ |
| ખેતમજૂરી | ૩૩૪૯ (૫.૨) | ૫૨.૩ |
| જંગલમજૂરી | ૧૯૬૯૩ (૩૦.૮) | ૩૦૭.૭ |
| વન્ય પેદાશ | ૪૩૧૪ (૬.૭) | ૬૭.૪ |
| નોકરી | ૩૨૯૧ (૫.૧) | ૫૧.૪ |
| વેપાર ધંધો | ૬૭૫ (૧.૧) | ૧૦.૫ |
| અન્ય-ઘાસ,રોડકામ, નીરો | ૧૬૨૬ (૨.૬) | ૨૫.૪ |
| કુલ આવક | ૬૪૦૨૯(૧૦૦.૦) | ૧૦૦૦.૫ |
| કુટુંબદીઠ આવક | ૧૦૦૦.૫ | |
| માથાદીઠ વાર્ષિક આવક | ૨૦૫.૨ | |
| માથાદીઠ માસિક આવક | ૧૭.૧ | |

કોઠા પરથી કુટુંબદીઠ આવકનું પ્રમાણ જોઈએ તો નમૂનાના કુટુંબોને ખેતીના ધંધામાંથી વાર્ષિક ૪૧૨.૧ રૂા., પશુપાલનના ધંધામાંથી ૭૩.૫ રૂા., ખેતમજૂરીમાંથી ૫૨.૩ રૂા., જંગલમજૂરીમાંથી ૩૦૭.૭ રૂા., વન્ય પેદાશ એકઠી કરવાથી ૬૭.૪ રૂા.નો ઉમેરો થતો હતો. આ ઉપરાંત ઘાસ કાપવું, રોડકામ, નીરો વેચવો અને અન્ય કામમાંથી ૨૫.૪ રૂા. ની આવક મળતી હતી.



આ ઉપરથી જોઇ શકાય છે કે આ લોકોને જીવન જીવવા માટે ખેતીના સુધારા વધારા અને જંગલમજૂરીના દરોમાં સુધારા-વધારા કરીને, ઉપરાંત જંગલમાંથી મળતા ઉત્પાદનનો વિધ રીતે ઉપયોગ દ્વારા, જેમકે સુથારી કામ અને લાકડામાંથી બનતા ઘરવપરાશના સાધનો બનાવવા, તેમજ ફર્નિચર બનાવવા માટેની તાલીમ આપી એક નવા ઉદ્યોગની શરૂઆત દ્વારા આવકમાં વૃધ્ધિ કરવી જોઇએ. જેથી અન્ય બિનપછાત તો નહિ પણ સુધરેલ આદિવાસી જાતિ ધોડિયા, ચૌધરીની સમકક્ષ જીવન વિતાવી શકે.

વપરાશી ખર્ચ :

આગળ ઉપર તપાસેલ કુટુંબોની જુદા જુદા સાધનવાર પ્રાપ્ત થતી આવકનું પ્રમાણ જોયા પછી તેમને પ્રાપ્ત થતી આવકમાંથી ખર્ચ કેટલું થાય છે તે તપાસીએ.

નમૂનાના કુટુંબોનું વિગતવાર ખર્ચ કોઠા - ૧૮ માં દર્શાવવામાં આવ્યું છે. ૧૯૬૯ ની તપાસ વખતે વપરાશી ખર્ચની વિગતો મેળવી હતી. જેમનું જુદી જુદી વપરાશી ચીજવસ્તુઓ પાછળ બધું મળીને કુલ ૪૫૧૩૭ રૂા. ખર્ચ થતું હતું. જેમનું કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ ૭૦૫.૩ રૂા. નું હતું અને માથાદીઠ વાર્ષિક ખર્ચ ૧૪૪.૭ રૂા., તેમજ માથાદીઠ માસિક ખર્ચ ૧૨.૧ રૂા. નું હતું. પરંતુ ૧૯૬૯ ની સાલના ભાવોને લક્ષમાં રાખી જોઇએ તો પણ દાયકા પહેલાંની તેમની સ્થિતિ સારી ન લેખી શકાય. કુલ આવકમાંથી મોટોભાગ એ વપરાશી ખર્ચ પાછળ જ ખર્ચાઇ જતો હતો. અને જે કંઇ બચત રહેવા પામતી તેનો ઉપયોગ ખેતી માટે, પશુધન અને જમીન સુધારણા પાછળ તેમજ મકાન સમારકામ અને બાંધકામ પાછળ ખર્ચી નાખતા હતા.

નમૂનાના કુટુંબોનું જુદી જુદી વપરાશી ચીજવસ્તુઓ પાછળનું કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ જોઇએ તો, કુલ ખર્ચનો મોટોભાગ ૪૧૩.૧ રૂપિયા એટલે કે ૫૮.૬ ટકા ખર્ચ અનાજ પાછળ થતો હતો. જ્યારે કપડાં અને જોડા પાછળ ૫૭.૬ રૂપિયા એટલે કે કુલખર્ચના ૮.૨ ટકા ખર્ચ થતો હતો. જ્યારે માંસ-ઈંડાં, દૂધ-ઘી, ખાંડ-ગોળ, તેલ, ગરમમસાલા, બીડી-તમાકુ અને સામાજિક ખર્ચાઓ પાછળ ખર્ચનું પ્રમાણ લગભગ એક સરખુ રહેતું હતું. નમૂનાના કુટુંબોનુ બધી જ વસ્તુઓ પાછળ થતુ ખર્ચ, કુટુંબદીઠ ખર્ચ અને કુલ ખર્ચ ટકામાં કોઠો - ૧૮ જોવાથી વિગતવાર સ્પષ્ટ ખ્યાલ આવશે.



## કોઠો - ૧૮

### વપરાશી ખર્ચ

(કુટુંબદીઠ ખર્ચ)

| વિગત | ખર્ચ | કુટુંબદીઠ ખર્ચ | ટકામાં |
|---|---|---|---|
| અનાજ | ૨૬૪૩૭ | ૪૧૩.૧ | ૫૮.૬ |
| શાકભાજી | ૭૪૨ | ૧૧.૬ | ૧.૬ |
| માંસ-ઈંડા | ૧૮૨૬ | ૨૮.૫ | ૪.૦ |
| દૂધ - ઘી | ૧૩૫૩ | ૨૧.૧ | ૩.૦ |
| ખાંડ - ગોળ | ૧૮૦૧ | ૨૮.૧ | ૪.૦ |
| તેલ | ૧૬૮૭ | ૨૬.૪ | ૩.૭ |
| ચાહ - કોફી | ૪૮૫ | ૭.૬ | ૧.૧ |
| ગરમમસાલા | ૧૪૨૮ | ૨૨.૩ | ૩.૨ |
| દારૂ | ૫૫૮ | ૮.૭ | ૧.૨ |
| બીડી - તમાકુ | ૧૩૯૦ | ૨૧.૭ | ૩.૧ |
| બળતણ | ૬૩૫ | ૯.૯ | ૧.૪ |
| ફળફળાદિ | ૧૩૨ | ૨.૧ | ૦.૩ |
| મુસાફરી ખર્ચ | ૩૯૬ | ૬.૨ | ૦.૯ |
| કપડાં / જોડા | ૩૬૮૮ | ૫૭.૬ | ૮.૨ |
| શિક્ષણ | ૩૫ | ૦.૫ | ૦.૧ |
| દવાદારૂ | ૪૦૪ | ૬.૩ | ૦.૯ |
| સામાજિક ધાર્મિક | ૧૫૨૪ | ૨૩.૮ | ૩.૪ |
| અન્ય | ૬૧૬ | ૯.૬ | ૧.૩ |
| કુલ ખર્ચ | ૪૫૧૩૭ | ૭૦૫.૩ | ૧૦૦.૦ |
| કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | ૭૦૫.૩ | | |
| માથાદીઠ વાર્ષિક ખર્ચ | ૧૪૪.૭ | | |
| માથાદીઠ માસિક ખર્ચ | ૧૨.૧ | | |

## દેવું :

૧૯૬૯ ની તપાસ વખતે પસંદ કરેલા નમૂનાના કુટુંબોમાંથી ૪૭ કુટુંબો દેવાદાર હતા. જેમનું કુલ દેવું ૬૧૯૪ રૂા. હતું. જેમનું દેવાદાર કુટુંબદીઠ દેવું સરેરાશ ૧૩૨ રૂા. નું હતું.

### હેતુવાર દેવું :

નમૂનાના દેવાદાર કુટુંબોએ કુલ દેવાના ૨.૪ ટકા દેવું મકાન બાંધકામ પાછળ, ૫૭.૩ ટકા દેવું નિર્વાહ ખર્ચ પાછળ, ૩૪.૭ ટકા દેવું ખેતીના સાધનો વસાવવા, ૨.૪ ટકા દેવું દવાઓ પાછળ, અને ૩.૨ ટકા દેવું સામાજિક ખર્ચાઓ પાછળ કર્યું હતું. દેવામાંથી મોટી રકમ નિર્વાહ ખર્ચ અને ખેતીના સાધનો વસાવવા માટે ખર્ચી હતી. કોઠો - ૧૯ જોવાથી વધુ સ્પષ્ટ થશે.

કોઠો - ૧૯

દેવું

| | |
|---|---|
| દેવાદાર કુટુંબ | ૪૭ |
| કુલ દેવું | ૬૧૯૪ |
| દેવાદાર કુટુંબદીઠ દેવું | ૧૩૨ |

હેતુવાર દેવું

| વિગત | રૂપિયામાં | ટકા |
|---|---|---|
| મકાન બાંધકામ | ૧૫૧ | ૨.૪ |
| નિર્વાહ ખર્ચ | ૩૫૪૯ | ૫૭.૩ |
| ખેતી સાધનો | ૨૧૫૨ | ૩૪.૭ |
| દવાઓ | ૧૫૧ | ૨.૪ |
| સામાજિક | ૨૯૧ | ૩.૨ |
| કુલ દેવું | ૬૧૯૪ | ૧૦૦.૦ |



## અસ્કયામત :

તપાસેલ કુટુંબની સરેરાશ કુટુંબદીઠ અસ્કયામત ૧૯૭૮.૩ રૂા. ની હતી. જેમની માથાદીઠ અસ્કયામત ૪૦૫.૮ રૂા. ની હતી. અસ્કયામતોમાં સૌથી વધુ અસ્કયામત મકાન, જમીન અને પશુધન તેમજ વૃક્ષો હતાં. જ્યારે ખેતીના સાધનો, ઘરવખરી, રોકડ અને ઘરેણાંની અસ્કયામત નહિવત હતી. નમૂનાના કુટુંબોની કુલ અસ્કયામત, કુટુંબદીઠ અસ્કયામત અને કુલ અસ્કયામત ટકાના રૂપમાં કોઠા - ૨૦ માં દર્શાવવામાં આવી છે.

કોઠો - ૨૦

અસ્કયામતનું પ્રમાણ

| વિગત | કિંમત | કુટુંબદીઠ અસ્કયામત | ટકામાં |
|---|---|---|---|
| જમીન | ૧૬૭૦૦ | ૨૬૦.૯ | ૧૩.૨ |
| મકાન | ૧૭૭૩૦ | ૨૭૭.૦ | ૧૪.૦ |
| ઝાડ | ૪૬૫૨૮ | ૭૨૭.૦ | ૩૬.૭ |
| પશુધન | ૨૮૧૫૮ | ૪૪૦.૦ | ૨૨.૨ |
| ખેતીના સાધનો | ૭૯૬૦ | ૧૨૪.૪ | ૬.૩ |
| ઘરવખરી | ૬૪૧૨ | ૧૦૦.૨ | ૫.૧ |
| ઘરેણાં | ૩૧૨૪ | ૪૮.૮ | ૨.૫ |
| કુલ | ૧૨૬૬૧૨ | ૧૯૭૮.૩ | ૧૦૦.૦ |
| કુટુંબદીઠ અસ્કયામત | ૧૯૭૮.૩ | | |
| માથાદીઠ અસ્કયામત | ૪૦૫.૮ | | |

આમ ઉપરોકત જુદી જુદી હકીકતો જોયા પછી એટલુ તો સ્પષ્ટ થાય છે કે ગામના લોકોની આર્થિક પરિસ્થિતિ ઘણી જ નબળી જોવા મળી હતી. આવક - ખર્ચના પ્રમાણમા ઝાઝો તફાવત ન હતો. જેથી તેમને પોતાના જુદા જુદા હેતુઓ, જેમા જમીન સુધારણા, મકાનનુ સમારકામ, બાંધકામ અને સામાજિક પ્રસંગોએ દેવુ કરવાની ફરજ પડતી હતી. આથી તેમની આર્થિક સ્થિતિ સુધરે તે માટે પૂરક રોજગારી આપવા માટેની વિકાસ યોજનાઓ અને જંગલ ગૌણ પેદાશ એકઠી કરવા અલગ વ્યવસ્થા ઊભી કરવી જોઇએ. જંગલ પેદાશનુ યોગ્ય વળતર આ પ્રજાને પ્રાપ્ત થાય તેવુ સહકારી માળખુ ગોઠવવુ જોઇએ. આ ઉપરાંત ખેત ઉત્પાદન વધારવા સુધારેલા બિયારણ અને રાસાયણિક ખાતરની વ્યવસ્થા પૂરી પાડવી જોઇએ. સાથે સાથે સિંચાઇની સવલત વધારી ખેત ઉત્પાદન વધે તેમ ગામના ઉપલબ્ધ સાધનોને ધ્યાનમા રાખી યોજના ઘડી કાઢવી જોઇએ અને તેના અમલીકરણ દ્વારા આર્થિક સધ્ધરતા લાવવી જોઇએ.

## પ્રકરણ :: ૪

## સામાજિક - સંરચના

હવે આપણે નાયક કોમનુ સમાજ જીવન તપાસીએ. એમનામા જન્મથી માંડીને મરણ સુધીના પ્રસંગો પરત્વેના સામાજિક રિવાજો છે અને એને ચૂસ્ત રીતે વળગી રહેલા છે.

### રજસ્વલા સ્ત્રી :

ગર્ભધારણ વિષે સ્ત્રીઓને ચોકકસ ખાતરી થતી હોય છે. નવોઢા સ્ત્રીઓને એ વિષેનુ જ્ઞાન એની નજીકની સ્ત્રીઓ પાસેથી મળતુ હોય છે. સ્ત્રી જયારે રજસ્વલા બને ત્યારે તેને આ સમાજમા "કામ બનતુ નથી" એવા પ્રચલિત અર્થમા ઓળખે છે. આ સમય દરમ્યાન સ્ત્રી ચૂલાનુ, ઘરનુ વાસણ-પાણી કે ધાર્મિક કામ કરી શકતી નથી. પરંતુ જયારે માથુ ધુએ ત્યારે - ત્યારબાદ છ કે આઠ દિવસમા પતિ પત્ની મળયા હોય તો ગર્ભ રહી જાય તેમ તે ચોકકસપણે માને છે. ગર્ભ રહયો તે બાબતની ખબર માસ આખરે પડી જાય છે. અને તે પ્રમાણે દિવસો ગણે છે અને ગણતરી પ્રમાણે સીમંતનો પ્રસંગ ગોઠવે છે.

### સીમંત :

સ્ત્રી પહેલી વાર સગર્ભા થાય ત્યારે બીજી કોમની જેમ સંસ્કારવિધિ કરવામા આવતી નથી. છતા કોઇક આવી વિધિ કરે છે. આ વિધિ કરવી જ પડે એવો રૂઢ રિવાજ નથી. વિધિ કરે તો આ દિવસે કન્યાપક્ષના બે-ત્રણ માણસો વરને ઘેર આવે,

તે વખતે કોઇ સાધારણ સ્થિતિપાત્ર હોય તો એક જોડ કપડાં તથા ગજરા લાવે છે. વિધિ કરતી વખતે વહુને કપાળે કંકુની આળ કરવામાં આવે છે. પછી ગોળનું પાણી વહેંચવામાં આવે છે. બીજે દિવસે કન્યાપક્ષથી આવેલા માણસો કન્યાને તેડી જાય છે. સામાન્ય રીતે આ વિધિ જવલ્લેજ થાય છે. મહદ્અંશે તો સ્ત્રી સીમંત વખતે પણ પોતાને સાસરે જ રહે છે.

<u>જન્મ :</u>

બાળકનો જન્મ થવાનો હોય તે સમય પહેલાં સ્ત્રી પોતાને પિયર જાય છે. અગર પોતાને સાસરે રહે છે. આ કોમ ઘણી ગરીબ હોવાથી તેમને વગર મહેનતે જીવવું પોષાય તેમ નથી. તેથી સ્ત્રીને પોતાના ઉદર પોષણ માટે છેવટના દિવસો સુધી મહેનત કરવી પડે છે. આને કારણે ઘણી વખત તો એવું પણ બનવા પામ્યું છે કે બાઇ જ્યાં કામ કરવા ગઇ હોય ત્યાં બાળકનો જન્મ થયો હોય. બાળકનો જન્મ થયા પછી પ્રસૂતા થોડા દિવસોમાં કામે લાગી જાય છે. સુવાવડ બહુ લાંબા સમય સુધી ચાલતી નથી.

બાળકનો જન્મ થાય એ વખતે બાળકની મા ને ઘરના એક ખૂણામાં અલગ રાખવામાં આવે છે. સુવાવડ માટે સુધરેલી કોમોની જેમ એક અલગ ઓરડો કે જગ્યા હોતી નથી. મૂળમાં તેમને છાપરૂ ક્યાં બાંધવું તેનો જ પ્રશ્ન ઊભો હોય ત્યાં આવા સમય માટે અલગ ઓરડાની વાત જ બેવજુદ લાગે. તેમને માટે તો જ્યાં ભોજનાલય, ત્યાં જ શયનગૃહ અને જ્યાં શયનગૃહ ત્યાં જ આરામગૃહ. કહેવાનો આશય એજ કે થોડી અને સાંકડી જગ્યામાં સમાવેશ કરવો રહયો.



બાળકના જન્મ પ્રસંગે દાયણને બોલાવવામાં આવે છે. જે નાયકા કોમની જ હોય છે. કેટલીક વખત જો કેસ ગંભીર હોય તો બે-ત્રણ પુરૂષો પણ ત્યાં હાજર રહે છે. દાયણને મજૂરીમાં પહેલાં સવાશેર અનાજ, કે સવા પાંચ આના આપતા અને સવાપાશેર ગોળ પણ કેટલાક આપતા. કોઇ સાધારણ સ્થિતિનો હોય તો તે ઓઢણી પણ લઇ આપે છે. ગંભીર કેસ દાકતર પાસે લઇ જવામાં આવતો નથી. પરંતુ બનતા ઉપાયો કરે છે. અને એ લોકો એવી માન્યતા ધરાવે છે કે એને "ઇશ્વરે" ધાર્યું હોય તેમ થાય. દાકતર શું કરવાનો હતો. એ તે ભગવાન્ થયો થઇ ગયો? એવી મતલબની વાત કરે છે. પ્રસુતા માતાને ખોરાક દરરોજની જેમજ અપાય છે. બાળકના મોમાં દારૂ કે મધ મૂકવામાં આવે છે. પુત્ર જન્મે કે પુત્રી તેમને મન તો બંને એક સરખાં છે. પુત્રીને તિરસ્કારતા નથી. પણ હા, પુત્રનો જન્મ થાય તો કંઇક વધારે મહત્વ અપાય છે.

<u>છઠ્ઠીની વિધિ :</u>

બાળકના જન્મ પછી છઠ્ઠે દિવસે છઠ્ઠી મૂકવાનો રિવાજ છે. બાળકના જન્મથી છઠ્ઠે દિવસે ખાટલો ખસેડવાનો હોય છે. પણ મહદ્અંશે આગળ ઉપર કહયું તેમ સ્ત્રી થોડા જ સમયે કામે લાગતી હોવાથી આટલા દિવસો રોકાતી નથી. છતાં પણ છઠ્ઠીના દિવસે ગાયના છાણથી અબોટ કરી ત્યાં તેલનો દીવો કરવામાં આવે છે. અને કંકુ પૂજા જેવી સામાન્ય વિધિ કરવામાં આવે છે. તે સમયે ઇષ્ટ દેવનું નામ ભજી બાળકને દીવા આગળ સુવાડવામાં આવે છે. આ લોકો પણ એવી માન્યતા ધરાવે છે કે છઠ્ઠીના દિવસે જન્મેલ બાળક માટે વિધાતા લેખ લખી જાય છે.

નામકરણ વિધિ :
-----------

નામ પાડવાની વિધિ પણ છઠ્ઠીના દિવસે જ મુખ્યત્વે હોય છે. નામ મોટેભાગે ફોઇ પાડે છે. કેટલીકવાર જો બાળકનુ નામ ન પાડયુ હોય તો સરકાર નોંધણી કરતી વખતે જ ગમે તે નામ પાડીને નોંધી લે છે. ફોઇને નામ પાડવા બદલ કોઇ ચણિયો કે સાડલો આપે છે. તે દિવસે સારુ ભોજન કે જેમાં દાળ-ચોખા બનાવે છે. સગાંસબંધી તરફથી ખાસ ભેટ આપવામાં આવતી નથી.

સગાઇ :
-----

સામાજિક રીતરિવાજોમાં જેમ બને તેમ ઓછો ખર્ચ કરવો તેવો પ્રચાર આજે ઉચ્ચ વર્ણની કોમોમાં પણ થઇ રહયો છે. ઘરનો મોભો યાને આબરૂ જાળવવાને બહાને રિવાજોમાં પારાવાર ખર્ચ થતો હોય છે: દરિદ્રતાને લીધે અસહાય એવી આ પ્રજાએ પોતાની શકિત મુજબ લગ્ન પ્રથા ગોઠવી છે. એક માણસ વધુ ખર્ચ કરે તેથી બીજાને ન ખેંચાવુ પડે તેથી વર્ષોથી એક પ્રકારની પ્રણાલિકા એમણે પાડી દીધી છે. જેને લીધે ખર્ચ બહુ ઓછુ આવે છે. ઉચ્ચ વર્ણની કોમોમાં કન્યા પક્ષ તરફથી છોકરાનુ માગુ આવે છે. જયારે આ કોમમાં વર પક્ષ તરફથી કન્યાનુ માગુ આવે છે. છોકરી સામાન્ય રીતે ૧૬ વર્ષની થાય એટલે સમાજમાં એની ગણતરી થવા માંડે છે. બને પક્ષના કોઇ ઓળખીતા અગર સગાં મારફતે વર પક્ષવાળા કન્યાને ત્યાં વિવાહ પૂછાવે છે. કન્યાને ત્યાંથી સંમતિ મળતાં વરપક્ષ તરફથી કન્યાને જોવા આઠથી દસ માણસો આવે છે. એ દિવસે કન્યાને ત્યાં ચાહ, પાણી કરવામાં આવે છે. વર પક્ષ-વાળા - કન્યા પક્ષના કુટુંબની, માહિતી મેળવે છે. ત્યારબાદ



પાછા ફરે છે. થોડા દિવસ બાદ દસથી બાર માણસો કન્યાને ઘેરથી છોકરાને જોવા જાય છે. છોકરો પસંદ પડતાં જ પોતાની સંમતિ દર્શાવે છે. આ ઉપરોકત વિધિને તેઓ ઘેર જોવા જવાનો રિવાજ કહે છે. એ દિવસે કન્યા પક્ષવાળા વરપક્ષને દહેજ નાખવા આવવા માટે આમંત્રણ આપી આવે છે. સારી તિથિ અને વાર જોઇને વરપક્ષવાળા દહેજ નાખવા આવે છે. કન્યા પક્ષ કરતાં બે-ત્રણ માણસો ઓછા આવે છે. એ દિવસે છોકરીના મા-બાપ સૌને જમાડે છે. જમ્યા બાદ છોકરીને ચાંલ્લા વિધિ થાય છે. અને દહેજના રૂપિયા કન્યાના વાલીને આપે છે. આ રીતે સગાઇ નકકી થઇ એમ જાહેર થાય છે. સગાઇ પછી સામાન્યતઃ એક કે બે માસ પછી લગ્ન થાય છે.

અહીં એટલુ ધ્યાનમાં લેવુ જોઇએ કે અન્ય કોમની જેમ આ કોમમાં છોકરા કે છોકરીની પસંદગી કરતી વખતે તેના રૂપને મહત્વ નથી અપાતુ પરંતુ શારીરિક શકિત પર વધુ ભાર મૂકવામાં આવે છે.

સગાઇ :
----

મનુષ્યના જીવનમાં અનેક સારા નરસા પ્રસંગો આવે છે. પણ તેમાંય વળી આ લગ્ન પ્રસંગ ખૂબ આનંદદાયી છે. લગ્ન સંસ્થાથી જ દુનિયા ટકી રહી છે, એમ કહીશુ તો અતિશયોકિત નહિ ગણાય.

સામાન્ય રીતે સગાઇ પોતાના ગોત્રમાં (વર્તુળમાં) જ કરવામાં આવે છે. છોકરા છોકરીઓની સગાઇ સંબંધ તેઓના સંબંધીઓ જ કરી આપે છે. મા-બાપ તે માટે ૧૬-૧૭ વર્ષના

છોકરા-છોકરી થાય ત્યારથી જ તે માટે વિચારતા હોય છે. જો સારા કુટુંબ સાથે બીજા સગાંસંબંધી કે સારા માણસ મારફત લગ્ન સગાઇ સંબંધી ગોઠવણ થતી હોય તો તે રીતે સંબંધ નક્કી કરવામાં આવે છે. આમ તો પ્રથમ છોકરીનો બાપ માગું માગે છે. પરંતુ કન્યાપક્ષ તરફથી જ પ્રથમ માગણી થાય છે.

બીજી રીતે પણ સગાઇ થઇ શકે છે તે પ્રેમ લગ્નની રીતે આમાં છોકરો-છોકરી જેને પરણવા ઇચ્છતા હોય તે બંને કેટલાક સમય પહેલાં મેળા કે હાટવાડામાં ભેગા થાય છે, અને પોતાને અનુકૂળ એવી શરતોથી પરસ્પર જોડાય છે અને લગ્ન માટે વચન આપે છે: આમાં કેટલીકવાર એવું પણ બને છે કે છોકરાની સગાઇ એકવાર થઇ હોય અને પાછળથી સગાઇ તૂટી ગઇ હોય તો તે છોકરીને તે મેળામાંથી ઉપાડીને લઇ જાય છે. અને અઠવાડિયા સુધી સંતાડી રાખે છે. આવું જો કે બહુ જ ઓછું બને છે. અને વળી બંનેની મરજી હોય અને સગાઇ તૂટી હોય ત્યારે જ: આમાં મા-બાપનું કોઇ ચાલતું નથી. છેવટે પરણાવવા જ પડે છે. પ્રેમ લગ્ન જેવું હોય તો તે પરસ્પર મળી શકે છે. પણ મા-બાપ મારફતે નક્કી સંબંધ જોડાયો હોય તો તે એકબીજાને મળી શકતાં નથી. સગાઇ કરતા પહેલાં છોકરાની મંજૂરી લેવી પડે છે.

બીજી કોમોની માફક આ નાયકા કોમમાં પણ પોતાનાં નજીકનાં સગામાં પરસ્પર લગ્ન કે સગાઇ વિધિ કરવામાં આવતી નથી. મામા-માસી, કાકા કે ફોઇનાં છોકરાં વચ્ચે લગ્ન થતાં નથી. આ સિવાય કોમમાં બીજા ગમે તેની સાથે સગાઇ જોડી શકાય છે:



સગાઇ નક્કી થાય તે વખતે કન્યા પક્ષના માણસો વર પક્ષને ઘેર કન્યાનો બાપ તથા બીજા બે-ત્રણ માણસો જાય છે. ત્યાં છોકરાને ચાંલ્લો કરી શ્રીફળ આપવામાં આવે છે: ત્યારબાદ ગોળ કે ગોળનું પાણી વહેંચે છે. બીજું કોઇ ખાસ ખર્ચ કરવામાં આવતું નથી:

લગ્નની તિથિ પણ સંબંધ જોડાયા પછી થોડાક દિવસોમાં નક્કી કરવામાં આવે છે: ન્યાતનો ગોર કોઇ વખત તિથિ નક્કી કરી આપે અથવા તો ન્યાતનું [illegible] પણ તિથિ નક્કી કરે છે. ગોરને તે બદલ પહેલાં બે-ચાર આના આપવા પડતા. આજે તેને બે-પાંચ રૂપિયાની રકમ આપવામાં આવે છે.

સગાઇ નક્કી થયા પછી તે વિષેના સમાચાર સગાંસંબંધીઓને બે-ત્રણ દિવસમાં પહોંચાડે છે અને સત્તાવાર તિથિ જણાવવા માટે બેપિયા સાથે કંકુમાં રંગેલા ચોખા કંકોત્રીના રૂપે પહોંચાડવામાં આવે છે. તિથિ, વાર તથા ગામ પણ તે બેપિયાને કહેવામાં આવે છે. આ પદ્ધતિ ઘણી સારી ગણાવી શકાય.

લગ્ન :

ત્રણ દિવસ અગાઉ મુહુર્ત જોઇને આંગણામાં થાંભલી રોપવામાં આવે છે: થાંભલી સાથે આંબાના પાનનો ઉપયોગ કરતા હોય છે. આ વિધિને "માંડવો ચાંકવો" એવું પણ કહે છે: આ દિવસથી લગ્નના દિવસો ચાલુ થાય છે. તે દિવસે ગોળ કે ગોળનું પાણી વહેંચવામાં આવે છે: બીજા દિવસે હનુમાનજી કે ઇષ્ટદેવને ચીતરવામાં આવે છે: હનુમાનજીને તેલ ચઢાવવામાં આવે છે: બીજે દિવસે વરને પીઠી ચોઢવામાં આવે છે. તે દિવસે બધાં સગાં આવેલાં

હોય છે: છોકરાને ઘેર લગ્નના દિવસે ગૃહ શાંતિ જેવી વિધિ કરવામાં આવે છે. ગૃહ શાંતિમાં છોકરા-છોકરીનાં મા-બાપ બેસે છે. આ વિધિ ગોર કરાવે છે. જે નાયક કોમનો હોય છે. તેમાં છોકરાને બીજાઓની સાથે આખી રાત નચાડવામાં આવે છે. લગ્નના આગલા દિવસે બંનેને (છોકરા-છોકરીને) ખૂબ નચાવવામાં આવે છે. સાથે ઢોલી પણ નાચતો હોય છે. છોકરાનો મામો પણ છોકરાને કેડે અથવા ખભા પર બેસાડીને નાચતો હોય છે. આ રીતે આ દિવસ આનંદભેર ઉજવાય છે.

લગ્નની તિથિને દિવસે સાંજે જાન નીકળી કન્યાને ઘેર પહોંચે છે: જાનૈયા તથા વરરાજા ત્યાં ચાલતા જાય છે: ઘેરથી નીકળતી વેળાએ છોકરાનો મામો તેને કેડે બેસાડે છે: જાન નીકળીને ગામમાં ધાર્મિક સ્થાનકોએ દર્શન માટે લઇ જવામાં આવે છે. આ વખતે હાથમાં શ્રીફળ અને તલવાર કે બીજી એવી વસ્તુ તથા ગળામાં ચંપાનો ફૂલહાર હોય છે. આ રીતે જાન નીકળી કન્યા પક્ષે જાય છે: જાન સાંજે કન્યાને ઘેર પહોંચે છે. જાનમાં સાથે કન્યા માટે શરત કરી હોય તે પ્રમાણે એક જોડ લુગડાં, ઘાઘરો, ચણિયો અને ઓઢણી તથા નકકી કર્યાં મુજબ સ્થિતિ પ્રમાણે ચાંદી-ની એકાદ વસ્તુ લઇ જવામાં આવે છે.

જાન કન્યાના ગામ પહોંચે ત્યારે તેને તોરણે અગર નજીકના ઝાડ નીચે ઉતારો આપે છે. સાંજે મુહુર્ત વખતે જાન માંડવે આવે છે. ઉતારાથી માંડવા સુધી છોકરાને નચાવતાં નચાવતાં લાવવામાં આવે છે: આમ વરરાજા માંડવા પાસેના તોરણે પહોંચે છે અને ત્યાં કન્યા પક્ષ તરફથી ગોળનુ પાણી આપવામાં આવે છે. આ વિધિને (પૂખવું) એમ કહે છે. ત્યારબાદ વરરાજા માંયરામાં ચોરીએ જાય છે. ત્યાં લગ્નનાં ગીતો ગવાય છે. વર પક્ષ તરફથી કન્યા માટે



લાવવામાં આવેલ વસ્તુ કપડાં પણ ત્યાં લાવવામાં આવે છે.

લગ્ન વિધિ ગોર કરાવે છે. થોડા સમયમાં પ્રાથમિક વિધિ પૂરી થતાં લાડીનો મામો લાડીને કેડે બેસાડીને ચોરીમાં લાવી લાડાની સામે બેસાડે છે. ત્યારબાદ જે કંઇ વિધિ કરવાની હોય તે વિધિ ગોર ચાલુ કરે છે. તે સમયે લાડીનાં મા-બાપ હાજર હોય છે: છોકરો-છોકરી પરસ્પર કંસારને બદલે ગોળનુ પાણી આપલે કરે છે: આ વિધિમાં અગાઉ દારૂ આપવામાં આવતો. પરંતુ હવે તે રહયુ નથી. ત્યારબાદ કન્યાદાન દેવાય છે. કન્યા-દાનમાં બંને પક્ષથી જે કંઇ કન્યાને આપવું હોય તે આપે છે. સૌ પોતાની યથાશકિત દાન આપે છે. ત્યારબાદ મંગલફેરા ફેરવવા-માં આવે છે: ફેરા ફરી રહયા બાદ ઇષ્ટદેવ ચીતર્યાં હોય તે જગાએ ઘરમાં દંપતીને પગે લગાડવામાં આવે છે. આ રીતે લગ્નની વિધિ પૂરી થાય છે.

બીજે દિવસે સવારે જાન વર પક્ષને ત્યાં પાછી જાય છે. તે પહેલાં વર-કન્યાને ગામમાં સ્થાનકોએ દર્શન કરાવીને વળાવવામાં આવે છે: વરને ઘેર પહોંચ્યા પછી દંપતીને પૂખવામાં આવે છે. વરની મા પૂખે છે. પછી કુળમાતાના દર્શને જાય છે. ત્યાં મીંઢળ છોડવામાં આવે છે. આમ લગ્ન પુરૂ થયા બાદ વર અને કન્યા આવજા કરી શકે છે.

જમણવાર :
------

લગ્નની વિધિ પત્યા પછી અગર તો પહેલાં બંને પક્ષનાં નિમંત્રિત મહેમાનોને ભોજન આપવામાં આવે છે. ભોજનમાં દાળ-ભાત હોય છે. ભોજનની બાબતમાં એવું પણ બને છે કે જો શરત

કરી હોય તો વરપક્ષથી આવનાર પોતપોતાના ઘેરથી જ એક ટંકનુ ભાથુ લેતા આવે છે. તે વખતે ફક્ત વરરાજા તથા બે-ત્રણ નજીકની વ્યકિતઓને જમાડવામાં આવે છે. લગ્નના દિવસોમાં અગાઉના બે-ત્રણ દિવસોમાં બંને પક્ષે પોતાના નજીકના સગાંઓને દાળ-ભાત જમાડવા પડે છે. કેટલીકવાર જમણવારમાં દારૂ કે બીજા પીણાં પણ આપતા પરંતુ તે પ્રથા હવે બંધ થતી જાય છે. અત્યારે જવલ્લેજ એવુ બને છે. છતાં પણ કેટલીક વખતે છાના-છૂપા તે પ્રસંગે દારૂ ચડાવ્યા વગર રહેતા નથી.

લગ્ન પાછળનું ખર્ચ :

આ કોમ બહુ ગરીબ હોવાથી ઝાઝો ખર્ચ કરી શકતી નથી. છતાં પણ જે કંઇ ખર્ચ કરે છે તે તેમની સ્થિતિ પ્રમાણે ઓછુ ન કહી શકાય. લગ્ન પાછળ પહેલાં બધુ મળીને ૬૦ થી ૬૫ રૂા. ખર્ચ થતુ હતુ. છેલ્લા બે દાયકામાં થયેલા ભાવ-વધારાને લીધે આ ખર્ચ વધવા પામ્યુ છે. જે ૭૦૦ થી ૮૦૦ રૂા. થવા જાય છે.

લગ્ન વખતે પોષાકમાં કંઇક નવુ ટૂંકુ ધોતિયુ અગર તો નવી લંગોટી પહેરતા હોય છે. આ વખતે લંગોટી બહુ ઓછા પહેરતા હોય છે. માથે ફાળિયુ બાંધે છે. પગમાં ચંપલ કે જોડા હોય છે. કેટલાક ઉઘાડા પગે પણ જાય છે. બે દાયકા પહેલાં લંગોટી અને બંડી પહેરતા પણ એમાં ફેરફાર થતો ગયો છે. બંને જણ આંખમાં કાજલ પણ આંજે છે.



છૂટાછેડા - ફારગતી :

નાયકા કોમમાં છૂટાછેડાનો રિવાજ છે. સામાન્ય રીતે સ્ત્રી ચારિત્ર્યમાં ખરાબ હોય અને બીજા પુરૂષથી તેને ગર્ભ રહે અથવા બાળક થાય તો તેને ફારગતી આપે છે. આ સિવાય પણ બીજા કેટલાક કારણોથી છૂટાછેડા લેવાય છે. કજોડુ, શારીરિક નબળાઇ, ખોટુ વ્યસન, બંને વેવાઇઓમાં અણબનાવ ઊભો થાય અને વેરઝેર અથવા પતિ-પત્નીને અણબનાવ થાય તો છૂટાછેડા લેવાય છે. તે માટે ન્યાત અગર પંચ ભેગુ કરવુ પડે છે. જેવો ગુન્હો હોય તે પ્રમાણે લેવડ-દેવડ કરે છે. પંચના ન્યાયને અનુસરવુ જ પડે છે. છતાં પણ નીવેડો ન આવે તો છેવટે સરકાર મારફત નીવેડો આવે તેવો વર્તાવ બંને દાખવે છે. પંચ ના પાડે તો કેટલીકવાર છૂટાછેડા મોકુફ રાખવા પડે છે. પંચ જો ફારગતી માટે સંમતિ આપે તો જે છૂટુ થવા માગતુ હોય તેને સામા પક્ષવાળાને લગ્ન વખતે જે ખર્ચ થયુ હોય તે પાછુ આપવુ પડે છે.

બાળલગ્ન :

આપણે કેટલીકવાર એવુ ધારી લઇએ છીએ કે આદિવાસી એટલે કોઇ પ્રકારના નીતિ-નિયમો કે રીતભાતનો વિવેક ન ધરાવનાર, સામાજિક બાબતોમાં પણ નિયમન નહીં. પરંતુ આ પ્રજામાં આવુ ખરેખર નથી. આ કોમમાં બાળલગ્નનો રિવાજ નથી. કારણ કે ભરણ - પોષણનો સવાલ જ્યાં હોય ત્યાં મા-બાપ છોકરા-છોકરીને નાની ઉંમરે પરણાવા તૈયાર નથી.

<u>પુનઃ લગ્ન : (નાતરૂ)</u>

નાયકા કોમમાં પુનઃ લગ્ન કે નાતરૂ થઇ શકે છે. સ્ત્રી ફરી પરણી શકતી નથી. તેઓએ તો નાતરૂ જ કરવું પડે છે. તેમાં એક વખત પરણેલી સ્ત્રી સિવાય કુંવારી કન્યા સાથે પણ નાતરૂ કરી શકાય છે. વિધવા કે ત્યકતા સાથે નાતરૂ કરી શકાય પણ આ માટે પંચની સંમતિ લેવી પડે છે. આવે વખતે તે સ્ત્રીના લગ્ન પાછળ જે ખર્ચ થયું હોય તે તેના બાપને ફરી નાતરૂ કરનારાએ આપવું પડે છે. ત્યારબાદ નાતરૂ કરી શકે. પરંતુ આવા બનાવ આ કોમમાં કવચિત જ બને છે. નાતરૂની પ્રથા વધારે પ્રમાણમાં જોવા મળે છે. તેમાં લેવડ-દેવડ લગ્નના જેવી જ હોય છે.

<u>વિધવા - વિવાહ :</u>

આ કોમમાં વિધવા બાઇ સાથે પણ ફરી લગ્ન કરી શકાય છે. પરંતુ જે સ્ત્રીની ઉંમર વધારે થઇ ગઇ હોય તે સામાન્ય રીતે ફરી પરણવા ઇચ્છતી નથી. વિધવા સ્ત્રીની ઉંમર નાની હોય તો તે ફરી પરણાવી દેવામાં વાંધા જેવું હોતું નથી. તેમાં ખાસ લેવડ-દેવડ કરવામાં આવતી નથી. વિધુર પણ ફરીથી લગ્ન કરી શકે છે. તેના અગાઉના બાળકો હોય તો તે સ્ત્રી કે પુરૂષનાં જે હયાત હોય તેના જ ગણાય છે.

<u>અપહરણ :</u>

આવા બનાવ આ કોમમાં બનતા હોય છે. ખાસ કરીને મેળામાં કે હાટવાડામાંથી અપહરણના બનાવ બને છે. કેટલીકવાર



છોકરાની ઇચ્છા હોય અને છોકરીની ઇચ્છા ન હોય તથા છોકરા-છોકરીના મા-બાપ ના પાડતા હોય અથવા છોકરી રૂપાળી હોય તો આવું બને છે. આ વખતે છોકરીને ઉપાડી જઇ પાંચ-સાત દિવસ સુધી છૂપી રાખવામાં આવે છે. જ્યારે બંનેના મા-બાપને તેની બાતમી મળે છે. ત્યારે તેઓ પ્રતિષ્ઠાને ખાતર પરસ્પર સમજીને પરણાવી દે છે. એક વખત લગ્ન નક્કી થયા છતાં પણ બીજે ઘેર જો છોકરીને પરણાવવામાં આવે તો પણ અપહરણના બનાવ બને છે. આવા બનાવો વર્ષે દહાડે ૧ ટકો પણ ભાગ્યેજ બનતા હોય છે.

<u>બહુપતિ-પત્ની પ્રથા :</u>

આ પ્રકારની પ્રથા ત્રણ-ચાર પેઢી પહેલાં આ કોમમાં ચાલુ હતી. પણ છેલ્લાં કેટલાક વર્ષોથી આ પ્રથા જોવામાં આવતી નથી. એક સ્ત્રી કે પુરૂષની હયાતીમાં બીજી સ્ત્રી કે પતિ કરી શકતા નથી. તેમજ બીજીને રખાત પણ રાખી શકતા નથી. એનો ન્યાત જ બહિષ્કાર કરે છે.

## નાયકા જાતિના લગ્ન સમયે ગવાતા કેટલાંક ગીતો :

### લગ્નગીત (વર આવી ઉતારે ઉતર્યા હોય ત્યારે)

આડીને અવળી જાંબુડાની ડાળ મારી બેનાં
નવસો છોરો ગરજેલો આવ્યો.
બેનીના બાપુને રૂપિયાની સંપત નથી
નવસમે છોરો ગરજેલો આવ્યો.
બેનીના માતાને પુકમણોની સંપત નથી
નવસો છોરો ગરજેલો આવ્યો.
બેનીના વીરોને વરઘોડાની સંપત નથી
નવસો છોરો ગરજેલો આવ્યો.
બેનીની બેનીઓને સાળીબેડીઓની સંપત નથી
નવસો છોરો ગરજેલો આવ્યો.
આડીને અવળી...................
ગરજેલો આવ્યો.



### ચોરીમાં બેસે ત્યારે

નાણાં વટી રે સજજન બેઠું મોકલે સે (૨)
જેવા વીંટીમાના હીરા એવા બેની તારા વીરા.
વીરા નાણાંવટી રે સજજન......
જેવા છાણમાંના કોડા એવા નવસા તારા વીરા
નાણાં વટી રે સજજન.......
જેવી વાડમાની વેલો એવી બેની તારી બેનો
નાણાં વટી રે સજજન .........
જેવા ગુલાબના ગોટા એવા બેની તારા ફોટા
નાણાંવટી રે સજજન..........
જેવા ધુમાડાના ગોટા એવા છોરા તારા ફોટા
નાણાંવટી રે...............
જેવી જંગલમાંની ઝાડી તેવી છોરા તારી માડી
નાણાંવટી રે સજજન............

(ચોરીમાં બેઠા હોય ત્યારે - વરને ઉદ્દેશીને)

આવ્યો જમાનો ફેશનવાળો ફેશન કરવા દે ને જીજાજી મારા
શીષ્ટરને કાંઇ ન કેશો. (૨)
એક ચોટલો વાળશે, બે ચોટલા વાળશે.
અંબોડો વાળવા દેશો જીજાજી મારા....
સાડી પહેરશે, ચણિયો પહેરશે, બ્લાઉઝ પહેરવા દેશો.
જીજાજી મારા ........
ઘડિયાળ પહેરશે, બોડીસ પહેરશે, બંગડી પહેરવા દેશો
જીજાજી મારા ........
ચંપલ પહેરશે, મોજડી પહેરશે, સ્લીપર પહેરવા દેશો
જીજાજી મારા ........
આવ્યો જમાનો ફેશનવાળો...........

(ચોરીમાં વર-કન્યા બેસે ત્યારે)

બેના ચોરીમાં સામસામા ન બેસીએ રે
આપણા માતા દેખેને આપણે લાજીએ રે
આપણો પિતા દેખે ને આપણે લાજીએ રે
એ તો નીચોનો છોરો ના લાજે રે (૨)
આપણા કાકા દેખેને આપણે લાજીએ રે
એ તો મોટોનો છોરો તો ના લાજે રે
આપણી બેનીઓ દેખેને આપણે...
એ તો ઢેડાનો છોરો તો ના લાજે રે
આપણા મામા દેખેને આપણે....
આપણી મામીઓ દેખેને આપણે...
આપણા બનેવી દેખેને આપણે....
બેના ચોરીમાં જોડે જોડે ના બેસીએ



(સાસરીએ સાથે વળાવે ત્યારે)

હું શું કરૂ બેન તમને પખીડુ લઇ જાય.
હા હા પખીડુ લઇ જાય.
બેન બેઠા બસમાં બનેવી બન્યા કંડકટર
કંડકટરની નજર મારા પ્યારા બેનેની પાસ હા હા..
હું શું કરૂ બેન તમને સાસરીએ લઇ જાય (૨)
બેન બેઠા બાગમાં બનેવી બન્યા માળી
માળીની નજર મારા પ્યારા બેનની પાસ હા હા..
હું શું કરૂ બેન તમને સાસરીએ લઇ જાય
બેન બેઠાં કારમાં બનેવી બન્યા ડ્રાઇવર
ડ્રાઇવરની નજર મારા પ્યારા બેનની પાસ હા હા..
હું શું કરૂ બેન તમને પખીડુ લઇ જાય
હા - હા પખીડુ લઇ જાય (૨)

(લાડી ચોરીમાં આવે તે સમયે ગવાતું ગીત)

ધીરે ધીરે આવો બેની મડપમાં બેની મડપમાં
માતાની માયા બેની છોડી દો છોડી દો બેની છોડી દો
સાસુની માયા બેની ઝડપી લો, ઝડપી લો બેની ઝડપી લો
બાપુની માયા બેની છોડી દો છોડી દો બેની છોડી દો
સસરાની માયા બેની ઝડપી લો ઝડપી લો બેની ઝડપી લો
વીરોની જોડી બેની છોડી દો છોડી દો બેની છોડી દો
દિયરોની જોડી બેની ઝડપી લો,ઝડપી લો બેની ઝડપીલો
કાકાની જોડી બેની છોડી દો છોડી દો બેની છોડી દો
જેઠજીની જોડી બેની ઝડપી લો ઝડપી લો બેની ઝડપી લો
બેનીઓની માયા બેની છોડી દો છોડી દો બેની છોડી દો
નણંદીની જોડી બેની ઝડપી લો ઝડપી લો બેની ઝડપી લો
સખીઓની જોડી બેની છોડી દો છોડી દો બની છોડી દો
ધીરે ધીરે આવો બેની મડપમાં મડપમાં બેની મડપમાં (૨)



દહેજ આપી વખતે ગવાતું ગીત

વેવાઇને કાને પડયા છે ડાઘ વેવાઇ સાંભળો છો કે નહિ (૨)
અમારે લોકીટની રીત લોકીટ લાવ્યા છો કે નહિ (૨)
અમારે પાયલની રીત પાયલ લાવ્યા છો કે નહિ (૨)
અમારે દોરાની રીત દોરો લાવ્યા છો કે નહિ (૨)
અમારે ઘડિયાળની રીત ઘડિયાળ લાવ્યા છો કે નહિ (૨)
અમારે રેડિયાની રીત રેડિયો લાવ્યા છો કે નહિ (૨)
અમારે બગડીની રીત બગડી લાવ્યા છો કે નહિ (૨)
અમારે કડીઓની રીત કડીઓ લાવ્યા છો કે નહિ (૨)
અમારે નથણીની રીત નથણી લાવ્યા છો કે નહિ (૨)
અમારે વીંટીની રીત વીંટી લાવ્યા છો કે નહિ (૨)
અમારે કંદોરાની રીત કંદોરો લાવ્યા છો કે નહિ (૨)
વેવાઇને કાને પડયા છે ડાઘ વેવાઇ સાંભળો છો કે નહિ (૨)

આવી રૂડી આંબલાની ડાળ, સરોવરની પાળ મૂકીને
કોયલ કયાં ગ્યાતા રે (૨)
સામે બારણે પિતા પધાર્યા મળવાને માટે કયા ગ્યાતા રે
સામી બારણે માતા પધાર્યા મળવાને માટે કયા ગ્યાતા રે
આવી રૂડી આંબલાની ડાળ સરોવરની પાળ મૂકીને
કોયલ કયાં ગ્યાતા રે
સામે બારણે કાકા પધાર્યા મળવાને માટે કયાં ગ્યાતા રે
સામે બારણે કાકી પધાર્યા મળવાને માટે કયાં ગ્યાતા રે
આવી રૂડી આંબલાની ડાળ, સરોવરની પાળ મૂકીને
કયાં ગ્યાતા રે
સામે બારણે મામીઓ પધારી મળવાને કયાં ગ્યાતા રે
સામે બારણે મામા પધાર્યા મળવાને માટે બેની કયાં ગ્યાતા રે
સામે બારણે બેનીઓ પધારી મળવાને માટે બેની કયાં ગ્યાતા રે
સામે બારણે બનેવી પધાર્યા મળવાને માટે બેની કયાં ગ્યાતા રે
આવી રૂડી આંબલાની ડાળ, સરોવરની પાળ મૂકીને
કોયલ કયાં ગ્યાતા રે



હાથમાં રૂમાલ બેનાં ઝુરી ઝુરી રૂવે રે (૨)
બાપુના ખોળા બેનાં ઝુરી ઝુરી રૂવે રે (૨)
સસરાના મેણાં બેનાં મનમે વિચારે રે (૨)
માતાના લાડાં બેના ઊંઘ ઘણી આવે રે(૨)
સાસુના મેણાં બેના રડવું ઘણું આવે રે (૨)
કાકાનાં બીડાં બેના ધોરી ધોરી સુવે રે (૨)
જેઠજીનાં મેણા બેના કાઠું ઘણું લાગે રે (૨)
કાકીઓના લાડાં બેના ઊંઘ ઘણી આવે રે (૨)
જેઠાણીનાં મેણા બેના મનમાં વિચારે રે (૨)
ભાયાનાં લાડા બેના ધોરી ધોરી સુવે રે (૨)
દિયરના મેણા બેના મનમાં વિચારે રે (૨)
બેનીઓની જોડી બેના ધોરી ધોરી સુવે રે (૨)
નણંદના મેણાં બેના મનમાં વિચારે રે (૨)
હાથમાં રૂમાલ બેનાં ઝુરી ઝુરી રોવે રે (૨)

ગી ત
----

સાસરીયાની વાટે બેનાં કૂવલીયા ગાંડાવજો (૨)
આવતાં ને જતાં બેની તારો અણવર પાણી પીસે રે (૨)
આવતાં ને જતાં બેની તારા ઓણેભા પાણી પીસે રે (૨)
સાસરીયાની વાટે બેની જાંબુડા રોપાવજો રે (૨)
આવતાંને જતાં બેની તારો અણવર છીતળ છાંયે બેસસે (૨)
સાસરીયાની વાટે બેની આંબા રોપાવજો (૨)
આવતાં નેં જતાં બેની તારા આંણેભા છાંયે બેસસે (૨)
સાસરીયાની વાટે બેની કૂવલીયા ગાડાવજો.

(માંડવામાં જાન બેસે ત્યારે ગવાતું ગીત)

હંસા જજે ઉગમણો દેશ, આથમણો દેશ, વળતો જજે રે
વેવાઇના માંડવે રે...
વેવાઇ તારા માંડવે આવળરોપાય, બાવળરોપાય,
દાંતણ વેરાયે મોટાભાઇ આવશે મોરારાજ
વેવાઇ તારા માંડવે ઉંડાકું નખાવ ઠંડા કુંડ નખાવ
ઝીલણ વેરાયે મોટાભાઇ આવશે મોરારાજ
વેવાઇ તારા માંડવે પકવાન પડાવ, પકવાન પડાવ
ભોજન વેળાએ મોટાભાઇ આવશે મોરારાજ
વેવાઇ તારા માંડવે લવીંગ રોપાવ, એલચી રોપાવ
મુખવાસ વેળાએ મોટાભાઇ આવશે મોરારાજ
વેવાઇ તારા માંડવે પલંગ ઢળાવ, પલંગ ઢળાવ
પોઢણ વેરાયે મોટાભાઇ આવશે મોરારાજ
હંસા જજે ઉગમણો દેશ આથમણો દેશ
વળતો જજે રે વેવાઇને માંડવે મોરારાજ



## મરણ :

જે માણસ મરણ પથારીએ હોય અને એમ જણાય કે તે મરવાની અણી ઉપર છે તો તે માણસને છેવટની ઘડીએ જમીન પર સુવાડી દેવામાં આવે છે. તે પહેલાં જમીન પર ગાયના છાણથી લીપવામાં આવે છે. કેટલાક ઘાસ પણ પાથરે છે. જીવડો ચાલ્યા ગયા પછી મુડદાને દફનાવવાની તજવીજ કરવામાં આવે છે. તે માટે વાંસની નનામી તૈયાર કરવામાં આવે છે. તેના પર મુડદાને સુવડાવી કઉનથી ઢાંકી દઇ બાંધી દેવામાં આવે છે. સગાંને મૃત્યુના સમાચાર પહોંચાડવામાં આવે છે. બધાં ભેગા થયા પછી મુડદાને સ્મશાને લઇ જવામાં આવે છે. મુડદાને જયારે લઇ જવામાં આવે છે ત્યારે ઘરનાં તથા સગાંવહાલાં તેને વળાવવા નિમાહા (ચકલો, ભાગોળ) સુધી રડતાં રડતાં જાય છે. ત્યારબાદ ત્યાંથી વળાવીને રોતાં, કૂટતાં ઘેર આવે છે. પરંતુ આ કોમનો ભગત મરી ગયો હોય તો રડવાનુ કે કૂટવાનુ હોતુ નથી. પણ ભજન ગાતાં ગાતાં જાય છે અને પાછાં ફરે છે.

મુડદાને દફનાવવા જતાં ફકત એક કુલર (બાજરીનો લોટ અને ગોળ તેમજ ઘી) નો લાડુ લઇ જવામાં આવે છે. રસ્તામાં જતાં કૂતરાં કે પક્ષીઓને રોટલા કે દાણા નાખવામાં આવતા નથી. ખાવાને ટકનુ અનાજ મુશ્કેલ હોય ત્યાં આ બધુ ન જ હોય તે સ્વભાવિક છે. સાથે એક માટલીમાં બળતુ છાણુ લઇ જાય છે. આ લાડુ તથા હાંલ્લી (માટલી) ચકલા આગળ મૂકીને કાણી કરવામાં (તોડવામાં) આવે છે. છેવટે પોતાના ઇષ્ટ એવા મોટા દેવનુ નામ રટતા રટતા સ્મશાને પહોંચે છે.

સ્મશાને ચિતા ખડકાવી તેના પર મુડદાને સુવડાવવામાં આવે છે: ચિતાને સળગાવવામાં આવે છે. અગ્નિ સંસ્કાર કરે છે. ચિતા સળગાવતાં પહેલા મુડદાના મુખમાં ઘીને બદલે મધ કે દારૂ મૂકે છે: આ કોમમાં પણ ઉજળિયાત કોમોની જેમ મોટી ઉંમરનાને બાળે છે: અને બે-ત્રણ વર્ષની ઉંમરના બાળકને દાટવામાં આવે છે: ભગત કે સંતને પણ દાટવામાં આવે છે.

મૃત્યુ પછી મરનારના નામે એક-બે વખત કાણ કાઢવામાં આવે છે: તેમાં પુરૂષો અને સ્ત્રીઓ બંને જાય છે: બારમાના દિવસ સુધી આ પ્રમાણે ચાલુ રહે છે.

બારમાનો અગર ન્યાત જમાડવાનો રિવાજ પ્રચલિત નથી. પરંતુ સ્થિતિ પ્રમાણે જમણવારમાં દાળ-ભાત બનાવે છે અને છોકરા તેમજ મરનારના સગાં-વહાલાંને બારમાના દિવસે જમાડે છે.

વારસા હકક :
----------

કુટુંબમાં વડીલ પુરૂષનુ મૃત્યુ થાય તે પછી મિલકત કોને મળે તેવો પ્રશ્ન જવલ્લેજ ઉભો થાય છે. કારણ કે આ કોમ માટે કયાં રહેવું એનું જ ઘણી વખત ઠેકાણું નથી હોતું ત્યાં મિલકતની કે વારસની વાત જ શી કરવી. ખેતર કે બીજી જમીન પણ તેમની પાસે હોતી નથી. પરંતુ મિલકતમાં જે કંઇ હોય તે સહિયારી ગણાય છે: આ કોમમાં વડીલ પુરૂષનું અવસાન થતાં લાંબા સમય સુધી વડીલના નામે જે કંઇ થોડી ઘણી જમીન હોય છે તે પોતાના છોકરા કે ઘરજમાઇ હોય તો તેના નામ પર થતી નથી, જેથી જે કંઇ મિલકત હોય તે સહિયારી ગણાય છે.



શ્રાધ્ધ :
----

હરાદિયા (ભાદરવા) માસમાં મરણને દિવસે શ્રાધ્ધ કરવામાં આવે છે. મરનારના નામે ઇષ્ટ દેવનું નામ જપવામાં આવે છે: કેટલીક વખત નાનાં મરઘાંનો બલિ ચઢાવવામાં આવે છે. તેમ કરવાથી મરનારની અધૂરી વાસનાઓ પૂરી થાય છે. અને એ રીતે ભગવાનીયો મોક્ષ આપે છે એવી શ્રધ્ધા આ લોકો ધરાવે છે: મરેલાનો જીવ આ લોકમાં રહી ગયો હોય તો તેને તેમ કરવાથી શાંતિ મળે છે. એમ તેઓ માને છે. વેરાઇ માતાએ પણ દીવો કરે છે: હનુમાનને કેટલાક તેલ ચઢાવે છે: આ રીતે તેઓ શ્રાધ્ધ ઉજવે છે.

જ્ઞાતિપંચ અને બંધારણ :
----------------

આ ન્યાતનું બંધારણ લખેલું તો ભાગ્યે જ મળશે. બંધારણ અલિખિત છે: ન્યાતનો આખો પાયો રીત-રિવાજ, ધારાધોરણો સામાજિક રૂઢિઓ વગેરે પર રચાયો છે. કેટલાક રિવાજો નિયમો તથા કેટલીક રૂઢિઓ વગેરે પણ ફેરવી ન શકાય એવા રૂઢિગત અને અફર હોય છે. એમની જ્ઞાતિનું બંધારણ કોઇ અજબ પ્રકારે ગોઠવાયેલું છે. આ કોમમાંથી સામાજિક બાબતોને લગતો ઝઘડો કોર્ટે ગયેલો જવલ્લેજ જાણવા મળશે. કારણ કે મહત્વના પ્રશ્નો પોતાના જ્ઞાતિપંચ મારફત ઉકેલાયાના દાખલા મળી આવે છે: આ પંચનો ઉકેલ બંને પક્ષને મંજૂર રાખવો પડે છે: કોઇક વખત પંચ મારફત નીવેડો ન આવે તો જ કોર્ટનો આશરો લેવો પડે છે. પંચ એક તરફી નિર્ણય નથી આપતું. પ્રશ્નનો ઉકેલ ન આવે તો તે માટે પંચ ફરીથી વિચારણા અર્થે બેસે છે. આમ

નાયક કોમનું તેમની જ્ઞાતિમાંથી બનેલું પંચ બળવાન છે. જેમ કોર્ટે આપેલ નિર્ણયનો અનાદર થતો નથી તેમ જ્ઞાતિપંચના નિર્ણય વિશે પણ ભંગ કે અનાદર કરનારને સામાજિક રીતે કડક શિક્ષા કરવામાં આવે છે.

નાયક કોમમાં જ્ઞાતિપંચ અને સામાજિક બંધારણ એ તત્વો તરીકે સારા છે. પણ જો આ કોમમાં કેળવણીના સંસ્કાર અપાય અને આર્થિક ઉન્નતિ થાય અને ત્યારે પણ જો એ જ્ઞાનપૂર્વક સ્વીકારવામાં આવે તો તેનાં પરિણામો સારાં ઉપજાવી શકાય.

<u>કુટુંબ વ્યવસ્થા :</u>

આજની કહેવાતી કેળવાયેલી અને સંસ્કારી ગણાતી કોમોમાં પણ જ્યાં વિભકત કુટુંબ વ્યવસ્થા જોવા મળતી હોય ત્યાં આ કોમમાં વિભકત કુટુંબ પ્રથા હોય તેમાં નવાઇ જેવું કંઇ નથી.

દરિદ્રતાને કારણે અને સંજોગોવસાત એમણે આ પ્રથા સ્વીકારી છે. ઘરો એટલાં બધાં નાનાં હોય છે કે ઘરમાં બધાને રહેવાની ઘણી જ મુશ્કેલી પડે છે. છોકરા છોકરીઓ છૂટથી મળી શકતા નથી. પરિણામ સ્વરૂપ તેમનો ઘર સંસાર સારી રીતે ચાલી શકતો નથી. આથી છોકરો પરણ્યા પછી એક કે બે વર્ષમાં પોતાના મા-બાપથી છૂટો પડી જાય છે. આ જાતિમાં ઝઘડા થવાના પણ સંભવ પણા ઓછા છે, કારણ કે આ કોમમાં કઇ મિલકતના ભાગ વહેંચવાના હોય? સાધનોના અભાવે અને જેમ બને તેમ ઓછું ખર્ચ થાય તે દૃષ્ટિએ આખી વ્યવસ્થા ઊભી કરેલી હોય છે.



વિભકત કુટુંબ વ્યવસ્થા હોવા છતાં સમય આવ્યે એક બીજાને મદદ કરે છે. સામાજિક કે ધાર્મિક પ્રસંગે કુટુંબના દરેક માણસ ભેગા મળે છે. અને અરસપરસ એક બીજાની સહાયથી કામ કરે છે.

<u>કુળ :</u>

કોલાકુળ, દેસાઇકુળ, ચોરીવાલા, માછાકુળ, ડાભળીયા કુળ, વંછી અથવા નાયકવતી વિગેરે જુદા જુદા કુળ જોવા મળે છે.

## પ્રકરણ :: ૫

## ધાર્મિક જીવન

ધાર્મિક જીવન :

પ્રાચીન સમયથી નાયકા જાતિ ગુજરાતના બનાસકાંઠા જીલ્લાથી માંડીને દક્ષિણ ગુજરાતના ધરમપુર તાલુકાની પૂર્વ પટ્ટીમાં આવેલા જંગલ વિસ્તારમાં વસવાટ કરે છે. છતાં ગુજરાતની જાતિઓના વર્ણનમાં નાયકાઓની ધાર્મિક માન્યતા કેવી છે તેનો નક્કર જવાબ આપ્યો નથી તેમના ધાર્મિક જીવનનો ખ્યાલ મેળવવા માહિતગાર બનવું જોઇએ. નાયક કોમમાં પણ હિંદુ ધર્મની ઊંડી અસર જોવા મળે છે.

આ જાતિમાં વહેમ - અંધશ્રધ્ધા ખૂબજ જોવા મળે છે અને વહેમ તેમજ શ્રધ્ધાને ટાળવા અનેક દેવદેવીઓની પૂજા વિધિ કરે છે: તેમના દેવામાં ડુંગરદેવ, વાધદેવ, વહેવારિયોદેવ, ઝાંઝવો દેવ હિમારિયો દેવ વગેરે દેવો છે. જ્યારે દેવીઓમાં કણાઇમાતા, વહેરાઇમાતા, ધનબાઇમાતા, ખેતાઇમાતા, હજુરીમાતા, અંબામાતા વગેરે હિંદુ દેવદેવીઓની પણ પૂજા કરે છે. જો કે પાવાગઢના મંદિરમાં મોટેભાગે તેઓ જતા નથી, છતાં તેઓ કાળકામાતાને પૂજે છે અને પોતાની કુળદેવી માને છે. તેમના તહેવારો મુખ્યત્વે હોળી, જન્માષ્ટમી, દિવાસો, નવરાત્રિ, દશેરો તથા દિવાળી માને છે:

નાયકાઓ ભગત-ભૂવામાં અતિ શ્રધ્ધા રાખે છે. ભગત પહેલો પછી ડોક્ટર, આ લોકો મેલી વિદ્યામાં, તેમજ ડાકણ કે ચુડેલ,

વાતરીયામાં ખાસ માને છે. સામાન્ય રીતે માણસને તાવ, શરદી, પેટમાં દુખે ત્યારે પણ ડાકણે કર્યું તેમ માને છે. કાંતો દેવ-દેવીને કૂકડો ન વધેર્યો તેથી આવું થયું તેમ માને છે. મોક્ષમાર્ગી કબીરપંથ, કેવળપંથ, જેવામાં માને છે અને ગુસ્સો પણ કરે છે.

નાયકાઓ ઇશ્વરમાં ભારે શ્રધ્ધાળુ છે. માંદે-સાજે પણ એમના દેવદેવીઓને આણમાં રાખી પૂજન વિધિ કરે છે. સાથે ઇશ્વર પ્રતિ અપાર શ્રધ્ધા રહેલી છે. તેઓ ઇશ્વરને મહાન શકિત માને છે. તેઓના મન ઇશ્વર એ અલૌકિક અને નિરાકાર એવી અપાર શકિત છે એવું માને છે. દેવ-દેવીઓમાં અપાર શ્રધ્ધા ધરાવે છે. દેવ-દેવીઓને રાજી રાખવા મરઘાં - બકરાનો વધ થાય છે.

દુઃખ અથવા દર્દ થયુ હોય તો ભગતનુ સ્થાન મોખરે હોય છે. ભગત તે દુઃખનુ કારણ શોધી કાઢે છે. દેવે માગેલી માનતા અથવા મજૂરી આપે છે. નૈવેદ્યમાં પશુઓના બલિ આપે છે. ભોગ ધરાવતાં દેવ પ્રસન્ન થાય છે. અને દુઃખ દૂર કરે એમ માને છે. તેમનાં ઘણાં ખરાં દેવ-દેવીઓ પ્રાકૃતિક તત્વોમાંથી ઉદ્ભવેલા છે. જેમકે ગામને સીમાડે વસતો દેવ તેને સિમારીયો દેવ કહે છે. તેમજ વાઘદેવ, નાગદેવ એ મુખ્ય ગણાય છે.

<u>નાયકાઓની દેવ - દેવીઓ :</u>

દેવલીમાડી, ભવાની માતા, ગોહમાઇ માડી, મશ્કી-માતા, ભૂરીમાતા, કેસેરીમાતા, અમાહીમાતા, ચોસઠજોગણી, પેટફોડીમાતા, માવલીમાતા, કાળકામાતા, ઉનાઇમાતા, બળિયાદેવ, ગોલીગડ, દેવ શામરો, બામણિયો ભૂત-દેવ, વિઘ્નેશ્વર મહાદેવ, હનુમાનજી, સિમારીયોદેવ, કાળોકાકર,



વાઘદેવ, અને ગોવાળદેવ વગેરે દેવ-દેવીઓને માને છે. અને પૂજા વિધિ કરે છે. જેનો વિગતે ખ્યાલ નીચે પ્રમાણે છે.

<u>દેવલીમાડી :</u>

આ કરૂણતાની દેવી ગણાય છે. આ દેવીને નાયકા કોમ સિવાય, ધોડિયા, ચૌધરી, ગામીત વગેરે આદિવાસીની બધી જ જાતિઓ આ દેવીને માને છે. અન્ય દેવોમાં "દેવલીમાડી" નુ સ્થાન સૌથી આગળ પડતુ છે. આ દેવીનુ સ્થાન સોનગઢ તાલુકામાં દેવલપાડા તથા વ્યારા તાલુકામાં વડઝાંખણ અને બાલપુર સ્થળે છે. આ બધામાં દેવલપાડામાં આવેલ સ્થાનક મહત્વનુ છે. લોકો તેને માડીના નામથી ઓળખે છે. તે સર્વ પ્રકારના દુઃખ દૂર કરે છે એવી માન્યતા ધરાવે છે. આ લોકોને દેવલીમાડી પ્રત્યે ખૂબ શ્રધ્ધા છે. કોઇપણ દુઃખ આવી પડે ત્યારે આ દવેીની માનતા રાખવામાં આવે છે. માનતા ભગત દ્વારા રાખે છે. જેવી માડીની ઇચ્છા હોય તે ભગત શોધી કાઢે છે. અને તે પ્રમાણે નૈવેદ્યની સામગ્રી દેવીને કબૂલ કરે છે. માણસ દુઃખમાંથી મુકત થયા પછી તુર-વગાડતા તથા દેવીના ગીતો ગાતાં ગાતાં સ્થાનકે જાય છે.

"ઉઘાડ ઉઘાડ માડી તારાં ઝાંપલીયાં
આવિયાં આવિયાં તારાં વ્હાલેરાં"

આમ ગીતો ગાઇને દેવ-દેવીને રાજી કરે છે. જેમની માનતા હોય તે વ્યકિતને હળદર અને તેલની "પીઠી" ચોળવામાં આવે છે. બાધા ચઢાવ્યાં પછી પીઠીવાળી વ્યકિતને સ્નાન કરાવી "પીઠી"દૂર કરવામાં આવે છે. સાથે ગયેલી દરેક વ્યકિત પૂજાના સામાન સાથે લઇ દેવીની ફરતે ચાર વખત પ્રદક્ષિણા કરે છે. ત્યાર

બાદ તેલ દિવેટ અને ફૂલહાર ચઢાવી બકરો અથવા કૂકડાનો વધ કરે છે. ત્યારબાદ મિજબાની પતાવી આવતે વર્ષે ફરી આવીશું એવું નોતરૂ મેલતા ઘરે આવે છે.

ભવાની માતા :

ભવાની માતાનું દેવલીમાડી જેવું ચોકકસ સ્થાનક નથી. પરંતુ ગામે ગામ તથા નાયકાઓના ઘરમાં એનો વાસ હોય છે. મનોકામના પૂરી કરવા આ માતાનું પૂજન કરવામાં આવે છે. નાયકા અને ધોડિયા જાતિ આ માતાને લગ્નની માતા તરીકે ઓળખે છે.

સામાન્ય રીતે સીમળાના વૃક્ષ, અંકોલના વૃક્ષ નીચે ઘુમ્મટમાં આ માતાનું સ્થાન હોય છે. મંગળવાર, રવિવાર કે વારતહેવારે નાયકાઓ આ માતાનું પૂજન કરે છે. આખા ગામની લાડીલી માતા ગણાય છે. આદિવાસીઓ આ માતાને આદર અને માન સાથે પૂજે છે. ખેતીવાડી, વેપારધંધા અને મનની ઇચ્છા પૂરી કરનાર આ માતા મનાય છે.

હિંદુ નવા વર્ષના આગલા દિવસે આખુ ગામ ભેગું થાય છે. સાથે ભગત હોય છે. આ દિવસે પૂજન વિધિ કરવામાં આવે છે, અને સ્થાનક પર ધજા ફરકાવવામાં આવે છે. તે દિવસે પ્રત્યેક ઘરદીઠ એક માણસે હાજર રહેવું અનિવાર્ય માને છે. ફાળવેલા પૈસા દ્વારા વિધિ પૂર્ણ કરે છે. કૂકડો કે બકરો વધેરે છે અને સૌ મિજબાની કરે છે.

નવપરિણિત વર-કન્યા હોય તો ભવાની માતાને પગે લાગવા જાય છે. અને દાંપત્ય જીવન આનંદિત રહે તેવી યાચના



કરે છે. ગીતો ગાય છે. તૂર-થાળીના વાજિંત્રો વાજતાં હોય છે. ગીતો આશીર્વાદ માગતાં ગાય છે.

ગોહમાઇ માડી :

કાળાકાકરના ડુંગર, વ્યારા તાલુકામાં વડઝાંખણમાં સ્થાનક છે. આ દેવી પશુઓમાં ઢોરની દેવી ગણાય છે. દંતકથા અનુસાર ગોહમાતાને કાળાંકાકર અને ગોવાળ દેવ ભાઇ છે. ત્રણે ભાઇ બહેન પાવાગઢ સાથે રહેતાં. પરંતુ પાંડવો ગયા અને કળિયુગ આવ્યો તેથી જુદે જુદે સ્થાનકો કરી રહયાં. આદિવાસીઓ આ દેવીને "કોદરી" માતા તરીકે પણ ઓળખે છે. તેથી ખુશ કરવા ભોગ આપે છે. આ માતાના વારસા ગામે-ગામ હોય છે. આ માતા વ્યારામાં સિંણધઈમાં પ્રખ્યાત છે.

ઢોરની માતા ઉપરાંત ચામડીના રોગ મટાડવા, વેવિશાળ જોડવા, તોડવા પણ આ માતાની માનતા રાખે છે. વાર તહેવારે પૂજા કરે છે.

ભૂરીમાતા :

આ દેવી પાવાગઢી દેવી ગણાય છે. આ દેવીનું મુખ્ય સ્થળ સુરત (વલસાડ) જિલ્લાના વાંસદા તાલુકામાં ચાંપલ, મહુવા તાલુકામાં વલવાડા, કોશખાડી, ચઢાવ તથા કોપરેજમાં સ્થાનકો છે. દરેક આદિવાસી જાતિ આ દેવીને માને છે. પૂજા વિધિ કરે છે. મુખ્ય સ્થાનકે બાધા મૂકવા ન જવાય તો પાગર અથવા વારસાગત સ્થળ હોય ત્યાં બાધા ચઢાવી શકાય છે. દૂર દૂરથી લોકો આ સ્થળે આવે છે.

કહેવાય છે કે વાંઝિયાપણું દૂર કરે છે. આ દેવીને પણ કૂકડો તેમજ બકરાનો વધ અપાય છે.

પરકી માતા :
---------

મહુવા તાલુકામાં વેલણપુર ગામે નદીના તટે (ઓલાણ નદી) આ માતાનું પ્રખ્યાત સ્થળ છે. મહારોગો દૂર કરવા માટે આ માતાની માનતા રાખવામાં આવે છે. ગામમાં રોગચાળો ફાટી નીકળે ત્યારે નાયકા તેમજ ધોડિયાઓ એમ જ માને છે કે "મરકી" માતા ક્રોધે ભરાઇ છે. માટે એને ખુશ કરવા ગ્રામ્યજનો ભેગાં મળી આખા ગામની બાધા રાખે છે અને શીતળા, પ્લેગ જેવા રોગો અટકે છે: કોઇપણ દુઃખ થાય તો પણ લોકો બાધા રાખે છે અને ભગત વ્દારા પૂજા વિધિ પતાવે છે. લાકડાની લંબગોળ મૂર્તિ હોય છે; સ્થાનક પાસેથી રસ્તો પસાર થતો હોય તો આવતાં જતાં લોકો તેને નમન કરે છે.

કંસેરી માતા :
---------

સમગ્ર આદિવાસી પ્રજા આ માતાને માને છે: જેને કંસેરી-માતા પ્રસન્ન થઇ હોય તેનું ઘર ભરાય એવું કહેવાય છે: આ માતાને "અન્નદેવી" પણ કહે છે. અનાજ એજ કંસેરીમાતા, દરેક ઘેર આ માતા હોય છે. કોઠી, પાલા કે ટોપલામાં રહે છે. પત્થરની નાનકડી મૂર્તિ હોય છે: જેને પ્રસન્ન થઇ હોય તે કોઠી અથવા પાલામાં રાખે છે: નવું અન્ન ઘરમાં આવે તે પહેલાં આ દેવીનેપૂજે છે: દીવો-દિવેટ કરે છે. ભોગ પણ ધરાવે છે.



કંસેરી માતાને માન આદરથી ન પૂજવામાં આવે તો એ ઘર છોડી બીજે ભાગી જાય છે. તેથી લોકો અનાજની માવજત કાળજીપૂર્વક કરે છે. સર્વે આદિવાસીઓ આ માતાને માને છે.

પેટફોડી માતા :
----------

ગામના સીમાડે આ દેવીનું સ્થાનક હોય છે. કારણ કે આને મેલી દેવી તરીકે ગણે છે. પથ્થરની મૂર્તિ હોય છે. જે વખતે સ્ત્રીને પ્રસુતિ ન થાય ત્યારે દાયણ પેટફોડી માતાની બાધા રાખે છે અને બાળકનો જન્મ થયા બાદ આ દેવીને ખુશ કરવા માટે લોટનું બાળક બનાવે છે. તથા મરઘીના બચ્ચાનું બલિદાન કરે છે. પુત્ર પ્રાપ્તિ માટે પણ આ દેવીની માનતા રાખે છે. આ દેતી સ્ત્રીઓની દેવી ગણાય છે. પુરૂષ ભાગ્યે જ ત્યાં જાય છે. આ દેવીનું સ્થાનક ગુમ્મટમાં હોય છે.

વાઘદેવ :
-----

એવી માન્યતા પ્રવર્તમાન છે કે પ્રાચીનકાળમાં આર્યોથી જ આ દેવ અસ્તિત્વમાં આવેલો છે. કારણ કે આર્યો ગોપાલનનો ધંધો પણ કરતા હતા અને તેઓ જંગલમાં રહેતા આવ્યા છે. જેથી ગાયોને અને ઢોરને વાઘ કે પશુ મારી ન ખાય તે માટે વાઘદેવની પૂજા કરવામાં આવતી. જેથી પશુઓના રક્ષક દેવ તરીકે આર્યો આ દેવની પૂજા-વિધિ કરે છે.

આ દેવનું પૂજન આસોવદ બારસના દિવસે થાય છે: ગોચરની ખુલ્લી જગ્યામાં આ દેવની પૂજા કરે છે: પૂજા વિધિ માટે પથ્થરની મૂર્તિ બનાવે છે. બારસના દિવસે લોટનો વાઘ, ભાલુ

તથા ધાંધડી ઘેઘેલ (મધમાખીનો એક પ્રકાર) દૂધમાં મૂકે છે. બે ગોવાળિયા એક વાઘ અને બીજો ભાલુ બને છે અને કછોટો પહેરાવી દેવની મૂર્તિ સામે બેસાડે છે. ચાર વખત તેને ફરતે ફેરા ફરી રહયા બાદ બે બેઠેલા ગોવાળિયા, નાળિયેર, ભાખરો, દૂધ લોટના બનાવેલાં ભાલુ-વાઘ લઇને દૂર ભાગે છે અને તેઓની પાછળ બીજા ગોવાળિયા દોડે છે. હદ સુધી દોડે છે. ત્યારબાદ ગોચરમાં ગોવાળિયા તેમજ ગામના વડીલો ભેગા મળી સમૂહભોજન કરે છે: તેમાં ભાખરી, શાક હોય છે: કહેવાય છે કે વાઘની સાથે ભાલુ રહે જ છે: આમ વાઘદેવની પૂજા વિધિ કરી મનાવે છે:

સીમારીયો દેવ :
-----------

ગામની સીમાએ આ દેવનું સ્થાનક હોય છે: તેની તેને ગામનો રખેવાળ પણ કહે છે. નાયકાઓ આ દેવને દરવર્ષે ભોગ ધરાવે છે: વાઘ-વરૂ કે સાપ જેવા જાનવરને એ વશ કરે છે. જેથી ગામ લોકો વર્ષમાં આ દેવની એકવાર પૂજા વિધિ કરે છે: વાઘ-બારસના દિવસે આ દેવને પૂજે છે.

આ ઉપરાંત આગળ બતાવેલ તમામ દેવ-દેવીઓની પૂજા વિધિ નાયકાઓ કરે છે. અને માનતા માને છે:

ખતરાં બેસાડવા :
------------

આદિવાસીઓમાં ખતરા બેસાડવાની વિધિ પ્રથા જોવા મળે છે: તેમાં ખાસ નાયકા તેમજ ધોડિયા જાતિ પણ ખતરાં બેસાડે છે: માણસ અચાનક મૃત્યુ પામે તો તેનો જીવ ભટકતો રહી જાય છે: અધોગતિ થાય છે: અને એ ભટકતી બલા બની જાય છે:



મૃત્યુ જગમાં જે એ આત્મા ભૂત-પ્રેત રૂપે રખડે છે એની ઇચ્છા પૂર્ણ ન થવાથી આવું બને છે અને કુટુંબ કે પ્રિય વ્યકિતને એ હેરાન કરે છે: જેથી ખતરાં ભગત પાસે બેસાડવામાં આવે છે: ઘરમાં કાયમ બિમારી કે ચમત્કાર થયા કરતા હોય ત્યારે ભૂવાને બોલાવી દાદા-દાદી, ભાઇ કે બહેન બેસવા માગે તે શોધી કાઢવામાં આવે છે: આમ મૃતદેશની ઇચ્છા અધૂરી રહેલી હોય તે ભગત શોધી કાઢે છે: અને તેને પૂર્ણ કરવા ખતરાં બેસાડવા અનિવાર્ય જણાવે છે.

ખતરાં બેસાડતી વખતે ભગત નીચેની વસ્તુઓ મંગાવે છે. માટીની તાવડી, કાંસકો, અરીસો, રથ, સીચું, વેલણ, સિંદુર, દારૂ, નાળિયેર તથા પહેરવાનાં કપડાં સરસામાન મગાવે છે. પથ્થરમાંથી અથવા આગના લાકડામાંથી માણસના આકારે ઘડી કાઢી ખતરૂ બેસાડે છે. અઢીથી ત્રણ ફૂટ લાંબુ લાકડુ હોય છે. આને જયાં બેસવા માગતું હોય ત્યાં એને ભગત ધૂણતો ધૂણતો ખૂબ મનાવે છે: પૂર્વ તરફ મોં રાખી બેસાડે છે. પુરૂષના ખતરાને સફેદ અને સ્ત્રીના ખતરાને લાલ વસ્ત્ર પહેરાવે છે. સુવાવડી સ્ત્રી મરી જાય તો તેનું ખતરૂ અલગ બેસાડવામાં આવે છે.

ખતરાં બેસાડયા પછી અને વાર-તહેવારે સારૂ ખાવાનું બનાવે તો પ્રથમ એને ધરાવે છે. જે પ્રથા હજી આપણને જોવા મળે છે.

પરજણ :
----

માણસ મૃત્યુ પામે પછી બાર કે તેરમા દિવસે બારમું કરે છે: બારમાને નાયકાઓ "દહાડો" કરવો એમ કહે છે. ત્રણ કે ચાર વર્ષ અગર દર વર્ષે પોતાના કુળમાં જેટલા માણસો મર્યાં હોય

તે બધાની બધાં સગાવહાલા સાથે શ્રાધ્ધ ક્રિયા કરવામાં આવે છે. તેને પરજણ કહે છે. પરજણ પોષ કાં તો મહા માસમાં ઉજવે છે. નાયકાઓ પરજણને ખાસ માને છે.

પરજણ બે રીતે કરે છે. એક રૂઢિ પ્રમાણે અને બીજી બ્રાહ્મણ દ્વારા સામાન્ય કુટુંબ પોતાની અસલ રૂઢિ પ્રમાણે પરજણ ધરે છે. થોડા આગળ પડતા કુટુંબો બ્રાહ્મણને બોલાવી આ ક્રિયા કરાવે છે. પરજણ અનિવાર્ય ગણાય છે. સમૂહમાં પરજણ થાય છે. જેથી તેમની સમૂહ ભાવના મજબૂત છે.

પરજણ ઉજવવાનું હોય તે અગાઉ આઠ દિવસ પહેલાં સગાઓને ખબર પહોંચાડે છે. શણની દોરીમાં આઠ ગાંઠ વાળી દરેક સગાને પહોંચાડે છે. દરરોજ એક ગાંઠ છોડતા જાય છે અને દિવસો યાદ રાખે છે. જે દિવસથી ગાંઠની વાધીને ખબર પહોંચાડે તે દિવસથી સગામાં જો એક વ્યકિત પરજણના સ્થળે જઇ અખંડ દીવો બળતો રાખે છે. અને ભાતની ઢગલી કરી તે ઉપર પાણીનાં ટીપાં ટપકે એવી જોગવાઇ કરી માટલી બાંધે છે. ગાંઠ વાળેલા બધા છૂટી જાય એટલે આગલે દિવસે બધા સગાઓ પરજણ ધરવાના સ્થળે ભેગા મળે છે. રૂઢિ પ્રમાણે કરવાંના હોય તો સાથે ભગત હોય છે. બ્રાહ્મણિયા વિધિ કરવાના હોય તો સાથે બ્રાહ્મણને લઇ જાય છે. અને ભજન મંડળી પણ સાથે લઇ જાય છે.

સવારના વિધિ કરે છે. વહેતાં પાણીમાં જેના ઘરના માણસનું પરજણ ધરવું હોય તેની મુખ્ય વ્યકિતને, બધાને સમૂહમાં બેસાડી વિધિ કરે છે. વારંવાર છીછરા પાણીમાં પરજણ ઉજવનાર વ્યકિતને નાહવું પડે છે. વિધિ કરતી વેળાએ એક તાંબાનો પૈસો, દર્ભ વગેરે ભગત ચોખાની નાની ઢગલી બનાવી હોય ત્યાં



ચઢાવવા કહે છે. અને વિધિ પતાવે છે. વિધિ પૂર્ણ થતાં દરેક પોતપોતાને ઘેર જાય છે.

<u>શુકન અપશુકન :</u>

નાયકાઓ હજી પણ શુકન અપશુકનમાં માને છે. જયારે શુભ કાર્ય માટે નાયકાઓ બહાર નીકળે ત્યારે ખાલી બેડું, બિલ્લી નજરે ચઢે, માણસ છીંક ખાય અને રસ્તે સાપ મળે તો આ બધા અપશુકનો માને છે. જયારે રસ્તે શિયાળ ભટકાય, નોળિયો મળે, ભરેલુ બેડુ લઇ આવતી સ્ત્રી સામે મળે અને મડદુ મળે તો સારાં શુકન માને છે.

<u>ધાર્મિક પરિવર્તન :</u>

ધર્મ એ માનવ સમાજમાં જન્મથી જ જડાયેલી એક અતૂટ ભાવના છે. તે મનુષ્યના જન્મ સિધ્ધ સ્વભાવનું જ એક અવિભાજ્ય અંગ છે. ધર્મ દેશકાળ અનુસાર વિધ રૂપો ધારણ કરશે ખરો, પરંતુ મનુષ્ય આજે જેવો છે તેવો રહેશે ત્યાં સુધી ધર્મ જગતમાં કાયમ રહેવાનો જ છે. તેનો કદિ નાશ થવાનો નથી. જેવી રીતે આદિ સમયના માનવીમાં અને આજના માનવીમાં પરિવર્તનો થયાં છે તેમ ધર્મમાં પણ પરિવર્તનો થતાં રહયાં છે. સર્વે આદિવાસીઓના જીવનમાં તે પણ ધાર્મિક જીવનમાં કંઇક અંશે પરિવર્તનો થતાં રહયાં છે. સમય પલટાતાં વાર લાગતી નથી. "માનવી કરતાં સમય બળવાન છે."

આદિવાસી નાયક કોમમાં પણ ધાર્મિક જીવનમાં ઘણાં પરિવર્તન થયેલાં જોવા મળે છે. જેમકે દેવ-દેવીઓની પૂજા કરતી

વેળાએ અપાતો પશુઓનો વધ સૂક્ષ્મ થતો થાય છે. બીજું કે મરેલાં મૃતદેહ પાછળ ખતરાં બેસાડવા જ જોઇએ એવી માન્યતા નષ્ટ થતી જાય છે. માંદા માણસને આરોગ્ય કેન્દ્ર અથવા દવાખાને લઇ જવો જોઇએ તેમ માનતા થયા છે. મરણ ક્રિયા, શ્રાધ્ધ, પરજણ વગેરે ક્રિયાઓ બ્રાહ્મણો દ્વારા કરાવવી જોઇએ તેવું માનતા થયા છે. ભૂત-પ્રેતના વહેમો - અંધશ્રધ્ધા હળવી બનતી જાય છે. ભગત અને ભૂવાને દેવ-દેવીના પયગંબર ગણતા તે આજે નહિવત જોવા મળે છે.

આવું પરિવર્તન હાલ નાયકાઓ ઉપરાંત ધોડિયા તેમજ અન્ય આદિવાસી પ્રજામાં પણ જોવા મળે છે. દેવીનો "વા" આવ્યો ત્યારથી આદિવાસીઓની સર્વ જાતિઓમાં ધાર્મિક ક્ષેત્રે પરિવર્તન થયું એમ વડવાઓ પણ કહે છે. તે પહેલાં ધાર્મિક બાબતોમાં રૂઢતા, શંકા, કુશંકા, વહેમ તેમજ દ્વેશ ભરપૂર હતા.

જુદા જુદા સંપ્રદાયોના પ્રચાર થવાથી પણ નાયકાઓમાં ધાર્મિક પરિવર્તન થયું છે. નાયકાઓને મોક્ષમાર્ગીય, સતકૈવલ, સદાફલદેવજી, ખ્રિસ્તી, સાંઇબાબા, સનાતન, રામાનંદી અને સતિપતિની પણ ધાર્મિક જીવનમાં અસર જોવા મળે છે.

## પ્રકરણ :: ૬

### સાગટાળા : ૧૯૬૯-૧૯૭૯ તુલનાત્મક સ્થિતિ

૧૯૬૯ ની તપાસ વખતે સાગટાળા ગામમાંથી કુલ ૬૪ કુટુંબોની મુલાકાત લઇ અભ્યાસ હાથ ધર્યો હતો. ચાલુ સાલે પણ તેના તેજ કુટુંબોની મુલાકાત લઇ અભ્યાસ કરવામાં આવ્યો હતો. પરંતુ ૧૯૬૯ ના ૬૪ કુટુંબોમાંથી ૧૯૭૯ માં ૧૫ કુટુંબોના વડા ગુજરી જવાથી અને ૭ કુટુંબના વડાએ સ્થળાંતર કરી ગયેલ હોવાથી ૪૨ કુટુંબોની મુલાકાત લઇ અભ્યાસ હાથ ધર્યો હતો. અહીં આ પ્રકરણમાં ૧૯૬૯ ના તપાસેલા ૬૪ કુટુંબોમાંથી ચાલુ સાલમાં તપાસેલ હયાત કુટુંબોના સંદર્ભમાં તેમની તુલનાત્મક પરિસ્થિતિ જોઇશું.

સાગટાળા ગામની પુનઃતપાસના સમયે કુલ ૪૨ કુટુંબો હયાત હતા. ૧૯૭૯ ના સંદર્ભમાં ૧૯૬૯ ના તે જ કુટુંબોની તપાસ હાથ ધરી હતી. જેની કુટુંબ સંખ્યા કોઠામાં દર્શાવવામાં આવી છે.

### કુટુંબની સભ્ય સંખ્યા :

૧૯૭૯ માં તપાસેલ ૪૨ કુટુંબોની કુલ સભ્ય સંખ્યા ૨૪૦ ની હતી. જેમાં ૧૨૦ પુરૂષો અને ૧૨૦ સ્ત્રીઓ હતી. પુરૂષ અને સ્ત્રીઓની સંખ્યા એક સરખી હતી. જ્યારે ૧૯૬૯ માં કુલ સભ્ય સંખ્યામાં ૧૦૦ પુરૂષો અને ૧૦૬ સ્ત્રીઓ હતી. જેનો ઉપરોક્ત કોઠો - ૧ જોવાથી વધુ ખ્યાલ આવે છે. ૧૯૭૯ કરતાં ૧૯૬૯ની તપાસ વખતે સ્ત્રીઓની સંખ્યા વધુ હતી.

કોઠો - ૧

કુટુંબ સંખ્યા

| વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| કુલ કુટુંબ સંખ્યા | ૪૨ | ૪૨ |
| પુરૂષ | ૧૦૦ (૪૮.૫) | ૧૨૦ (૫૦.૦) |
| સ્ત્રી | ૧૦૬ (૫૧.૫) | ૧૨૦ (૫૦.૦) |
| કુલ ... | ૨૦૬(૧૦૦.૦) | ૨૪૦(૧૦૦.૦) |

કુટુંબનું કદ :

૧૯૬૯ ની તપાસ વખતે નમૂનાના કુટુંબોનું કુટુંબ કદ સરેરાશ ૫ માણસનું હતું. જ્યારે ૧૯૭૯ માં સરેરાશ કુટુંબ કદ ૬ માણસનું થયું હતું. જેનું કારણ એક તો કુટુંબમાં લગ્ન થવાથી અથવા તો નવું બાળક જન્મવાથી વધારો થયેલ જોવા મળયો હતો.

કુટુંબનો પ્રકાર :

૧૯૬૯ ની તપાસ સમયે કુલ કુટુંબમાંથી ૫૨.૪ ટકા કુટુંબો સંયુકત હતા અને ૪૭.૬ ટકા કુટુંબો વિભકત હતા. જ્યારે ૧૯૭૯ ની તપાસ સમયે સંયુકત કરતાં વિભકત કુટુંબની સંખ્યામાં વધારો થયો હતો. જેમાં ૪૫.૩ ટકા કુટુંબો સંયુકત અને ૫૪.૭ ટકા કુટુંબો વિભકત જેવા મળયા હતા. અહીં પણ વિભકત કુટુંબો વધુ થવાનું કારણ લગ્ન થયા પછી છોકરાને અલગ રહેવાનું મકાન આપવામાં આવતું જેથી લગ્ન જીવન સારી રીતે જીવી શકે અને સંયુકત કુટુંબની



કુટુંબના વધારે સભ્યોને પોષવાની જવાબદારી ઓછી થાય તે હતું. બીજું કે જમીનનું પ્રમાણ નહિવત હોવાથી અન્ય ધંધામાં રોકાય જેથી ખેતીની સાથે પૂરક આવક જીવનનિર્વાહ માટે કમાઈ શકે. નીચેના કોઠા - ૨ માં કુટુંબના પ્રકારની માહિતી દર્શાવી છે.

કોઠો - ૨

કુટુંબનો પ્રકાર

| વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| કુલ કુટુંબ સંખ્યા | ૪૨ (૧૦૦.૦) | ૪૨ (૧૦૦.૦) |
| સંયુકત | ૨૨ (૫૨.૪) | ૧૯ (૪૫.૩) |
| વિભકત | ૨૦ (૪૭.૬) | ૨૩ (૫૪.૭) |

નોંધ :- કૌંસમાં આપેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

ઉપરના કોઠામાં કુટુંબનો પ્રકાર જોયા પછી કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ કોઠા - ૩ ઉપરથી જોઈએ. નમૂનાના કુટુંબોમાં ૧૯૬૯ માં કુલ સભ્ય સંખ્યામાંથી ૧૮.૯ ટકા સભ્યો ૬ વર્ષથી નીચેના હતા. ૧૫.૦ ટકા સભ્યો ૭ થી ૧૪ વર્ષની વયના હતા. ૨૭.૨ ટકા સભ્યો ૧૫ થી ૨૫ વર્ષની વયના હતા. ૨૯.૧ ટકા સભ્યો ૨૬ થી ૫૦ વર્ષની વયના હતા. જ્યારે ૯.૭ ટકા સભ્યો ૫૦ વર્ષથી વધુ વયના હતા. જ્યારે ૧૯૭૯ ની તપાસમાં લીધેલા નમૂનાના કુટુંબોમાં કુલ સભ્ય સંખ્યામાંથી ૧૭.૧ ટકા સભ્યો ૬ વર્ષથી નીચેની વયના હતા. જ્યારે ૧૪.૬ ટકા સભ્યો ૭ થી ૧૪ વર્ષની વયના હતા. ૨૦.૮ ટકા સભ્યો ૧૫ થી ૨૫ વર્ષની વયના હતા. ૩૬.૩ ટકા સભ્યો ૨૬ થી ૫૦ વર્ષની વયના અને ૧૧.૨ ટકા સભ્યો ૫૦ વર્ષની વય ઉપરના હતા.

આમ ૧૯૬૯ અને ૧૯૭૯ માં તપાસેલ કુટુંબોમાં ૧૫ થી ૨૫ વર્ષ અને ૨૬ થી ૫૦ વર્ષની વયના સભ્યોમાં ફેરફાર જોવા મળયો હતો. ૧૯૬૯ કરતાં ૧૯૭૯ માં આ સભ્ય સંખ્યાનું પ્રમાણ વિશેષ હતું. જે કોઠા - ૩ ઉપરથી જોઇ શકાય.

કોઠો - ૩

વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| વિગત | ૧૯૬૯ પુરૂષ | ૧૯૬૯ સ્ત્રી | ૧૯૬૯ કુલ | ૧૯૭૯ પુરૂષ | ૧૯૭૯ સ્ત્રી | ૧૯૭૯ કુલ |
|---|---|---|---|---|---|---|
| ૬ વર્ષથી નીચેના | ૧૯ | ૨૦ | ૩૯ (૧૮.૯) | ૨૦ | ૨૧ | ૪૧ (૧૭.૧) |
| ૭ થી ૧૪ વર્ષ | ૧૭ | ૧૪ | ૩૧ (૧૫.૦) | ૧૮ | ૧૭ | ૩૫ (૧૪.૬) |
| ૧૫ થી ૨૫ વર્ષ | ૨૦ | ૩૬ | ૫૬ (૨૭.૨) | ૨૬ | ૨૪ | ૫૦ (૨૦.૮) |
| ૨૬ થી ૫૦ વર્ષ | ૪૦ | ૨૦ | ૬૦ (૨૯.૧) | ૪૨ | ૪૫ | ૮૭ (૩૬.૩) |
| ૫૦ થી ઉપર | ૪ | ૧૬ | ૨૦ (૯:૭) | ૧૪ | ૧૩ | ૨૭ (૧૧.૨) |
| કુલ... | ૧૦૦ | ૧૦૬ | ૨૦૬ | ૧૨૦ | ૧૨૦ | ૨૪૦ |
| ટકા | ૪૮.૫ | ૫૧.૫ | ૧૦૦.૦ | ૫૦.૦ | ૫૦.૦ | ૧૦૦.૦ |

નોંધ :- કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

ઉપરના કોઠા - ૩ માં વયજૂથ પ્રમાણે વર્ગીકરણ જોયા પછી કોઠા - ૪ ઉપરથી કુટુંબના સભ્યોનો વૈવાહિક દરજ્જો તપાસીએ. કોઠા ઉપરથી જોઇ શકાય છે કે ૧૯૬૯ અને ૧૯૭૯ માં પરિણિત સભ્ય સંખ્યાનું પ્રમાણ લગભગ સરખું જોવા મળયું હતું. તેજ



પ્રમાણે અપરિણિત સભ્ય સંખ્યા પણ સરખી જ હતી.

કોઠો - ૪

વૈવાહિક દરજ્જો

| વિગત | ૧૯૬૯ પુરૂષ | ૧૯૬૯ સ્ત્રી | ૧૯૭૯ પુરૂષ | ૧૯૭૯ સ્ત્રી |
|---|---|---|---|---|
| પરિણિત | ૫૬ (૫૬.૦) | ૬૬ (૬૨.૩) | ૭૧ (૫૯.૨) | ૭૫ (૬૨.૫) |
| અપરિણિત | ૩૬ (૩૬.૦) | ૩૪ (૩૨.૧) | ૪૫ (૩૭.૫) | ૪૦ (૩૩.૩) |
| વિધુર / વિધવા | ૬ (૬.૦) | ૪ (૩.૮) | ૩ (૨.૫) | ૪ (૩.૩) |
| છૂટાછેડા | ૨ (૨.૦) | ૨ (૧.૮) | ૧ (૦.૮) | ૧ (૦.૯) |
| કુલ ... | ૧૦૦ | ૧૦૬ | ૧૨૦ | ૧૨૦ |
| ટકા | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૧૦૦.૦) |

કોઠામાં દર્શાવ્યાં મુજબ વિધુર - વિધવાનું પ્રમાણ ૧૯૬૯ માં વધુ હતું. તેજ રીતે છૂટાછેડાના બનાવો પણ ૧૯૬૯ માં વધારે બન્યા હતા.

## કોઠો - ૫

### કુટુંબમાં શિક્ષણ

| વિગત | ૧૯૬૯ પુરૂષ | ૧૯૬૯ સ્ત્રી | ૧૯૭૯ પુરૂષ | ૧૯૭૯ સ્ત્રી |
|---|---|---|---|---|
| અભણ | ૯૨ (૯૨.૦) | ૧૦૦ (૯૪.૩) | ૧૧૩(૯૪.૨) | ૧૧૭(૯૭.૫) |
| ભણેલા | ૮ (૮.૦) | ૬ (૫.૭) | ૭(૫.૮) | ૩(૨.૫) |
| કુલ... | ૧૦૦ | ૧૦૬ | ૧૨૦ | ૧૨૦ |
| ટકા | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૧૦૦.૦) |

કોઠા - ૫ પરથી જોઇ શકાય છે કે નમૂનાના કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ ૧૯૬૯ કરતાં ઘટવા પામ્યુ હતું. ૧૯૬૯ માં કુલ સભ્ય સંખ્યામાં પુરૂષોમાં ૮.૦ ટકા ભણેલા હતા; જ્યારે સ્ત્રીઓ ૫.૭ ટકા ભણેલી હતી: ૧૯૭૯ માં આ પ્રમાણ ઘટીને અનુક્રમે ૫.૮ ટકા અને ૨.૫ ટકા થવા પામ્યુ હતું. એટલું જ નહીં પણ ભણેલા કરતાં અભણની સભ્ય સંખ્યામાં વધારો થયો હતો.

## કોઠો - ૬

### મકાન અને ઝાડની સંખ્યા દર્શાવતો કોઠો

| વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| કુટુંબ સંખ્યા | ૪૨ | ૪૨ |
| મકાન | ૪૬ | ૪૨ |
| ઝાડ | ૮૫૧ | ૧૨૯ |



૧૯૬૯ અને ૧૯૭૯ ની તપાસ વખતે નમૂનાના કુટુંબો પાસે કેટલા ઝાડ હતા તેની માહિતી એકત્રિત કરાઇ હતી. તપાસેલ કુટુંબો પાસે ૧૯૬૯ માં ૪૬ મકાન હતા. જ્યારે ૧૯૬૯ માં ૪૨ મકાનો હતા: જ્યારે ઝાડની સંખ્યા પણ ૧૯૭૯ કરતાં ૧૯૬૯ માં વિશેષ હતી: ૧૯૬૯ માં કુટુંબદીઠ ઝાડની સંખ્યા સરેરાશ ૨૦ ની હતી: જે ઘટીને ૧૯૭૯ માં ૩ ની થઇ ગઇ હતી: આનું કારણ એ ગણાવી શકાય કે દરેક કુટુંબોએ ઝાડનો ઉપયોગ મકાન બાંધકામ અને બળતણમાં કરી નાખ્યો હોવો જોઇએ.

### મકાનનો પ્રકાર :

૧૯૬૯ ની તપાસ સમયે ૪૦ કાચા મકાનો સાંઠીની અને ઈંટ-માટીની દિવાલ વાળા હતા. જ્યારે ૧૯૭૯ માં ૩૯ મકાનો કાચા અને ૩ મકાનો પાકા હતા.

નમૂનાના કુટુંબોના ઘરો ૧૯૬૯ માં ૨૦ ઘરો ૧ ઓરડાવાળા, ૧૦ ઘરો બે ઓરડાવાળા અને ૧૨ ઘરો ત્રણ ઓરડાની સંખ્યા ધરાવતા હતા. ઘરોની દિવાલ પણ લગભગ સાંઠીની અને વાંસની હતી. ઘરના છાજ દેશી નળીયાંથી ૧૯૬૯ માં ૩૪, વિલાયતી નળિયાવાળા ૬ અને ઘાસપાનના છાજવાળા ૨ ઘરો હતા. જ્યારે ૧૯૭૯ માં ૩૬ મકાનો દેશીનળિયા, ૩ વિલાયતી નળિયા અને ૩ ઘાસપાનના છાજવાળા હતા. નમૂનાના કુટુંબોની ઘરની સ્થિતિ અંગે કોઠા - ૭ માં વિસ્તૃત માહિતી દર્શાવી છે.

## કોઠો - ૭

### મકાનનો પ્રકાર

| મકાનનો પ્રકાર | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| કાચું | ૪૦ (૯૫.૨) | ૩૯ (૯૨.૮) |
| પાકું | ૨ (૪.૮) | ૩ (૭.૨) |
| **ઓરડાની સંખ્યા :-** | | |
| એક ઓરડો | ૨૦ (૪૭.૬) | ૨ (૪.૮) |
| બે ઓરડા | ૧૦ (૨૩.૮) | ૨૮ (૬૬.૭) |
| ત્રણ ઓરડા | ૧૨ (૨૮.૬) | ૧૨ (૨૮.૫) |
| **દિવાલનો પ્રકાર :-** | | |
| સાંઠી | ૪૦ (૯૫.૨) | ૩૮ (૯૦.૫) |
| વાંસ | -- | ૪ (૯.૫) |
| ઈંટ, માટી | ૨ (૪.૮) | -- |
| **છાજનો પ્રકાર :-** | | |
| દેશી નળિયા | ૩૪ (૮૧.૦) | ૩૬ (૮૫.૬) |
| વિલાયતી નળિયા | ૬ (૧૪.૩) | ૩ (૭.૨) |
| છાજ | ૨ (૪.૭) | ૩ (૭.૨) |

નોંધ :- કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.



### ઘરવખરીના સાધનો :

૧૯૬૯ ની તપાસ સમયે નમૂનાના કુટુંબો પાસે સૌથી વધુ માટીના વાસણો હતા. ૧૯૭૯ ની તપાસ વખતે માટીના વાસણોની સંખ્યા ઘટવા પામી હતી. જ્યારે એલ્યુમિનિયમના "ઠામ" વાસણોનો વધારો થયો હતો. તેની સંખ્યા ૮૦ થી વધીને ૩૧૭ની થઇ હતી. પિત્તળના વાસણોની સંખ્યામાં પણ વધારો થયો હતો.

તેમની પાસેના અન્ય ઘરવખરીના સાધનો જોઇએ તો ખાટલા કાથીના વધ્યા હતા. મોજશોખના સાધનોમાં ઘડિયાળનો પણ ઉપયોગ કરતા થયા હતા. તપાસેલ કુટુંબોની ઘરવખરી જોઇએ તો ૧૯૬૯ માં કુટુંબદીઠ સંખ્યા (કુલ) ૨૪ ની થતી હતી. જે ૧૯૭૯ માં ૨૫ ની થઇ હતી. માત્ર એકનો વધારો નોંધાયો હતો. ઘરવખરીના જુદા જુદા ઉપયોગી સાધનોનો ખ્યાલ કોઠો - ૮ જોવાથી આવશે.

કોઠો - ૮

ઘરવખરીના સાધનોની સંખ્યા

| વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| તાંબાના વાસણો | ૫ | - |
| એલ્યુમિનિયમ | ૮૦ | ૩૧૭ |
| પિત્તળ | ૬૨ | ૧૫૦ |
| સ્ટીલ | ૧ | - |
| માટી | ૪૪૨ | ૧૭૮ |
| અન્ય | ૧ | ૪૦ |
| ખાટલા | ૧૦૬ | ૧૩૨ |
| ટેબલ / ખુરશી | - | ૩ |
| સાયકલ | - | - |
| ઘડિયાળ | - | ૧ |
| જાળ | ૩ | ૧ |
| ફાનસ / ચીમની | ૪૨ | ૪૩ |
| ટોપલા / ટોપલીઓ | ૧૫૭ | ૧૦૧ |
| ઘંટી | ૪૫ | ૪૨ |
| પેટી | ૧૧ | ૪૭ |
| બેટરી | ૭ | ૧ |
| છત્રી | ૧૩ | ૧૭ |
| અન્ય | ૩૭ | ૧ |
| કુલ... | ૧૦૧૨ | ૧૦૬૫ |
| કુટુંબદીઠ સંખ્યા | ૨૪ | ૨૫ |



પશુધન :

નમૂનાના કુટુંબો પાસેનું પશુધન જોઈએ તો ૧૯૬૯ માં ૪૨ કુટુંબો પાસે ૨૯ ગાયો, ૧૩ ભેંસો, ૬૨ ઘેટાં-બકરાં, ૬૮ બળદ, ૯ વાછરડા, ૪ વાછરડી, ૪ પાડા, ૧૪ પાડી અને ૨૭૯ મરઘાં હતાં. જ્યારે ૧૯૭૯ માં ૨૫ ગાયો, ૧૨ ભેંસો, ૧૬૫ ઘેટાં-બકરાં, ૬૦ બળદ, ૧૨ વાછરડા, ૯ વાછરડી, ૬ પાડા, ૩ પાડી અને ૯૪ મરઘાં હતાં. ૧૯૬૯ પછીના દસ વર્ષના ગાળામાં ગાય, ભેંસ, બળદ અને મરઘાંની સંખ્યામાં ઘટાડો થવા પામ્યો હતો. ૧૯૬૯ માં કુટુંબદીઠ પશુધન ૧૨ નું હતું. જે ૧૯૭૯ માં ઘટીને ૯ નું થયું હતું. પશુધનની વિગતે માહિતી કોઠા - ૯ માં દર્શાવી છે.

કોઠો - ૯

પશુધન

| વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| ગાય | ૨૯ | ૨૫ |
| ભેંસ | ૧૩ | ૧૨ |
| ઘેટાં-બકરાં | ૬૨ | ૧૬૫ |
| બળદ | ૬૮ | ૬૦ |
| વાછરડા | ૯ | ૧૨ |
| વાછરડી | ૪ | ૯ |
| પાડા | ૪ | ૬ |
| પાડી | ૧૪ | ૩ |
| મરઘાં | ૨૭૯ | ૯૪ |
| કુલ... | ૪૮૨ | ૩૮૬ |
| કુટુંબદીઠ સંખ્યા | ૧૨ | ૯ |

## કોઠો - ૧૦

ખેતીના સાધનોની સંખ્યા દર્શાવતો કોઠો

| વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| હળ | ૩૦ | ૩૫ |
| કરબ | ૨૩ | ૩૩ |
| સમાર | ૧૯ | ૩૨ |
| વાવણીયો | ૨૩ | ૩૧ |
| નાના ઓજારો | ૧૪૬ | ૨૨૧ |
| ગાડુ | ૧ | ૧ |
| કૂવો | ૨ | ૨ |
| કુલ ... | ૨૪૪ | ૩૫૫ |
| કુટુંબદીઠ સંખ્યા | ૬ | ૮ |

તપાસેલ નમૂનાના કુટુંબો પાસેના ખેતીના સાધનોમાં બંને વર્ષની તપાસ વખતે ખાસ તફાવત જોવા મળયો ન હતો. કે નવા સાધનોનો ઉપયોગ પણ થતો ન હતો. ૧૯૬૯ અને ૧૯૭૯ ના વર્ષમાં નમૂનાના કુટુંબો પાસેથી ખેતીના સાધનોની લીધેલી માહિતી કોઠા - ૧૦ માં દર્શાવી છે. ૧૯૬૯ માં કુટુંબદીઠ ખેતસાધનોની સંખ્યા ૬ ની હતી. જે વધીને ૧૯૭૯ માં ૮ ની થવા પામી હતી.



## કોઠો - ૧૧

કમાનાર સભ્યોની સંખ્યા

| વિગત | ૧૯૬૯ | | ૧૯૭૯ | |
|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| કમાનાર | ૬૦<br>(૬૦.૦) | ૪<br>(૦.૧) | ૪૨<br>(૩૫.૦) | - |
| કમાનાર પર આધારિત | ૪<br>(૪.૦) | ૭૨<br>(૬૭.૯) | ૩૪<br>(૨૮.૩) | ૭૦<br>(૫૮.૩) |
| નહિ કમાનાર | ૩૬<br>(૩૬.૦) | ૩૦<br>(૩૨.૦) | ૪૪<br>(૩૬.૭) | ૫૦<br>(૪૧.૭) |
| કુલ ... | ૧૦૦ | ૧૦૬ | ૧૨૦ | ૧૨૦ |
| ટકા | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૧૦૦.૦) |

નોંધ :- કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

ઉપરના કોઠમાં દર્શાવેલ આંકડાઓ પરથી જણાય છે કે કુલ કામ કરનારા પુરૂષ સભ્ય સંખ્યામાં ઘટાડો થયો હતો. પ્રથમ તપાસ વખતે કુલ કામકરનાર સભ્ય સંખ્યા ૬૦.૦ ટકા પુરૂષો અને ૦.૧ ટકા સ્ત્રીઓ હતી. જ્યારે ૧૯૭૯ માં કમાનાર સભ્ય સંખ્યામાં ૩૫.૦ ટકા પુરૂષો હતા. પરંતુ કામ કરનારને આર્થિક પ્રવૃત્તિમાં મદદરૂપ થનાર સભ્યોની સંખ્યા વધી હતી. કામ કરતી અને કમાનાર પર આધારિત સભ્ય સંખ્યા ૧૯૬૯ માં ૪.૦ ટકા પુરૂષો અને ૬૭.૯ ટકા સ્ત્રીઓ હતી. આ સંખ્યા વધીને ૧૯૭૯માં ૨૮.૩ ટકા પુરૂષો અને ૫૮.૩ ટકા સ્ત્રીઓ એક યા બીજી રીતે કામ કરતા સભ્યોને આર્થિક પ્રવૃત્તિમાં મદદરૂપ થતી હતી. જ્યારે ૧૯૬૯ ની તપાસ વખતે નહિ કમાનાર સભ્યો અનુક્રમે ૩૬.૦ ટકા પુરૂષો અને ૩૨.૦ ટકા સ્ત્રીઓ બિલકુલ બેકાર હતી.

બીજી તપાસ વખતે બેકારોની સંખ્યામાં પણ વધારો થયો હતો. જેની સંખ્યા અનુક્રમે ૩૬.૭ ટકા પુરૂષો અને ૪૧.૭ ટકા સ્ત્રીઓ બેકાર હતી. સ્વભાવિક રીતે ઉંમર વધતાં અને આર્થિક ભીંસ અનુભવતાં કુટુંબના અન્ય સભ્યો આર્થિક પ્રવૃત્તિમાં મદદરૂપ થાય, આ સિવાય ગામમાં બીજી કોઇ એવી આર્થિક પ્રવૃત્તિ ન હતી. કે જેથી રોજગારીમાં વધારો કરી શકાય.

## જમીન :

ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને ગૌણ વ્યવસાય જંગલ મજૂરીનો હતો. ખેતીના વ્યવસાયનો આધાર જે તે વિસ્તાર-ની જમીન - આબોહવા અને વરસાદ ઉપર રહે છે. સારી જમીન, સારો વરસાદ હોય તો ખેતી ઉત્પાદન વધારી આવક વધુ મેળવી શકાય. પરંતુ આ વિસ્તારની જમીન હલકા પ્રકારની, ઢોળાવ-વાળી અને ઓછી ફળદ્રુપ હોવાથી ચોમાસામાં મકાઇ અને ડાંગર સિવાય અન્ય પાકો લઇ શકાતા નથી. શિયાળુ વાવેતર પણ ખૂબજ ઓછા પ્રમાણમાં થતુ હોય છે. બીજુ કે વરસાદની અનિશ્ચતતાને કારણે ઘણીવાર પાક પણ નિષ્ફળ જાય છે. જેથી ધારેલુ ઉત્પાદન મેળવી શકાતુ નથી. તપાસેલ કુટુંબો પાસે ઓછીવત્તી જમીન હતી. ૧૯૬૯ અને ૧૯૭૯ ની બને તપાસ વખતે જમીનના પ્રમાણમાં ફેરફાર જોવા મળ્યા હતાં.

કોઠા - ૧૨ ઉપરથી જોઇ શકાય છે કે ૧૯૬૯ માં કુલ ૪૨ કુટુંબો પાસે ૧૧૪.૧૫ એકર જમીન હતી. જે ૧૯૭૯ ની તપાસ વખતે જમીનમાં વધારો થયો હતો. ૧૪૮.૧૮ એકર જમીન થઇ હતી. એટલે કે પ્રથમ તપાસ વખતે કુટુંબદીઠ ૨.૭ એકર જમીન હતી. તે વધીને બીજી તપાસ વખતે ૩.૫ એકર થવા પામી હતી. કુટુંબદીઠ જમીનનુ પ્રમાણ વધ્યુ હતુ.



### કોઠો - ૧૨

### જમીનનું પ્રમાણ

| વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ |
| --- | --- | --- |
| કુલ કુટુંબ | ૪૨ | ૪૨ |
| કુલ જમીન | ૧૧૪.૧૫ | ૧૪૮.૧૮ |
| કુટુંબદીઠ જમીન | ૨.૭ | ૩.૫ |

## ખેતી :

નાયકા જાતિનો મુખ્ય ધંધો ખેતીનો હતો. ખેતીના ધંધા સિવાય તેઓ ખેતીમજૂરી, જંગલમજૂરી ને તેમજ વન્ય પેદાશ એકઠી કરીને રોજી-રોટી મેળવતા હતા. આગળ ઉપર જોયા પ્રમાણે ખેતીના સાધનો ધણા ઓછા હોવાથી સારી ખેતી કરી શકતા ન હતા. બીજુ કે સિંચાઇની સગવડોનો અભાવ હોવાથી ચોમાસા સિવાય બીજી ૠતુમાં ઉત્પાદન લેવુ શકય ન હતુ. કોઠા - ૧૩ માં પ્રથમ તપાસ વખતે અને બીજી તપાસ વખતે જુદા જુદા પાકોનુ કેટલુ ઉત્પાદન (કિલોમાં) થતુ હતુ તે દર્શાવ્યુ છે અને ઉત્પાદન પાછળ કેટલુ ખર્ચ થતુ હતુ તે પણ દર્શાવ્યુ છે.

કોઠા નં.૧૩ ઉપરથી જોઇ શકાય છે કે પ્રથા તપાસ વખતે મકાઇનુ ઉત્પાદન જેટલુ થતુ હતુ તે ઘટવા પામ્યુ હતુ અને ડાંગરનુ ઉત્પાદન વધ્યુ હતુ. એજ રીતે અડદ, સામેલ અને તુવેરનુ ઉત્પાદન પણ વધ્યુ હતુ. જ્યારે રોકડીયા પાકોનુ ઉત્પાદન લેતા બંધ થયા હતા. રોકડીયા પાકોમાં કપાસ, મગફળી જેવી જાતોના બિયારણોમાં થયેલા ભાવોના વધારા અને કપાસના બિયારણ

સારા ન આવતાં હોવાથી ખેડૂતોને ખરીદવા મોંઘા પડતા હોવાથી આવા પાકો સામે દુર્લક્ષ સેવતા થયા હતા. બીજું કે ખેતી પણ દિવસે દિવસે ખર્ચાળ થતી હોવાથી આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી આવા પાકો ઉગાડતા જ ન હતા.

કોઠા પરથી જોઇ શકાય છે કે ૧૯૬૯ માં કુલ ઉત્પાદન પાછળ જે ખર્ચ થતુ તેનાથી બમણુ ખર્ચ એક દાયકામાં આવ્યુ હતુ. ખર્ચ વધવાનુ કારણ બિયારણના ભાવોમાં થયેલા વધારા અને રાસાયણિક ખાતરો અને દવાઓના ભાવો વધ્યા હોવાથી ખેતી ખર્ચાળ થઇ હતી.

કોઠો - ૧૩

કુલ ઉત્પાદન (કિલોમાં) ઉત્પાદન ખર્ચ

| વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| મકાઇ | ૭૧૯૦ | ૬૦૭૦ |
| ડાંગર | ૯૯૦ | ૧૦૪૭૦ |
| અડદ | ૬૧૮ | ૧૬૪૦ |
| સામેલ | ૩૫૦ | ૩૫૬૦ |
| તુવેર | ૬૮૦ | ૧૧૨૫ |
| જુવાર | ૫૯૯ | ૬૦ |
| કપાસ | ૫૩૫ | -- |
| કોદરા | ૯૩૬ | -- |
| મગફળી | ૨૬૦ | -- |
| કુલ ઉત્પાદન કિંમત | ૧૯૯૭૨ | ૩૯૪૫૦ |
| ઉત્પાદન ખર્ચ | ૨૯૯૦ | ૧૦૬૩૦ |
| ચોખ્ખી આવક | ૧૬૯૮૨ | ૨૮૮૨૦ |



આવક :

નમૂનાના ૪૨ કુટુંબોની આવકનુ તારણ જોઇએ તો કોઠા-૧૪ માં દર્શાવ્યા મુજબની પરિસ્થિતિ માલૂમ પડી હતી. તપાસેલ કુટુંબોને ખેતી, પશુપાલન, મજૂરી, જંગલમજૂરી, વન્ય પેદાશ, નોકરી અને ઘાસ કાપવું, નીરો વેચવો વગેરે ધંધામાંથી ૧૯૬૯ માં કુલ ૪૧૨૪૫ રૂા.ની આવક થતી હતી. ૧૯૭૯ માં આ ધંધામાંથી મળતી આવક વધીને ૮૮૮૩૧ રૂા.ની થઇ હતી. પ્રથમ તપાસના સમયે જે આવક થતી હતી તે એક દાયકામાં બમણી થઇ હતી. કુટુંબદીઠ આવક પણ ૯૮૨.૦ રૂા. થી વધીને ૨૧૧૫.૦ રૂા. ની થઇ હતી. એજ રીતે માથાદીઠ વાર્ષિક આવક પણ વધીને બમણી થઇ હતી.

કોઠા ઉપરથી જોઇ શકાય છે કે ૧૯૬૯ ની તપાસ દરમ્યાન જુદા જુદા ધંધામાંથી જે આવક પ્રાપ્ત થતી હતી તેમાં લગભગ બધા જ ધંધામાંથી એક દાયકાના ગાળામાં બમણી આવક મેળવતા થયા હતા. પરંતુ દાયકા દરમ્યાન થયેલા ભાવ વધારાને ધ્યાનમાં લઇએ તો તેમની મૂળ આવકમાં કોઇ જ વધારો નોંધાયો ન હતો. ઉલટાનુ જે આવક થતી તેના કરતાં ખર્ચ વધી જતુ હતુ. કોઠા-૧૪ માં જુદા જુદા ધંધામાંથી પ્રાપ્ત થતી આવક દર્શાવી છે.

## કોઠો - ૧૪

### કુલ આવક

| વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| ખેતી | ૧૬૯૮૨ (૪૧.૨) | ૨૮૮૨૦ (૩૨.૪) |
| પશુપાલન | ૩૦૮૩ (૭.૮) | ૯૪૯૦ (૧૦.૭) |
| ખેતમજૂરી | ૨૧૯૮ (૫.૩) | ૬૨૫૫ (૭.૦) |
| જંગલમજૂરી | ૧૨૯૨૪ (૩૧.૩) | ૨૩૮૬૫ (૨૬.૯) |
| વન્ય પેદાશ | ૨૮૩૧ (૬.૯) | ૧૪૯૯૫ (૧૬.૯) |
| નોકરી | ૨૧૬૦ (૫.૨) | ૪૧૧૦ (૪.૬) |
| વેપાર ધંધો | --- | --- |
| અન્ય ધાસ કાપવું, રોડકામ નીરો વેચવો | ૧૦૬૭ (૨.૩) | ૪૯૯૫ (૧.૫) |
| કુલ ... | ૪૧૨૪૫(૧૦૦.૦) | ૮૮૮૩૧(૧૦૦.૦) |
| કુલ કુટુંબદીઠ આવક | ૯૮૨.૦ | ૨૧૧૫.૦ |
| માથાદીઠ આવક (વાર્ષિક) | ૧૯૬.૪ | ૩૫૨.૫ |
| | ૧૬.૪ | ૨૯.૪ |

નોધ :- માથાદીઠ આવક સરેરાશ કુટુંબ કદ ઉપરથી કાઢવામાં આવી છે.

(૧) ૧૯૬૯ માં કુટુંબ કદ ૫ સભ્ય અને

(૨) ૧૯૭૯ માં ૬ સભ્યનું કુટુંબ કદ ગણ્યુ છે.



**વપરાશી ખર્ચ :**

નમૂનાના કુટુંબોનુ ૧૯૬૯ માં કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ જુદી જુદી ચીજવસ્તુઓ પાછળ ૭૦૩.૧ રૂા.નુ હતુ. જે વધીને પુન:તપાસ વખતે લગભગ ત્રણ ધણુ એટલે કે ૧૯૭૪.૬ રૂા. નુ થયુ હતુ. એક દાયકા દરમ્યાન ખર્ચમાં લગભગ ૧૭૫ ટકાનો વધારો થયો હતો. પરંતુ તે લોકો જે જુદી જુદી વસ્તુઓનો ઉપયોગ કરતા તેમાં, વપરાશના માળખામાં ખાસ ફેરફાર થયા ન હતા. ૧૯૬૯ માં અનાજ, દારૂ, શાકભાજી પાછળ જે ખર્ચ થતો હતો તેમાં એક દાયકામાં વધારો થયો હતો. માથાદીઠ વપરાશી ખર્ચ (વાર્ષિક) ૧૪૩.૩ રૂા.થી વધીને ૧૯૭૯ માં ૩૪૫.૬ રૂા. થયો હતો. આમ બન્ને તપાસના વર્ષના ભાવોને ધ્યાનમાં લેતાં તેમના વપરાશી માળખામાં કે જીવનનિર્વાહની સપાટીમાં કોઇ ફેરફાર જોવા મળયો ન હતો. લગભગ દરેક કુટુંબો ગરીબાઇની રેખા નીચે જીવતાં હતાં. તેમના જીવન ધોરણના સ્તરમાં કોઇ ફેરફાર જોવા મળયો ન હતો.

નમૂનાના કુટુંબોનુ ૧૯૬૯ અને ૧૯૭૯ ના વર્ષનુ વપરાશી ખર્ચ કોઠા - ૧૫ માં દર્શાવ્યુ છે.

## કોઠો - ૧૫

### વપરાશી ખર્ચ

| વિગત | ૧૯૬૯ | ટકા | ૧૯૭૯ | ટકા |
|---|---|---|---|---|
| અનાજ | ૧૭૩૪૯ | (૫૮.૮) | ૩૫૯૯૫ | (૪૩.૪) |
| શાકભાજી | ૪૮૭ | (૧.૬) | ૧૫૨૫ | (૧.૮) |
| માંસ-ઈંડા | ૧૧૯૮ | (૪.૧) | ૧૨૧૫ | (૧.૫) |
| દૂધ - ઘી | ૮૮૮ | (૩.૦) | ૨૭૪૫ | (૩.૩) |
| ખાંડ-ગોળ | ૧૧૮૨ | (૪.૦) | ૩૩૭૦ | (૪.૧) |
| તેલ | ૧૧૦૭ | (૩.૭) | ૧૨૧૦ | (૧.૫) |
| ચાહ-કોફી | ૩૧૮ | (૧.૧) | ૭૮૫ | (૧.૦) |
| ગરમમસાલા | ૯૩૭ | (૩.૨) | ૧૮૬૫ | (૨.૨) |
| દારૂ | ૩૬૬ | (૧.૨) | ૨૩૨૫ | (૨.૮) |
| બીડી-તમાકુ | ૯૧૨ | (૩.૧) | ૩૬૮૫ | (૪.૪) |
| બળતણ | ૪૧૭ | (૧.૪) | ૧૨૮૫ | (૧.૫) |
| ફળફળાદિ | - | - | ૭૨૫ | (૦.૯) |
| મુસાફરી | ૨૬૦ | (૦.૯) | ૨૨૦૦ | (૨.૭) |
| કપડાં/જોડા | ૨૪૨૦ | (૮.૨) | ૨૨૪૮૦ | (૨૭.૧) |
| શિક્ષણ | ૨૦ | (૦.૧) | - | - |
| દવાદારૂ | ૨૬૫ | (૦.૯) | ૧૫૨૫ | (૧.૮) |
| સામાજિક ધાર્મિક | ૧૦૦૦ | (૩.૪) | - | - |
| અન્ય | ૪૦૪ | (૧.૩) | - | - |
| કુલ ... | ૨૯૫૩૦ | (૧૦૦.૦) | ૮૨૯૩૫ | (૧૦૦.૦) |
| કુટુંબદીઠ ખર્ચ | ૭૦૩.૧ | | ૧૯૭૪.૬ | |
| માથાદીઠ વાર્ષિક ખર્ચ | ૧૪૩.૩ | | ૩૪૫.૬ | |
| માથાદીઠ માસિક ખર્ચ | ૧૧.૯ | | ૨૮.૮ | |

નોંધ:- કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.



**દેવું :**

નાયકા જાતિની આવકનું પ્રમાણ નીચું હોવાથી તેમને જુદા જુદા હેતુઓ માટે દેવું કરવાની ફરજ પડે છે. નાયકા જાતિ મોટે-ભાગે પોતે ઉત્પાદિત કરેલી ચીજોનું વેચાણ બારિયા મુકામે કરે છે. ખેતપેદાશો પણ બારિયાના વેપારીઓને કરે છે. જરૂરી ચીજ-વસ્તુઓ કપડાં-લત્તાં પણ ત્યાંથી જ ખરીદે છે. જેથી મોટાભાગે દેવા પેટે અનાજ અથવા ઘરેણાં આપવા પડતાં હોય છે. નમૂનાના કુટુંબોની બંને તપાસ સમયની દેવાની પરિસ્થિતિ નીચે મુજબ કોઠા - ૧૬ માં દર્શાવ્યા મુજબની હતી.

કોઠો જેવાથી એ સ્પષ્ટ થાય છે કે પ્રથમ તપાસના સમય કરતાં બીજી તપાસ વખતે દેવાનું પ્રમાણ ઘટવા પામ્યું હતું. દેવાદાર કુટુંબોની સંખ્યા પણ ઘટવા પામી હતી. તેનું મુખ્ય કારણ પાછલું ધિરાણ બાકી હોવાથી અને પોતાની પાસે દેવું કરી રકમ મેળવવા માટે અન્ય કોઇ આધાર રહયો ન હોવાથી દેવું કરતા ન હતા, અને પોતે જે કંઇ ઉત્પાદન કરતા હતા તેમાંથી અને છૂટક કામો દ્વારા પોતાનું જીવન ગુજારતા થયા હતા. કોઠા ૧૬ માં દેવા વિષયક માહિતી દર્શાવી છે.

## કોઠો – ૧૯

### દેવાની માહિતી

| વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| દેવાદાર કુટુંબ | ૩૧ | ૫ |
| કુલ દેવું | ૪૦૮૬ | ૭૦૦ |
| દેવાદાર કુટુંબદીઠ દેવું | ૧૩૧.૮ | ૧૪૦.૦ |

**હેતુવાર દેવું :**

| | | |
|---|---|---|
| મકાન બાંધકામ | ૧૦૦ | – |
| નિર્વાહ ખર્ચ | ૨૩૪૧ | ૩૦૦ |
| ખાતર અને બિયારણ | – | ૪૦૦ |
| ખેત સાધનો | ૧૪૨૦ | – |
| દવાઓ | ૧૦૦ | – |
| સામાજિક | ૧૨૫ | – |
| કુલ... | ૪૦૮૬ | ૭૦૦ |

૧૯૭૯ ની તપાસ સમયે કુલ ધિરાણ બાકી અને નવું ધિરાણ કેટલા કુટુંબોને આપવામાં આવ્યું છે તે નીચે દર્શાવવામાં આવ્યું છે.

૧૯૭૯ની તપાસ સમયે ધિરાણમંડળીના સાગટાળાના કુલ ૩૩ સભાસદોને આગળ ઉપર કરવામાં આવેલ ધિરાણમાંથી ૧૮ સભાસદોનું કુલ ૩૫૭૨ રૂા. જુનું બાકી ધિરાણ હતું. જ્યારે જેનું બાકી ન હતું તેવા ૧૫ સભાસદોને માલના સ્વરૂપમાં અને રોકડમાં કુલ નવું ધિરાણ ૬૩૨૦ રૂા. કરાયું હતું.



**અસ્કયામતો :**

નાયકા જાતિની મિલકતમાં જમીન, ઘર, ઝાડ, પશુધન એ મુખ્ય ગણાવી શકાય. ખાસ કરીને કમાવવાનું અને મિલકતનું મહત્વનું સાધન જમીન છે. નાયકા કુટુંબો પાસે વત્તા-ઓછા પ્રમાણમાં જમીન છે. જો કે વધતી વસ્તીને કારણે જમીનપરનું ભારણ વધતું જાય છે. જમીનના નાના નાના ટુકડાઓ થયેલા જોવા મળે છે. જમીન પછી પશુધન પણ મિલકતનું પૂરક એવું મહત્વનું સાધન ગણાવી શકાય. ઘણા કુટુંબો આ પશુધન આવકના સાધન તરીકે નહિ પણ સમાજમાં પ્રતિષ્ઠાના પ્રતીક તરીકે વિશેષ ઢોર રાખતા હોય છે. તપાસના બંને વર્ષોમાં નમૂનાના કુટુંબોની અસ્કયામતોનું પ્રમાણ કોઠા – ૧૭ માં દર્શાવ્યું છે.

કોઠા ઉપરથી જોઇ શકાય છે કે ૧૯૬૯ માં કુલ અસ્કયામત ૮૩૦૯૦ રૂા. ની હતી. જે ૧૯૭૯ માં વધીને ૪૪૯૨૭૦ રૂા. ની થઇ હતી. કુટુંબદીઠ અને માથાદીઠ અસ્કયામતોમાં પણ વધારો થયો હતો. કુટુંબદીઠ અસ્કયામત પ્રથમ તપાસ વખતે ૧૯૭૮.૩ રૂા. ની હતી. જે વધીને ૧૦૬૯૬.૯ રૂા. ની થઇ હતી. માથાદીઠ અસ્કયામત વધીને એક દાયકામાં ચાર ઘણી થઇ હતી.

## કોઠો - ૧૭

### અસ્કયામત

| વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| જમીનની કિંમત | ૧૦૯૬૦ | ૧૪૮૪૪૦ |
| મકાન | ૧૧૬૩૫ | ૧૦૨૬૦૦ |
| ઝાડ | ૩૦૫૩૪ | ૬૫૭૦૦ |
| પશુધન | ૧૮૪૭૯ | ૯૩૫૧૦ |
| ખેતીના સાધનો | ૫૨૨૪ | ૮૨૬૦ |
| ઘરવખરી | ૪૨૦૮ | ૧૪૫૫૦ |
| ઘરેણાં | ૨૦૫૦ | ૧૬૨૧૦ |
| કુલ ... | ૮૩૦૯૦ | ૪૪૯૨૭૦ |
| કુટુંબદીઠ અસ્કયામત | ૧૯૭૮.૩ | ૧૦૬૯૬.૯ |
| માથાદીઠ અસ્કયામત | ૪૦૩.૩ | ૧૮૭૧.૯ |

આમ આગળ ઉપર જોયા પ્રમાણે નાયકા જાતિમાં કોઇ ખાસ પરિવર્તન જોવા મળયુ ન હતુ. તપાસેલ કુટુંબોની તુલનાત્મક પરિસ્થિતિ પરિશિષ્ટમાં દર્શાવી છે.



## પરિશિષ્ટ

### તુલનાત્મક સ્થિતિ - ૧૯૬૯-૧૯૭૯

| વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| કુલ કુટુંબ સંખ્યા | ૪૨ | ૪૨ |
| કુલ વસતિ | ૨૦૬ | ૨૪૦ |
| કુટુંબ કદ | ૫ સભ્યો | ૬ સભ્યો |
| સંયુકત કુટુંબો | ૨૨ | ૧૯ |
| વિભકત કુટુંબો | ૨૦ | ૨૩ |
| શિક્ષણ - અભણ | ૧૯૨ | ૨૩૦ |
| ભણેલા | ૧૪ | ૧૦ |
| ઘરવખરી (કુટુંબદીઠ) | ૨૪ | ૨૫ |
| પશુધન | ૧૨ | ૯ |
| ખેતીના સાધનો (કુટુંબદીઠ) | ૬ | ૮ |
| કમાનાર - પુરૂષ | ૬૪ | ૭૬ |
| - સ્ત્રી | ૭૬ | ૭૦ |
| કુટુંબદીઠ જમીન (એકરમાં) | ૨.૭ | ૩.૫ |
| કુલ ઉત્પાદન (કિલોમાં) | ૧૯૯૭૨ | ૩૯૪૫૦ |
| ઉત્પાદન ખર્ચ | ૨૯૯૦ | ૧૦૬૩૦ |
| કુટુંબદીઠ આવક (વાર્ષિક) | ૯૮૨ | ૨૧૧૫ |
| માથાદીઠ વાર્ષિક આવક | ૧૯૬ | ૩૫૩ |
| કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ | ૭૦૩ | ૧૯૭૪ |
| માથાદીઠ વર્ષિક ખર્ચ | ૧૪૩ | ૩૪૬ |
| દેવાદાર કુટુંબ | ૩૧ | ૫ |
| કુટુંબદીઠ દેવુ | ૧૩૧ | ૧૪૦ |
| કુટુંબદીઠ અસ્કયામત | ૧૯૭૮ | ૧૦૬૯૭ |
| માથાદીઠ અસ્કયામત | ૪૦૩ | ૧૮૭૨ |